ભૂગોળ

એશિયા, યુરોપ, આફ્રિકા અમેરિકા અને ઓશિયાનિયા.

ભાગ ૨ જો.

(રાતી ધોરણ પાંચ, છ અને સાત માટે)
(અંગ્રેજી ધોરણ એક બે અને ત્રણ માટે.

'ગોહુર અલ્લાહ રચનાર,
તથા ર્અ[illegible]નશાહ કુવરજી ભાગળીઆ,
તે
સંન ૧૮૬,' 'શયતાન કેમલા,' 'શાહુ ચોર,' ઇત્યાદિના લેખક
આસિસ્ટંટ ટિચર ધી દા. કા. તાતા એ. વ. સ્કુલ.

———— :०: ————

ના એક્ટ મુજબ રજીસ્ટર કરવામાં આવી છે.
'ફુઈટ' આવૃત્તિ ત્રીજી.

મુંબઈ.
' પ્રેસ.' માં ગણપતરાવ રામાજીરાવે છાપ્યું છે.

૧૯૧૦

કિમ્મત ચાર આના.

"વડોદરા રાજ્યનાં કેળવણીખાતાં તરફથી ટેક્સ્ટ તરીકે
મંજુર થયલી ભૂગોળ"

ભૂગોળ

એશિયા, યૂરોપ, આફ્રીકા, અમેરિકા અને ઓશિયાનિયા.

ભાગ ૨ જો.

(ગુજરાતી ધોરણ પાંચ, છ અને સાત માટે)
તથા અંગ્રેજી ધોરણ એક બે અને ત્રણ માટે.

રચનાર,

દીનશાહ કુવરજી ભાગળીઆ,

તે

'મેહેરે અલ્લાહ,' 'શયતાન કબલા,' 'શાહુ ચોર,' ઇત્યાદિના લેખક
તથા અસિસ્ટંટ ટિચર ધી દા. કા. તાતા એ. વ. સ્કુલ.

આવૃત્તિ ત્રીજી.

મુંબઇ:
"ફોર્ટ પ્રિન્ટિંગ પ્રેસ." ગણપતરાવ રામાજીરાવે છાપ્યું છે.

૧૯૧૦

કિંમત

મારી તરફનું કાંઇક.

કુદરતના તે મોટા દયાવંત પિતાશ્રીની અનંત મેહેર માટે અતિ નમનતાઇમાં માથું નમાવતો આ અલ્પજ્ઞાની—કર્ત્તા—ફરી પાછો નવીન આવૃત્તિ સાથે આવી ઉભો છે. મારે માટે આ શુભ અવસર આણવા તે પરમાત્માનો જેટલો આભાર માનું તેટલો થોડો છે.

આ મારા લઘુ પુસ્તકના પહેલા ભાગમાં જો કે હું પુરતું બોલી ચૂક્યો છું, છતાં આ ભાગ ને સદંતર કોરડો રાખવા મને ગમતું નથી આ ભાગની પુરી થયલી છેલ્લી આવૃત્તિમાં ભુગોળ વિશે બોલતાં મેં જણાવ્યું હતું કે.

" ભુગોળનો સામાન્ય હેતુ દુનિયાના દેશો તથા રહેવાસીઓને લગતું સામાન્ય જ્ઞાન આપવાનો છે. ભુગોળના અભ્યાસથી મનને કેળવણી મળે છે તથા નકશા તેમજ નમુનાઓ બતાવી કુદરતના સ્વરૂપોનું વર્ણન કરાવવાથી અવલોકન શકિત ખીલે છે. હકીકતો જોડાવવાથી તથા પુનરાવર્તન કરાવવાથી સ્મરણ શકિતને સ્ફુર્તિ મળે છે તથા હકીકતોનો મુકાબલો કરાવી સામાન્ય શોધો કરાવવાથી તર્ક શકિત વધુ પ્રફુલ્લિત થાય છે.

ભુગોળનો વિષય ઉપલા વર્ગમાં શીખવતા ફકત ચોપડીઓમાં આપેલા સમાવેશ પરજ સંતોષ રાખવાની જરૂર નથી, પરંતુ જે જે

નવા ફેરફારો તથા નવીન શોધો થતી રહે તે પણ વર્તમાન પત્રો પરથી મેળવી ચાલુ જ્ઞાન આપતા રહેવું જોઇએ. ભૂગોળનો વિષય રસીક કરવા માટે છોકરાઓ પાસે પ્રશ્નોતર કરાવવા અથવા વાર્તા કહી સંભળાવવી અને એવી બીજી ચીજો ઉપયોગમાં લેવી. ભૂગોળનાં શિક્ષણ માટે ખાસ જરૂરી ચીજોમાં પુસ્તક શાળા, નિશાળનું મ્યુઝયમ, આકૃતિ બનાવવા માટે માટી વગેરનો છુટથી ઉપયોગ, આકૃતિઓ, ઐતિહાસિક લખાણો અને વર્તમાન પત્રો તેમજ ભૂગોળને લગતાં ચિત્રોનો સમાવેશ થાય છે. કોરા નકશા યા નાના નકશા દરેક બાળકના હાથમાં શિક્ષણ વખતે હોય તો મોટો ફાયદો થવાનો સંભવ છે.'

આ બીજો ભાગ મારા તરફના બે બોલ વિના છોડવા ગમતો નથી. ઈંગ્લાંડમાં હાલ સત્તા સમાન ગણાતી પ્રોફેસર મીકલ જોનની બનાવેલી 'ન્યુ કમપરેટીવ જીઓગ્રાફી'ની છેલ્લામાં છેલ્લી આવૃત્તિનો આ ભાગ સદંતર અરક છે એમ જો હું કહીશ તો તેમાં કશું ખોટું નથી. તદ્દનજ up-to-date બનાવવા સાથે મારાં આ પુસ્તકને તદ્દન સાદું, સહેલું અને જ્ઞાન આપનારૂં કરવા મેં મારૂં બનતું કર્યું છે. આ આવૃત્તિમાં રાજ્યકિય સાથે વ્યાપારી ભૂગોળનું સારૂં જ્ઞાન મળે એવું ટુંકમાં બંધ બેસતી રીતે સમાવવામાં આવેલું છે. પહેલાં પ્રકરણો જે ગુજરાતી ભૂગોળોમાં નવિન શરૂઆત છે તેમાં ખાસ સુધારો વધારો કરી છોકરાઓને ઉપયોગનાં કરવામાં આવ્યા છે તથા પ્રત્યેક દેશની પેદાશ માટેનો છેવટનો ક્રમવાર કોઠો આ લઘુ પુસ્તકની બીજી શોભા છે. દરેક જગ્યાનું રસીલું વર્ણન કરવા માટે ખાસ સંભાળ લેવામાં આવી છે. એમ છતાં હું મારા પ્રયાસમાં કેટલો ફત્તેહમંદ થયો છું તે મારે મોઢે ન જણાવતાં મારા પરિક્ષકોને સોપું છું.

આ નવિન આવૃત્તિના પહેલા ભાગની પેઠે આ બીજો ભાગ પણ વડોદરા રાજ્યનાં કેળવણી ખાતાંએ પોતાનાં ઠેરાવ નં. ૧ મુજબ પસંદ કરી 'ટેક્સ બુક' તરિકે મંજુર કર્યો છે અને તે માટે હુ આ કેળવણી ખાતાંનો તેમજ તેના વિદ્વાન વડા મે૦ આદરજી મેહેરનોસજી મસાની એમ. એ. બી. એસ. સી નો આભારી થયો છું. જો કે છેલ્લી આવૃત્તિના આ ભાગ કરતાં હાલની નવિન આવૃત્તિન આ ભાગમાં ઘણો સારો સુધારો વધારો કરવામાં આવ્યો છે, છતાં કેળવણીના ફેલાવા અર્થે મેહેરબાન મસાની સાહેબના હુકમ અનુસરી કિમ્મતમાં ઉલટો એક આનો ઓછો કરવામાં આવ્યો છે.

નકશા માટે હું પહેલા ભાગમાં પુરતું બોલી ચુકયો છું, છતાં મારા તે શબ્દો હવાં પાછા કરીશ. નકશાઓ દાખલ કરી ગુજરાતી ભૂગોળોમાં નવિન શરૂઆત કરવાની મને ઉમેદ હતી પણ હું જેવા માંગતો હતો તેવા ગુજરાતી નકશાઓ હાલમાં મને ન મળી શકવાથી આવૃત્તિ સચિત્ર થતી રહી ગઈ છે. જેવી ઇશ્વિરેચ્છા ! છતાં મારાં મનની ઉમેદ ઝાઝોવાર દુર રહેશે એમ લાગતું નથી; કેમકે આવતે વર્ષ મારી ભુગોળમાં હું તેવા ગુજરાતી નકશાઓ દાખલ કરી શકીશ. વડોદરા રાજ્યનાં કેળવણી ખાતાંએ મારા તરફ બતાવેલી ઉદારતા ચાલુ રહેશે તો સાદા અને સફાઇદાર નકશા દાખલ કરતાં હું ચુકીશ નહિ. નકશા દાખલ કરતાં પુસ્તકની કિમ્મતમાં થોડો વધારો કરીશ, છતાં મને તો તે લાભ કારી થશેજ નહિ, પણ મારાં આ લઘુ પુસ્તકોને નમુનેદાર બનાવવાની અભિલાષામાં હું તે ભોગવી લઇશ.

આ આવૃત્તિમાં મને કિમતી મદદ કરનારા કેટલાક ગૃહસ્થોનો ઉપકાર માનવાની હું આ તક જવા દેવી ઠીક ધારતો નથી. આ

આવૃત્તિ તૈયાર થતાં વડોદરા રાજ્યની મેલ ટ્રેનીંગ કોલેજના વિદ્વાન પ્રિન્સિપાલ, મી૰ નંદનાથ કે. દીક્ષીત એઓએ જે જે કિમતી સુચનાઓ કરી છે તથા મારૂં અસલ લખાણુ તપાસી પોતાનો સંતોષ જણાવ્યો છે તે માટે હું તેમનો ખરાં જીગરથી અત્રે ઉપકાર માનું છું. મી. દીક્ષીત પછી આ આવૃત્તિમાં મદદ કરનારા તથા સુચનાઓ સાથે મારૂં અસલ લખાણુ તપાસનારા કેળવણીના ઉસ્તાદો, શેઠો છગનલાલ ટી. મોદી. એજ્યુ. ઇન્સ. કડી પ્રાન્ત; ચુનીલાલ ક. પટેલ. એજ્યુ. ઇન્સ. નવસારી પ્રાન્ત;મગનલાલ સી. દેસાઇ. એજ્યુ. ઇન્સ. વડોદરા પ્રાન્ત; ગોરધનદાસ નો. કાજી, એજ્યુ. ઇન્સ. અમરેલી પ્રાન્ત; ખંડેરાવ મા. શ્રંગારપુરે, મરાઠી ડે૰ એજ્યુ. ઇન્સ. વડોદરા રાજ્ય; ગોવીંદભાઇ હા. દેસાઇ, સેનસસ સુપ્રીન્ટેડેન્ટ, વડોદરા રાજ્ય અને જે. એફ. માદન, ડે૰ એજ્યુ. ઇન્સ. મુંબાઇ (રીટાયર્ડ) નો હું ઉભરાતાં જીગરે ઉપકાર માનું છું. આ ઉપરાંત કેળવણીનાં કાર્યમાં ઉત્સાહથી ભાગ લેતા બીજા જે જે વિદ્વાનોએ મને મદદ કરી છે તેમનો પણ આભાર માનું છું.

બહુ થયું. આ લઘુ પુસ્તક વડોદરા રાજ્યની સ્કુલોના શિક્ષકોના હાથમાં મુકવા પહેલાં આશા રાખીશ કે મારી જે જે ખામીઓ રહી હોય તે તે તરફ મારૂં લક્ષ ખેંચવાની મેહેરબાની કરવી, કે જેથી નવિન આવૃત્તિમાં ભૂલો રહે નહિ; કેમકે મારૂં પુસ્તક અનેક આવૃત્તિઓ જોય અને તે એક નમુનેદાર શાળોપયોગી પુસ્તક થાય એવી મને મોટી ઉમેદ છે. એકવાર ફરીથી વડોદરા રાજ્યનાં કેળવણી ખાતાંનો તથા તેના વિદ્વાન વડાનો તેમજ મને મદદ કરનારા મેહેરબાનો તથા વિદ્વાનોનો ઉપકાર માનવા સાથે આ આવૃત્તિ ઝડપથી

છાપી મને પૂર્ણ સંતોષ આપવા માટે હું 'ફોર્ટ પ્રિન્ટિંગ પ્રેસ'ના માલેકોનો ઉપકાર માનું છું.

નવસારી

૧–૧૦–૧૦ દીનશાહ ફ. ભાગળથા.

ભૂગોળ

એશિયા, યૂરોપ, આફ્રિકા, અમેરિકા અને ઓશિયાનિયા

ભાગ ૨ જો

સામાન્ય જ્ઞાન

વ્યાખ્યાઓ.

ભૂગોળ એ બે શબ્દ મળીને થયલો છે. ભૂ એટલે પૃથ્વી અને ગોળ=ગોળો, એટલે પૃથ્વીનો ગોળો અને વિધ્યા એટલે જાણવું. એ પ્રમાણે ભૂગોળનો એવો અર્થ થાય છે કે પૃથ્વીના ગોળા વિષેનું જ્ઞાન. ભૂગોળ વિદ્યાથી પૃથ્વીના રાજ્યકિય વિભાગો, વસ્તિ, વિસ્તાર, રાજ્યનીતિ વગેરે વગેરે બાબતો જાણાય છે. પરમેશ્વરે જુદે જુદે ઠેકાણે જુદી જુદી જાતની હવા, જુદાં જુદાં પ્રાણીઓ અને-વનસ્પતિઓ બનાવેલી છે તો તે સઘળું કયા દેશમાં છે તે તથા જુદા જુદા દેશોની રીતભાત શી શી છે. તથા જે તે દેશની પ્રજાની સ્થિતિ કેવી છે, વગેરે આખી દુનિયાનું સામાન્ય જ્ઞાન મુસાફરી કર્યા વિના ભૂગોળનાં શિક્ષણથી મળે છે.

ભૂગોળના ભાગો.

હાલમાં ભૂગોળને ચાર વિભાગોમાં વહેંચવામાં આવી છે.

૧. **ખગોળ ભૂગોળ** ૨. **ગણિત ભૂગોળ** ૩. **ભૂતળ ભૂગોળ** ૪. **રાજક્રિય અને વ્યાપારી ભૂગોળ.**

જે વિદ્યાથી આપણી પૃથ્વી સૂર્ય મંડળના એક ગ્રહ તરિકે છે, એવું જ્ઞાન થાય છે તેને **ખગોળ ભૂગોળ** કહે છે.

જે વિદ્યાથી પૃથ્વીના આકાર, કદ તથા તે વગેરેનું જ્ઞાન થાય છે તેને **ગણિત ભૂગોળ** કહે છે.

જે વિદ્યાથી કુદરતી જાનવરો, પ્રાણીઓ અને જડ પદાર્થોના બાબતમાં થતા ચમત્કારો, ઋતુ, પવન તથા જમીન વગેરેનું ભાન થાય છે તેને **ભૂતળ ભૂગોળ** કહે છે.

જે વિદ્યાથી પૃથ્વીના લોકો કેટલી જાતોમાં વહેંચાયલા છે તથા કયા રાજયની કેટલી સત્તા છે, કેટલી વસ્તિ છે તે વગેરેનું જ્ઞાન થાય છે તેને **રાજક્રિય ભૂગોળ** કહે છે.

દરેક દેશનાં પ્રાણી, વનસ્પતિ અને ખનિજ ઉત્પન્ન શું છે તથા નિકાશ અને આયાત શું છે, તેનું જ્ઞાન જે વડે મળે છે તેને **વ્યાપારી ભૂગોળ** કહે છે.

ખગોળ ભૂગોળ.

જે અસંખ્ય તારાઓ આપણે રાત્રે આકાશમાં જોઇએ છે તથા જેઓ પરસ્પર સંબંધ બદલતા નથી તેમને **જડ થયલા તારાઓ** કહે છે. તેમને પોતાની રોશની હોતી નથી, છતાં તેઓ કદમાં મોટા હોય છે અને આપણી પૃથ્વીથી કરોડો માઇલ દુર છે.

જડ થયલા તારાઓ ઉપરાંત આકાશમાં બીજા તારાઓ છે કે જેઓ પરસ્પરનો સંબંધ ચાલુ બદલતા રહે છે અને તેઓને **ગ્રહો** અથવા **ધુમકેતુ** કહે છે તેમની રોશની ઝળઝળ થઇ ઝાંખ મારતી નથી પણ તે ચોક્કસ હોય છે. ધુમકેતુઓ પોતાની સાથની રોશનીવાળી પૂછડીથી જાણવામાં આવે છે.

સૂર્ય જડ થયલા તારાઓમાંનો એક હોઈ, અતિ ઘણી રોશની ધરાવનારો છે તથા પૃથ્વી ગ્રહોમાંનો એક છે.

ગણિત ભૂગોળ.

પૃથ્વી ગોળ છે પણ તે ગોળાકારમાં લગભગ નારંગીને વધુ મળતી આવે છે. **પૃથ્વી ગોળ છે.** પૃથ્વી સપાટ દીસે છે, કેમકે આપણુને એક્કી વખતે તેનો થોડોજ ભાગ માલમ પડે છે. તે ગોળ છે એમ સાબીત થઇ ચુકયું છે; કારણુકે દૃષ્ટિ મર્યાદા જે આપણે જોઇએ છે તેનો આકાર ગોળ છે. (૨) જયારે એક વહાણુ જમીન તરફ આવે છે ત્યારે પહેલાં તેનો સઢ. ડોળ અને છેવટે નીચલો ભાગ દેખાય છે. વહાણુ જમીનથી દુર જાય છે ત્યારે પહેલાં નીચલો ભાગ દેખાતો બંધ થાય છે અને છેવટે સઢ દેખાતો નથી. પૃથ્વી જો સપાટ હોતતો એમ બનતે નહિ. (૩) પૃથ્વીની જે છાયા ચંદ્રપર ગ્રહણુ વખતે પડે છે તે હમેશાં ગોળ છે. (૪) પૃથ્વીની વારંવાર પ્રદક્ષિણા થઈ છે અને તે ગોળ સિદ્ધ થઇ ચુકી છે.

પૃથ્વીનો વ્યાસ પૂર્વથી પશ્ચિમ તરફ ૭,૯૨૬ માઇલ છે, જ્યારે **વ્યાસ તથા પરિધ** તેનો ઘેરાવો ૨૪,૯૦૦ માઇલ છે.

પૃથ્વીની ગતિ.

સૂર્ય એ પૃથ્વી કરતાં બાર લાખ ગણો મોટો છે અને સૂર્યનું તેજ તેની આસપાસ ફરતાં ગ્રહ મંડળના દરેક ગ્રહને મળે છે. ગ્રહ મંડળના દરેક ગ્રહની પેઠે પૃથ્વી પણ ફરે છે. તેની ફરવાની બે મુખ્ય રીતો છે. ૧. તે એક ભમરડાની પેઠે પોતાની ધરી ઉપર ફરે છે. ચોવીસ કલાકમાં તે આવો એક ફેરો ફરી રહે છે તેથી જે ભાગ સૂર્ય તરફ આવે છે ત્યાં **દિવસ** થાય છે અને જે ભાગો અંધકારમાં રહે છે ત્યાં **રાત્રી** થાય છે. તે ધરીના બંને છેડાને **ધ્રુવો** કહે છે. જ્યારે આપણે ઉત્તર છેડા ભણી જોઇએ છે ત્યારે ડાબા હાથ તરફ પશ્ચિમ દિશા અને જમણા હાથ તરફ પૂર્વ દિશા આવે છે.

૨. પૃથ્વી સૂર્યની આસપાસ ૩૬૫¼ દિવસમાં બરાબર ફરી રહે છે. આ પ્રમાણે એક **વર્ષ** થાય છે.

ચંદ્ર.

ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે. પૃથ્વીથી ચંદ્ર આશરે ચોવીસ લાખ માઇલ દુર છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ ૨૭⅓ દિવસમાં ફરી રહે છે તેમજ તે પોતાની ધરી પર પણ ફરે છે. તેની ફરવાની આ બંને ગતિઓ સરખી છે તથા તે ઉપરાંત પૃથ્વી સાથે ચંદ્ર પણ સૂર્યના આસપાસ ફરે છે. ચંદ્રમાં પોતાનું તેજ નથી, પણ તે સૂર્યના તેજથી પ્રકાશિત થાય છે.

ગ્રહણો.

પૃથ્વી અને સૂર્યની વચમાં ચંદ્ર આવતાં સૂર્યનાં કિરણો ઢંકાય છે ત્યારે **સૂર્ય ગ્રહણ** થાય છે. જ્યારે ચંદ્ર અને સૂર્યની વચમાં પૃથ્વી આવે છે અને તેનો પડછાયો ચંદ્ર ઉપર પડે છે ત્યારે **ચંદ્ર ગ્રહણ** થાય છે.

અમાસ ને ચાંદરાત. જ્યારે ચંદ્ર સૂર્ય અને પૃથ્વીની વચ્ચે આવે છે અને ગ્રહણનો જોગ થતો નથી ત્યારે **અમાસ** થાય છે. **ચાંદરાત.** આ એકસરખી લીટીથી જ્યારે ચંદ્ર સહેજ ઉંચો જાય છે ત્યારે **ચાંદરાત** થાય છે. જ્યારે ચંદ્રને સૂર્યની વચ્ચે પૃથ્વી આવે છે અને ગ્રહણનો સંજોગ થતો નથી ત્યારે **પૂનેમ** થાય છે.

વિષુવવૃત. પૃથ્વીના ગોળાની આસપાસ ઉત્તર અને દક્ષિણ ધ્રુવો વચ્ચે સમાંતર ફેર રાખી જે લીટીઓ દોરવામાં આવેલી છે તેને **વિષુવવૃત** કહે છે.

અક્ષાંસ રેખાંસ. વિષુવવૃતથી ઉત્તર અથવા દક્ષિણ ધ્રુવ તરફના તફાવતને **અક્ષાંસ** કહે છે. એક ધ્રુવથી બીજા ધ્રુવ તરફ પૃથ્વીની આસપાસ ધારી લીધેલી લીટીઓ દોરવામાં આવે છે, તેને મધ્યાન્હ રેખા કહે છે. એક ચોકકસ મધ્યાન્હ રેખાથી પૂર્વ અથવા પશ્ચિમ બાજુના તફાવતને **રેખાંશ** કહે છે.

ભૂતળ વિદ્યા.

ક્ષેત્રફળ. પૃથ્વીની સપાટીનું ક્ષેત્રફળ એક કરોડ સતાણું લાખ ચોરસ માઇલ છે. જેમાંનો પોણો ભાગ પાણી અને પા ભાગ જમીનનો છે. ઉત્તર ગોળાર્ધમાં જમીનનો પોણો ભાગ છે.

હવા પાણી. પૃથ્વીના ઢાંકણ તરિકે પાણીને ગણવામાં આવે છે અને તે સાથે હવાને બીજું ઢાંકણ ગણે છે, જે વાતાવરણમાં પૃથ્વીની ચોમેર વિંટલાયલી રહે છે. આ બે ઢાંકણો પૃથ્વીપર વસતી જીંદગી માટે અનિવાર્ય જરૂરનાં છે. સૂર્યની ગરમી છતાં તેમના વગર પૃથ્વી જલદીથી ઠંડી બની, જીવ વિનાનો ઢગલો થઈ જાય.

જમીન.

હકીકત. આપણને માનવાને કારણો મળે છે કે આ જમીન એક પીગળેલી ચીજ ઉપરનું પડ છે. બનવા જોગ છે કે પૃથ્વી આગળ ઘણી ગરમ હતી અને તેમાં દરેક ચીજ અવાહી હતી, પણ ધીમે ધીમે ઠંડી થતાં તેની સપાટીપર પડ બંધાતું ગયું, જે ધીમે ધીમે વધતું જાય છે. ખાણ ખોદનારાઓ જ્યારે ખોદે છે ત્યારે તેઓને માલમ પડે છે કે જેમ જેમ તેઓ

અંદર ઉતરે છે તેમ તેમ જમીન ગરમ લાગતી તેમને જણાય છે.

પહાડ

કેટલીક જગ્યાઓમાં આ બંધાતું પડ અંદરના જોરસાને લીધે કે આસપાસના દબાણને લીધે ઉપસી આવે છે તેથી ત્યાં મોટા ડુંગરો પહાડો અને પહાડોની હારથાય છે.

જવાળા મુખી.

જવાળા મુખી પર્વતો તેમને ગણવામાં આવે છે કે જેમના શિખરમાં બાંકારાં હોય છે, કે જેનો સંબંધ ઉંડાણમાં આવેલા ગરમ પ્રવાહી સાથે છે. એ પર્વતોમાંથી ઉનો રસ ધુળ, પથરા, રાખ વગેરે નીકળી ઉંચે ચઢે છે.

ધરતીકંપ

વારંવાર અંદરના જોશને લીધે ઉપરનાં બંધાતાં આ પૃથ્વીનાં પડને આચકા લાગી હાલવાની જરૂર પડે છે. આ ધ્રુજવાને ધરતીકંપ કહે છે.

બાજી શકિતઓ.

જમીનને બનાવવા માટે જુદી જુદી શકિતઓ ચાલુજ છે, પણ તેની સામેની બીજી કેટલીક શકિતઓ છે કે જે તેની આડે આવે છે; કેમકે જો તેમ ના હોય તો ભવિષ્યમાં પૃથ્વી એક સપાટ મેદાન જેવી થઇ જાય.

પાણી.

આપણે જોયું છે કે પૃથ્વીનો પોણો ભાગ પાણીથી ઢંકાયલો છે.

પાણીની શકિતઓ.

આ ભાગ ઘણો અગત્યનો છે. જીદંગીના દરેક આકાર માટે તે અતિ ઉપયોગી છે. તે ઉપરાંત ગરમી ખેંચવાની તેનામાં શકિત હોવાથી તે ગરમી અને ઠંડીનું મોટું મધ્યસ્થાન છે.

પાણીના આકારો.

સૂર્યના તાપથી નદી, નાળાં, દરિયા વગેરેનું પાણી ગરમ થઇને વરાળ રૂપે ઉંચે ચઢે છે અને તે પાણી રૂપી જુદા જુદા આકારમાં પૃથ્વીપર પડે છે તે આકારોને વાદળ, વરસાદ, ધુમસ, ઝાકળ, બરફ, કરાં વગેરે કહેછે. વરાળ હવા કરતાં હલકી છે તેથી તે ઉપર ચઢે છે; વરાળ ભેગી થવાથી **વાદળાં** બને છે તે આકાશમાં ઉંચે જણાય છે; પણ તે જ્યારે નીચે ઉતરે છે ત્યારે **ધુમસ** કહેવાય છે. વાદળાંને ઠંડક લાગે ત્યારે તેમાંથી વરાળનાં પાણીના ટીપાં બને છે. તે ભારે હોવાથી હવા તેને ઝીલી શક્તી નથી. એથી તે **વરસાદ** રૂપે નીચે પડે છે. જમીનપરની હવા ધીમે ધીમે ઠંડી થાય છે તેથી હવામાંની વરાળનાં પાણીનાં ઝીણાં ટીપાં બંધાય છે. વળી જમીનમાંથી તથા પાંદડામાંથી વરાળ નીકળે છે તેનાં પણ એવાં ટીપાં બંધાય છે. તે ઘાસ અને ઝાડપર ઠરે છે. એને **ઝાકળ** કહે છે. હવામાં સર્વથી ઉપરનો ભાગ ઠંડીવાળો હોવાથી ત્યાં પાણીના ટીપાં ઠરી જાય છે. તેજ હાલતમાં ભારી થતાં તે હેઠળ આવે છે; પણ જો હેઠળની હવાપણ ઠંડી હોય તો તે **બરફ** કે **કરાં**નાં આકારમાં પૃથ્વીપર પડે છે.

પાણીનું ફરવું.

પાણીની ગતિ.

ગુરૂત્વાકર્ષણ અને ગરમીની અસરથી પાણી જમીન તરફ ખેંચાય છે અને પાછું જમીન તરફથી સમુદ્ર તરફ ખેંચાય છે. દરિયાની સપાટીપરથી જથ્થાબંધ

પાણી સૂર્યના તાપને લીધે વરાળ રૂપે ઉંચે ચઢે છે. પવન આ પાણીવાળી હવાને જમીન તરફ લઈ જાય છે, જયાં તે વરસાદ, બરફ, વગેરે આકારમાં પડે છે અને ઝરાઓ, નદીઓ વગેરે આ પાણી પાછું સમુદ્ર તરફ લઇ જાય છે.

નદી અને શાખા.

ઉંચી જગ્યાએથી દરિયા કે સરોવર તરફ વહેતા મીઠાં પાણીના ઝરાને **નદી** કહેવામાં આવે છે. એક નદી બીજી નદીમાં મળી પોતાનું પાણી તેમાં રેડે છે ત્યારે તેને **શાખા** કહે છે. જે જમીનને નદી પોતાના પ્રવાહમાં ભીંજવે છે તેને **નદીનું તળ્યું** કહે છે.

પ્રવાહ

નદીના ત્રણ પ્રવાહ છે. ઉંચો પ્રવાહ, પહાડી મુલકમાંજ હોય છે, કે જયાં ધોધો પડે છે. મધ્યમ પ્રવાહ ખાણો અને ટેકડીઓ પર થઇને હોય છે. આ પ્રવાહ તરફની જમીન ફળદ્રુપ હોય છે અને ત્રીજો પ્રવાહ તે નીચો પ્રવાહ છે; આવા પ્રવાહવાળી જગ્યાએ દિવાલો, બંદો, વગેરે બાંધવાની જરૂર પડે છે, કેમકે ત્યાં પાણી વિશેષ હોય છે.

સરોવર

જમીનની સપાટીપરનાં કુદરતી નીચાણમાં એકઠાં થયલાં પાણીને **સરોવર** કહે છે. આ બે પ્રકારનાં હોય છે: પહાડ અને સપાટ પ્રદેશનાં. પહાડી સરોવરો ઉંડાં, ઉભા કિનારાનાં, લાંબા, સાંકડા, ડાળદાર વિનાના પણ સુંદર દેખાવના હોય છે ત્યારે સપાટ પ્રદેશનાં છાલકાં, ઢળતા કિનારાનાં, પોહળાં, એકજ આકારના તથા ખાસ તૈયાર કરવામાં આવેલાં દેખાય છે.

પાણીના બે મોટા વિભાગો છે. **દર્યાઈ પાણી** અને **મહાદ્વીપ વિભાગો. પાણી.** આ બન્નેમાં નીચલો ફેર છે:

૧. મહાદ્વીપના પાણી કરતાં દર્યાઇ પાણીમાં ખાર વધુ પ્રમાણમાં હોય છે. ૨. દર્યાઈ પાણીનું બંધારણ બદલાઇ ન શકે એવું છે. ૩. તેના મોજા, ભરતી તથા ઝરાઓની હિલચાલો ખાસ છે. ૪. ઉંડાઇ વધુ છે. ૫. તેનાં પાણી વધુ ચલકતાં અને વધુ આસમાની રંગનાં છે.

ભરતી ઓટ

દરિયાનું પાણી દિવસમાં બે વાર ચઢે છે અને ઉતરે છે તેને ભરતીઓટ કહે છે. આ ભરતીઓટનું કારણ સૂર્ય અને ચંદ્રનું આકર્ષણ છે, પરતું ચંદ્રનું આકર્ષણ વધુ છે; કેમકે તે પૃથ્વીની વધુ નજદીકમાં છે. ભરતીઓટનો નિયમ સામાન્ય ગુરૂત્વાકર્ષણના નિયમ પ્રમાણે છે, કે જે પ્રમાણે દરેક ચીજ એક બીજાને તેના કદ અને તફાવત પ્રમાણે ખેંચે છે.

જુવાળ

દર અમાસ અને પૂનમે ચંદ્ર સૂર્ય અને પૃથ્વી એકજ લીટીમાં આવે છે. તે વખતે ચંદ્ર અને સૂર્યનાં ભેગાં આકર્ષણથી મોટી ભરતી આવે છે, તેને જુવાળ કહે છે.

ઝરાઓ

સમુદ્રની અંદરના ઝરા સમુદ્રનો એક અગત્યનો ભાગ છે. તે ઝરાઓને સમુદ્રમાં મોટી નદીઓના નામે સહેલાઇથી ઓળખી શકાય. હવાના ફેરફારથી, પાણીના ઉંડાણથી તથા પવનથી આ ઝરાઓ થવા પામે છે.

હવા.

હવા

પૃથ્વીની આસપાસ દરેક બાજુએ જે પાતળું પડ વિંટલાયલું છે તેને હવા કહે છે. તે મોટી ઉંચાઇએ જઈ શકે છે, પણ જેમ જેમ તે પડ ઉંચું ચઢે છે તેમ તેમ તે પાતળું બનતું જાય છે. પાણીની પેઠે આ પૃથ્વી પરની દરેક જીંદગીના ટેકા સારૂ હવાની અતિ જરૂર છે.

તત્વો

હવા ચાર તત્વોની બનેલી છે. ઓકિસજન અને નાઇટ્રોજન; જેમાનું પહેલું તત્વ એક ત્યારે બીજું ત્રણ ભાગ એમ પ્રમાણ ગણવામાં આવ્યું છે. ત્રીજું તત્વ તરિકે કાર્બોનિક નામની હવાને ગણવામાં આવેલી છે. ચોથું તત્વ પાણીની વરાળ છે. પહેલું તત્વ દરેક પ્રાણીને જરૂરનું છે અને ત્રીજું વનસ્પતિ માટે અગત્યનો ભાગ ભજવે છે.

બેરોમીટર

હવા જો ગરમ થાય છે તો તે ફેલાઇ જઇ પાતળી થાય છે અને જ્યારે ઠંડી થાય છે ત્યારે ભારે થાય છે. ભારે થવાથી તે થોડી જગ્યા રોકે છે અને ભારનું દબાણ નીકળી જતાં તે પાછી હલકી થાય છે. હવા સ્થુળ ચીજ હોવાથી તેને વજન હોય છે અને તેથી જે જે ચીજોને તે અડકે છે તે તે નાપર દબાણ કરે છે. હવાના દબાણ માપનારા યંત્રને **બેરોમીટર** કહે છે.

થરમોમીટર

અમુક જગ્યાની વાતાવરણનું બંધારણ મુખ્ય ત્રણ ચીજો પર આધાર રાખે છે. ૧. સૂર્યના કિરણોનો પ્રકાશ. ૨. સૂર્યના પ્રકાશનો વખત અને ૩. સમુદ્રની સપાટીથી જગ્યાની ઉંચાઇ. આ માપનારાં યંત્રને **થરમોમીટર** કહે છે.

પવન

જ્યારે પૃથ્વીની સપાટીપરની હવા ગરમ બની, પાતળી થઇ ઉંચે ચઢી જાય છે ત્યારે તેની જગ્યાએ ભારી હવા આવેછે અને તે પણ પાતળી થઈ ઉંચે ચઢે છે. આથી પવન થાય છે. એટલે કે પૃથ્વીની સપાટીપરથી એકથી બીજી બાજુએ જતો હવાનો પ્રવાહ તે **પવન** છે.

પવનના પ્રકારો

પવનના જુદા જુદા પ્રકારો તેમની દિશા એટલે જે જગ્યાએથી પવન ફુંકે છે તે દિશાપર તથા તેમનાં બળ, નિયમિતપણું અને બંધારણ પર આધાર રાખે છે. પવનનાં બળમાં તોફાનો, વંટોળ્યાઓ વગેરે સમાય છે. જુદી જુદી જગ્યાએ થતા તોફાની પવનોને જુદાં જુદાં નામથી ઓળખવામાં આવે છે. તોફાની પવન વધુમાં વધુ કલાકના દોઢસો માઇલની ઝડપે જાય છે. બંગાળના ઉપસાગરમાં ફુંકતા તોફાની પવનને 'સાઇકલોન' કહે છે; ચિનાઈ સમુદ્રમાંના ને 'ટાઇફુન'; પશ્ચિમ હિંદી દ્વીપોમાંના ને 'હરીકેન'; અર્બસ્તાનમાંના ને 'સીમુમ'; ઇજીપ્તનાં રણના ને 'ખામસીન'; આફ્રિકાના અંદરના ભાગમાંના ને 'સીરોકો' તથા અતિ જોશથી ફુંકતા પવનને 'ટોરનેડો' કહે છે.

વેપારી પવન

પૃથ્વીના ઇશાન અને અગ્નિ ખૂણા તરફથી નીકળતા પવનો વેપારી પવનો ગણાય છે. આ પવનો સમુદ્રમાં ઘણીજ શાંતીથી ફુંકે છે. તેઓ ઉત્તર અને દક્ષિણ ધ્રુવો તરફથી નીકળી વિષુવવૃત્ત તરફ વાય છે. તેમનો પ્રવાહ સમશીતોષ્ણ કટિબંધ તરફ વધુ છે. આ કટિબંધોવાલી જગ્યામાં પુષ્કળ વરસાદ પડે છે.

દુનિયાના કેટલા ભાગોમાં ઋતુના ફેરફાર સાથે પવનનો ફેરફાર થાય છે એટલે એક દિશામાંથી ઉનાળામાં પવન ફુંકે છે તો મુખ્ય કરી તે શિયાળામાં તેની ઉલટી દિશાથીજ ફુંકે છે. આ પવનને **ચોમાસું પવન** કહે છે.

ચોમાસું પવન.

જેમ હવા ઉંચી ચઢેલી હોય છે તેમ તેમાં વરાળને નામે ઓળખાતો અદ્રશય ભીનાશ વધુ હોય છે.

ભીનાશ

જ્યારે દરિયા કે પાણીના ભાગોના કિનારાપરના જમીનના ભાગો ઘણા ગરમ થાય છે ત્યારે ત્યાંની ગરમ હવાની જગ્યાએ દરિયા આદિનો શીતલ પવન આવે છે. રાતના પાણી પોતાની ગરમી છોડે છે ત્યારે જમીનનો ઠંડો થયલો પવન ત્યાં જાય છે. આને પવનની લહેકી કહે છે.

પવનની લહેકી

રેતુ

એક જગ્યાની હવા જો તેમાં વસતી વનસ્પતિ અને પ્રાણીઓની જીંદગીને માફકસરની હોય તો તેને ઋતુનું નામ આપી શકાય છે. એક જગ્યાની ઋતુ જાણવા માટે નીચલી ચીજો જાણવી જરૂરની છેઃ—૧. અક્ષાંસ, રેખાંશ. ૨. ઉંચાઇ. ૩. પાણીના ભાગો. ૪. પર્વતો. ૫. પવનના પ્રકાર. ૬. વરસાદ. ૭. સમુદ્રનો પ્રવાહ અને ૮. જમીનનો કુદરતી ગુણ.

પૃથ્વીની પ્રદક્ષિણા વખતે ઉત્તર ધ્રુવ સૂર્ય તરફ ઢળે છે અને બીજી વખતે દક્ષિણ ધ્રુવ ઢળે છે. આથી વસંત ઉનાળો, પાનખર અને શિયાળાની ઋતુઓના ફેર ફાર થાય છે. આકાશમાં દિવસના સૂર્ય કેટલો

ફેરફાર.

વખત સુધી તેજ આપે છે તે પરથી તથા સૂર્યનાં કિરણો જે રીતે પૃથ્વીપર પડે છે તે રીતથી ઋતુ પારખી શકાય છે. મધ્ય વસંત અને મધ્ય પાનખરમાં રાત દિવસ સરખાં છે. ઉનાળામાં દિવસ લાંબો છે તથા શિયાળામાં રાત લાંબી છે.

જમીનપર અસર.

જમીન કરતાં પાણી વધુ ગરમી ખેંચે છે, પણ તે ધીમેથી ગરમ થાય છે અને ધીમેથી પાછી ગરમી છોડે છે તેથી પાણીના મોટા જથ્થા નજદીકના દેશોની ઋતુપર અસર થાય છે. જે દેશ, ખંડની મધ્યાનમાં હોય અને ત્યાં જમીન તરફનોજ પવન આવતો હોય ત્યાં ઘણીજ ગરમી અને ઘણીજ ઠંડી હોય છે. જે જમીન સખત અને રેતી વાળી છે તે દીવસના ઘણી ગરમી ખેંચી રાતના ઝડપથી પાછી છોડે છે. જંગલવાળી જગ્યા પાણીવાળી હોય છે તેથી તે ધીમેથી ગરમી છોડે છે.

પાણી અને જમીનના મોટા વિભાગો.

પૃથ્વીના બે મોટા વિભાગો કરવામાં આવ્યા છે. પૂર્વ ગોળાર્ધ અને પશ્ચિમ ગોળાર્ધ. આ બંન્ને ગોળાર્ધ વચ્ચે નીચલી સરખામણી છે. બંન્ને પૂર્વથી પશ્ચિમે મોટી લંબાઇ ધરાવે છે. બંન્નેની શંકવાકૃતિ દક્ષિણ તરફ છે. બંન્નેનો એકેક ખંડ આફ્રિકા અને દક્ષિણ અમેરિકા, જમીનના મોટા ભાગથી છૂટો પડેલો છે.

જમીનના વિભાગો

જમીનના છ મોટા વિભાગો કરવામાં આવેલા છે. ૧. એશિયા. ૨. યુરોપ ૩. આફ્રિકા ૪. ઉત્તર અમેરિકા. ૫. દક્ષિણ અમેરિકા અને ૬. ઓશિયાનિયા. પૃથ્વીનું ક્ષેત્રફળ બધું મળીને પાંચ કરોડ અને વીસ લાખ ચોરસ માઇલનું છે.

પાણીના પાંચ મોટા ભાગો છે, જેમનાં નામ આરટિક, એનટારટિક આટલાંટિક, પાસિફિક અને હિંદી મહાસાગરો છે આ મહાસાગરોનું ક્ષેત્રફળ ચૌદ કરોડને પચાસ લાખ માઇલ છે.

પાણીના વિભાગો

આરટિક મહાસાગર યૂરોપ, એશિયા અને ઉત્તર અમેરિકાની તથા ઉત્તર ધ્રુવની વચ્ચે છે. એનો મુખ્ય ટાપુ ગ્રીનલેન્ડ છે, અને એમાંથી શ્વેટ સમુદ્ર નીકળે છે. આ મહાસાગરમાં બરફ ઘણા મહિના સુધી રહે છે.

એનટારટિક મહાસાગર દક્ષિણ ધ્રુવ આગળ છે. આરટિક કરતાં આ મહાસાગર વધુ ઠંડો અને ઉંડો છે. આ મહાસાગરમાંથી ભરતી અને જુવાળના પાણી નીકળી બીજા મહાસાગરો અને સમુદ્રોમાં જાય છે.

આટલાંટિક મહાસાગરમાં કોઇપણ મહાસાગર કરતાં નદીઓનું પાણી વિશેષ આવે છે. તે નવી અને જુની દુનિયાને છૂટી પાડવાને બદલે જોડે છે. તેનો આકાર S જેવો છે. આ મહાસાગરપર મોટો વેપાર ચાલે છે. તેને લગતા સમુદ્રો: ઉત્તર સમુદ્ર, બાલટિક અને ભૂમધ્ય સમુદ્ર છે, કે જે છેલ્લા સમુદ્રનાં પાણી મારમોરા, કાળા અને આઝોવના સમુદ્રમાં ચાલુ રહેલાં છે. આ બધા પૂર્વ બાજુએ છે જ્યારે પશ્ચિમ બાજુએ હડસન ઉપસાગર, મેકસીકોનો અખાત ને કેરેબીઅન સમુદ્ર છે.

પાસિફિક મહાસાગર દુનિયાંનો મહાસાગર ગણાય છે. તે આટલાંટિક કરતાં બેવડો છે. એના કિનારાપર મોટાં બંદરો છે.

એને લગતા સમુદ્ર બહેરિંગ, ઓખોટસ્ક, જાપાની, પીળો અને ચીનાઇ સમુદ્રો છે.

હિંદી મહાસાગર—ચોમાસાનાં વરસાદનો મુલક ગણાય છે. તે આફ્રિકા, એશિયા અને આસ્ટ્રેલિયાની વચ્ચે આવેલો છે. તેને આટલાંટિક અને પાસિફિકની પેઠે આરટિક મહાસાગર સાથે સંબંધ નથી પણ એનટારટિક સાથે છે. એના સમુદ્રો અરબી અને રાતો સમુદ્ર છે. એમાં બંગાળના ઉપસાગરના તથા ઇરાની અખાતના પાણી પડે છે.

દુનિયામાં વસતી જીંદગી

વનસ્પતિ જીંદગી.

વનસ્પતિની જરૂર.

વનસ્પતિ જીંદગી માટે જે બે ચીજોની અવશ્ય જરૂર છે, તે તાપ અને ભીનાશ છે. જયારે વરસાદ ઘણો પડે છે અને તાપ પણ સારો હોય છે ત્યારે વનસ્પતિ પુર બહારમાં ખીલી નીકળે છે. ઉપરની બે ચીજો સાથે વનસ્પતિને અજવાળાંની પણ જરૂર છે.

જે જગ્યામાં વનસ્પતિ જીંદગી બીલકુલ હોતી નથી, તે જગ્યાને વેરાન કહે છે. આ જગ્યાઓમાં પાણી ઘણું ખરૂં હોતું નથી.

ઉત્પત્તિ.

જુદા જુદા દેશોમાં ઉગતી જુદી જુદી વનસ્પતિને જુદું જુદું હવાનું પ્રમાણ જોઇએ છે. કોઇને વધુ તાપની તો કોઇને વધુ ભિનાશની, તો કોઇને બંનેની સમધારણ ઋતુની જરૂર છે.

પ્રાણી જીંદગી.

પ્રાણીઓની જીંદગી માટે ગરમી, ખોરાક અને પાણી વગેરેની અવસ્ય જરૂર છે. જેમ વનસ્પતિનો આધાર હવા પર છે તેમ પ્રાણીઓનો આધાર પણ તેજ છે.

પ્રાણી આધાર.

જુદા જુદા દેશોમાં જુદી જુદી હવાને લીધે જુદાં જુદાં જાનવરો પેદા થાય છે. કોઈ જગ્યામાં તે મોટાં તો કોઈ જગ્યાએ ઠિંગણાં તો કેટલેક ઠેકાણે મધ્યમ કદનાં હોય છે.

લોકો.

વિધ્યા, કહેતી, કહાંણીઓ વગેરે આપણને ખુલ્લું બનાવી આપે છે કે દુનિયામાં વસતાં સઘળાં માણસો ભાઇબંધ છે અને તેઓ એકજ કુટુંબનાં છે.

એકજ કુટુંબ

આખી દુનિયાની વસ્તિ છેલ્લી ગણત્રી પ્રમાણે એક અબજ અને પચાસ કરોડ છે. આ વસ્તીમાં મુખ્ય ત્રણ જાતો છે, ૧. **કોકેશિયન**, એમાં યુરોપની, એશિયાના વાયવ્ય કોણની, ઉત્તર આફ્રિકાની અને અમેરિકાના મોટા ભાગની પ્રજા સમાયલી છે. તેમને સફેદ ચામડી, ગોળ ચેહેરો, સીધાં ભવાં ને લાંબા રેશમ જેવા બાલો છે. ૨. **મંગોલિયન**, એમાં એશિયાના બાકીના ભાગની પ્રજા આવે છે. તેમને પીળા રંગની ચામડી, ઝીણી આંખો અને જાડા બાલો છે. ૩ **ઇથોપિયન**, એમાં આફ્રિકાના મધ્ય અને દક્ષિણ ભાગની પ્રજા તથા ઓસ્ટ્રેલિયાના આગળા રહીશો છે. તેમને જાડું નાક, જાડા હોઠો, કાળી ચામડી અને ટુંકા, જાડા, કરચળીવાળા બાલો છે.

વસ્તિ

કામના પ્રકાર

મજુરી, ખેતી, વણુતકામ વ્યાપાર, વિધ્યા હુન્નર આદિ માણસ જાતનાં કામોના મુખ્ય પ્રકાર છે.

વસવાટ

માણુસ જાત એક એવું પ્રાણી છે કે જે તદ્દન એકલું રહેવું પસંદ કરતું નથી, તેથી તે ગામડાં, શેહેરો વગેરે ઠેકાણે સાથે રહે છે. જ્યાં ખેતી, વ્યાપાર તથા હુન્નર આદિના સાંધનો હોય છે ત્યાં શેહેર જલદી હસ-તીમાં આવે છે.

રાજયો

દુનિયામાં રાજ્યોના બે ભાગ છે: ૧ બાદશાહી, એટલે જ્યાં રાજાની સત્તા સર્વોપરી હોય તે અને ૨. પ્રજા સત્તાક, એટલે પ્રજા રાજય ચલાવે તે.

વસ્તિ વિભાગ.

એશિયામાં	૮૦	કરોડ	પ્રજા	છે.
યૂરોપમાં	૩૮	,,	,,	,,
આફ્રિકામાં	૧૬	,,	,,	,,
અમેરિકામાં	૧૪	,,	,,	,,
ઓશિયાનિયામાં	૪	,,	,,	,,

ધર્મો.

ખ્રિસ્તી, મુસલમાની, હિંદુ, બૌદ્ધ મુખ્ય ધર્મો દુનિયામાં છે. એ સિવાય યાહુદી, પારસી વગેરે ઘણા ધર્મો છે. ખ્રિસ્તી ધર્મ, યુરોપ અને અમેરિકાનો છે, તે હાલ વધુ ફેલાતો જાય છે. મુસલમાની, પશ્ચિમ એશિયા અને ઉત્તર આફ્રીકામાં છે. હિંદુ, હિંદુસ્તાનમાં છે. બૌધ્ધ, પૂર્વ એશિયામાં છે. -

ખ્રિસ્તી ધર્મ	૪૭	કરોડ	લોક	માને	છે.
મુસલમાની ધર્મ	૧૯	,,	,,	,,	

હિંદુ ધર્મ	૨૦	કરોડ	લોક	માને	છે.
બૌધ્ધ ધર્મ	૨૮	,,	,,	,,	
બીજા જુદા જુદા ધર્મો	૩૮	,,	,,	,,	

દુનિયામાં લગભગ ચાર હઝાર ભાષા બોલાય છે, જેમાંની સાત

ભાષા. ભાષા મુખ્ય છે.

ચીનાઇ ભાષા...	૪૦	કરોડ		લોક	બોલે	છે.
અંગ્રેજી ,, ...	૧૩	,,		,,	,,	
રૂશિયન ,, ...	૧૦	,,		,,	,,	
હિંદી ,, ...	૯	,,		,,	,,	
જર્મન ,, ...	૯	કરોડ	૪૦ લાખ	લોકો	બોલે	છે
સ્પેનિશ ,, ...	૪	,,	૮૦	,,	,,	,,
ફ્રેન્ચ ,, ...	૪	,,	૫૦	,,	,,	,,

વ્યાખ્યાઓ.

ખંડ—ઘણા દેશો મળી થયલા ભાગને ખંડ (Continent) કહે છે.

દેશ—ઘણા ઇલાકા મળીને થયલા ભાગને દેશ (Country) કહે છે.

પૃથ્વી—ઘણા ખંડો મળીને આખી પૃથ્વી (the World) થાય છે.

દ્વિપ—જેની ચારે બાજુએ પાણી અને વચમાં જમીન તેને બેટ, ટાપુ અથવા દ્વિપ (Island) કહે છે.

ટાપુઓનું ગુચ્છળું—ઘણાં ટાપુઓ મળીને થયલાં ગુચ્છળાંને ટાપુઓનું ગુચ્છળું (Archipelago) કહે છે.

દ્વીપકલ્પ—જેની ત્રણ બાજુએ પાણી અને એક બાજુએ જમીન તેને દ્વિપકલ્પ (Peninsula) કહે છે.

સંયોગીભૂમિ—જમીનના બે મોટા ભાગોને સાંધનારા જમીનના નાના ભાગને સંયોગીભૂમિ (Isthmus) કહે છે.

ભૂશિર—જમીનની અણી લાંબી થઇને સમુદ્રમાં ગયલી હોય તેને ભૂશિર (Cape) કહે છે.

પર્વત—સપાટ જમીન કરતાં બહુ ઉંચી થયલી જગ્યાને પર્વત (Mountain) કહે છે; પણ પર્વત, ટેકરા (Hill) કરતાં બહુ ઉંચો છે.

જવાળામુખી પર્વત—જે પર્વતને મથાળેથી ધુમાડો, રાખ, ઉનો રસ નીકળે છે તેને જવાળામુખી (Volcano) અથવા બળતો પહાડ કહે છે.

મેદાન—સપાટ જમીનના વિસ્તારને મેદાન (Plain) કહે છે.

કિનારો—દરિયાની પાસે આવેલી જગ્યાને કિનારો (Coast) કહે છે.

સમુદ્ર—ખારાં પાણીના મોટા ભાગને સમુદ્ર (Sea) કહે છે.

મહાસાગર—સમુદ્ર કરતાં ખારાં પાણીના મોટા ભાગને મહાસાગર (Ocean) કહે છે.

સરોવર—ચારે બાજુએ જમીન હોય અને વચ્ચે પાણીનો મોટો જથ્થો હોય તેને સરોવર (Lake) કહે છે.

અખાત—સમુદ્રની અણી લાંબી થઇને જમીનમાં ગયલી હોય તેને અખાત (Gulf) કહે છે.

ઉપસાગર—પહોળા મોઢાંના અખાતને ઉપસાગર (Bay) કહે છે.

સામુદ્રધુની—પાણીના બે મોટા ભાગને સાંધનારા પાણીના નાના ભાગને સામુદ્રધુની અથવા સંયોગીજળ (Strait or Sound) કહે છે.

નદી—પર્વત, ડુંગર કે સરોવરમાંથી મીઠાં પાણીનો રેલો નીકળી સમુદ્ર કે સરોવરને જઇ મળે છે તેને નદી (River) કહેછે.

શાખા—મોટી નદીમાંથી વહેતી નાની નદીને તેની શાખા (Tributary) કહે છે.

એશિયા ખંડ. (Asia)

હકીકત—માણુસ જાતનું પ્રથમનિવાસ સ્થાન. અસલનાં મહાન રાજ્યોનું સ્થળ તથા તમામ ધર્મોનું મૂળસ્થાન આ દેશ છે. આર્ય પ્રજાનું પ્રથમ સ્થાન એજ છે તથા યૂરોપની હાલ બોલાતી ભાષાનું મૂળ પણ એશિયા છે. આ ખંડ લગભગ મોટે ભાગે બીજા ખંડો સાથે જોડાયલો જેવો છે. અમેરિકા અને એશિયા વચ્ચે બેહરીંગની સામુદ્રધુની છે. બધા ખંડોમાં આ ખંડ મોટો છે તથા દુનિયાની વસ્તિનો અડધો ભાગ અંહિયાં છે. યૂરોપ સાથે આ ખંડ એટલો બધો જોડાયલો છે કે કેટલાક ભૂગોળવેત્તાઓ આ બન્ને ખંડોને જોડી 'યૂરેશીઆ' નામે તેમને ઓળખે છે. આ ખંડ, યૂરોપ ખંડને ઘણીક બાબતમાં મળતો આવે છે. એનો સૌથી ઉંચો પ્રદેશ મધ્યમમાં છે.

વિસ્તાર—આ ખંડ આશરે ૫૫૦૦ માઇલ પહોળો અને ૫૯૯૦ માઇલ લાંબો છે. જમીનનો વિસ્તાર એક કરોડ ને ૭૫ લાખ ચોરસ માઇલનો છે.

સીમા--ઉત્તરે, આરટિક મહાસાગર (Arctic Ocean); પૂર્વે પાસિફિક મહાસાગર (Pacific Ocean); દક્ષિણે, હિંદી મહાસાગર. (Indian Ocean); પશ્ચિમે, ભૂમધ્ય સમુદ્ર (Mediterranean Sea); રાતો સમુદ્ર (Red Sea), કાસ્પીઅન સમુદ્ર (Caspian Sea) અને યૂરલ પર્વત (Ural Mountain).

પૂર્વમાં.

સમુદ્રો—ચીનાઇ સમુદ્ર (Chinese Sea)–હિંદી ચીનની પૂર્વે છે
પીળો સમુદ્ર (Yellow Sea)—ચીન ને કોરિયાની વચ્ચે છે.

જાપાની સમુદ્ર (Japanese Sea)-કોરિયા અને જાપાનની વચ્ચે છે.

ઓખોટસ્કનો સમુદ્ર (Okhotosk)-સૈબીરિયા ને અમેરિકાની વચ્ચે છે.

દક્ષિણમાં.

અરબી સમુદ્ર (Arabian Sea)-હિંદુસ્તાન અને આફ્રિકાની વચ્ચે છે.

પશ્ચિમમાં.

રાતો સમુદ્ર (Red Sea)-અર્બસ્તાનની પશ્ચિમે છે.

આર્કીપેલેગો સમુદ્ર (Archœpelago Sea)-એશિયાઇ તુર્કસ્તાનની પશ્ચિમે છે.

અખાતો.

ઉત્તરમાં.

ઓબીનો અખાત—સૈબીરિયાની વાયવ્યે છે.
(Obi;)

પુર્વમાં

નાનકીનનો અખાત (Nanking.)-ચીનાઇ સમુદ્ર આગળ છે.

સિયામનો અખાત (Siam)-સિયામની દક્ષિણે છે.

દક્ષિણમાં.

એડનનો અખાત (Aden)—રાતા સમુદ્ર આગળ છે.

ઇરાની અખાત (Persian)—ઇરાન અને અર્બસ્તાનની વચ્ચે છે.

ઓમાનનો અખાત (Oman)—ઇરાનની દક્ષિણે છે.

કચ્છ અને ખંભાતનો અખાત (Kutch, Cambay)-હિંદુસ્તાનની પશ્ચિમે છે.

મનારનો અખાત (Manar)—હિંદુસ્તાન અને સીલોનની વચ્ચે છે.

માર્ટાબાનનો અખાત (Martaban)—હિંદુસ્તાનની પુર્વે છે.

સામુદ્રધુનીઓ.

બાબલમાંડબ (Babelmandeb)—રાતો સમુદ્ર ને હિંદી મહાસાગરને જોડે છે.

ઓર્મંઝ (Ormuz)—ઈરાની અખાત અને અરબી સમુદ્રને જોડે છે.

પાક (Palk)—મનારનો અખાત અને હિંદી મહાસાગરને જોડે છે.

મલાક્કા (Malacca)— હિંદી મહાસાગર અને ચીનાઈ સમુદ્રને જોડે છે.

કોરિયા (Korea)—પીળો સમુદ્ર અને જાપાની સમુદ્રને જોડે છે.

બેહરીંગ (Behring)—બેહરીંગનો સમુદ્ર અને આરટિક મહાસાગરને જોડે છે.

દ્વીપો.

ઉત્તરે.

લીઆકોવ (Liakov)—આરટિક મહાસાગરમાં છે.

દક્ષિણે.

આન્ડમાન અને નીકોબાર (Andaman; Nicobar)—બંગાળાના ઉપસાગરમાં છે.

સીલોન (Ceylon)—હિંદુસ્તાનની દક્ષિણે છે.

લકદીવ અને માલદીવ (Laccadives, Maldives)—અરબી સમુદ્રમાં છે.

પુર્વે.

ફીલીપાઇન (Philippine)—ચીનાઇ સમુદ્રની પુર્વે છે.

હેનાન (Hainan)—ચીનની દક્ષિણે છે.

ફોર્મોસા (Formosa)—ચીનની પૂર્વે છે.
જાપાન (Japan)—કોરિયાની પૂર્વે છે.
સેઘેલીઅન (Saghalien)—તાર્તરીનો અખાત અને ઓખો-
ટસ્કના સમુદ્રની વચ્ચે છે.
ક્યુરીલ (Kurile)—સૈબીરિયાની પૂર્વે છે.

પશ્ચિમે.

રોડ્ઝ અને સાઈપ્રસ (Rhodes, Cyprus)—ભૂમધ્ય
સમુદ્રમાં છે.

દ્વિપકલ્પો.

પૂર્વે.

કામચાટકા (Kamchatka)—સૈબીરિયાની પૂર્વે છે.
કોરિયા (Korea)—ચીનાઈ રાજ્યની પૂર્વે છે.

દક્ષિણે.

અર્બસ્તાન, હિંદુસ્તાન, હિંદી ચીન.
Arabia; India; Indo-China.

પશ્ચિમે.

એશિય માઇનોર (Asia Minor)—કાળા સમુદ્ર અને
ભૂમધ્ય સમુદ્રની વચ્ચે છે.

ભૂશિરો.

ઉત્તરે.

ચેલ્યુસકીન (Chelyuskin)—સૈબીરિયાની ઉત્તરે. છેક
ઉત્તર બિંદુ છે.

પૂર્વે.

પૂર્વ ભૂશિર (East Cape)—સૈબીરિયાની પુર્વે.- છેક પુર્વ
બિંદુ છે.

લોપાટકા (Lopatka)—કામચાટકાની દક્ષિણે છે.

દક્ષિણે.

કેમ્બોડીઆ (Cambodia)—કોચીન ચાનની દક્ષિણે છે.

રોમાનીઆ (Romania)—મલાયાની દક્ષિણે. છેક દક્ષિણ બિંદુ છે.

નીગ્રેસ (Negrais)—બ્રહ્મદેશની દક્ષિણે છે.

કોમોરીન (Comorin)—હિંદુસ્તાનની દક્ષિણે છે.

રાસલ હદ (Rasel Hadd)—અર્બસ્તાનની પૂર્વે છે.

પશ્ચિમે.

બાબા (Baba)—એશિયા માઈનારની પશ્ચિમે છે.

પર્વતો.

ઉત્તરે.

આલટાઇ (Altai)—સૈબીરિયાની અગ્નિએ છે.

પૂર્વે.

ખીંગાન (Khingans)—ચીનમાં છે. આ જ્વાળા મુખી પર્વતો છે.

દક્ષિણે.

હિંદુકુશ (Hindukush)—અફઘાનીસ્તાનની ઉત્તરે છે.

હિમાલય (Himalaya)—હિંદુસ્તાનની ઉત્તરે છે. દુન્યામાં એ સૌથી મોટો છે. મુખ્ય શીખર એવરેસ્ટ.

પશ્ચિમે.

યૂરલ (Ural)—એશિયાઇ રૂશિયાની પશ્ચિમે છે.

તૌરસ (Taurus)—એશિયાઇ તુર્કસ્તાનમાં છે.

કૉકેસસ (Caucasus)—કાળા સમુદ્ર અને કારપીઅન સમુદ્રની વચ્ચે છે.

એલબુર્ઝ (Elburz)—ઇરાનની ઉત્તરે છે.

મધ્યે.

થીઆનશાન અને કવેનલીન (Thianshan; Kuenlin) } —ટીબેટની ઉત્તરે છે.

કારાકોરમ (Karakorum)—ટીબેટમાં છે.

રણો.

અરબી રણ (Arabia)—અર્બસ્તાનની દક્ષિણે.

થારનું રણ (Thar)—હિંદુસ્તાનની ઉત્તરે.

ગોબીનું રણ (Gobi)—ચીનની ઉત્તરે.

નદીઓ.

ઉત્તર મહાસાગરમાં પડનારી નદીઓ:

ઓબી, એનેસી, અને લેના (Obi, Yenesei, Lena) } —સૈબીરિયામાંથી વહેછે. ઓબી, આલતાઇ પર્વતમાંથી તથા લેના, બેઇકલ સરોવર આગળના પર્વતમાંથી નીકળેછે.

પાસિફિક મહાસાગરમાં પડનારી નદીઓ:

મીકાંગ (Mekong)—ટીબેટના પહાડી મુલકમાં થઇ, હિંદી ચીનમાંથી વહે છે.

હોંઆંગહો અને યાંગ્સેકયાંગ (Hoangho; Yangtsekiang) } કવેનલીન પર્વતમાંથી નીકળી, ચીનમાંથી વહે છે.

આમુર (Amur)-હિંદુકુશ પર્વતમાંથી નીકળી સૈબીરિયાની અગ્નિ કોણમાંથી થઇને વહે છે.

બંગાળના ઉપસાગરમાં પડનારી નદીઓ:

ઇરાવદી (Irawadi)—બ્રહ્મ દેશમાંથી નીકળે છે.

ગંગા, બ્રહ્મપુત્રા—(Ganges, Bramhapootra)—હિંમાલય પર્વતમાંથી નીકળી, હિંદુસ્તાનમાંથી વહે છે.

દક્ષિણમાં.

સિંધુ (Indus)—હિમાલય પર્વતમાંથી નીકળી, હિંદુસ્તાનમાં થઇ, અરબી સમુદ્રને મળે છે.

યુફ્રેતિસ ને તીગ્રિસ (Euphrates; Tigris) } એશિયાઇ તુર્કસ્તાનમાંથી વહી, મૃત સરોવરમાં પડે છે.

મધ્યમાં.

સીરદરિયા (Syr Daria)—થીઆનશાન પર્વતમાંથી નીકળી એરલ સરોવરમાં પડે છે.

આમુ દરિયા (Amu Daria)—કારાકોરમ પર્વતમાંથી નીકળી, એરલ સરોવરમાં પડે છે.

જોર્ડન (Jordon)—એશિયાઇ તુર્કસ્તાનમાંથી વહી, મૃત સરોવરમાં પડે છે.

આ ખંડમાં સૌાથી લાંબી નદી યાંગસેક્યાંગ છે કે જે ૩,૩૦૦ માઇલની છે.

સરોવરો.

1 કારપીઅન (Caspian)—ઈરાનની ઉત્તરે છે.
૨ એરલ (Eral)—કારપીઅન સમુદ્રની પૂર્વે છે.
૪ બૈકલ (Baikal)—સૈબીરિયાની દક્ષિણે છે.
૪ બાલકશ (Balkash)— ,, ,,
૫ ઝેઇસન (Zaisan)—મંગોલ્યામાં છે.
૬ લોબનોર (Lobnor)—પૂર્વ તૂર્કસ્તાનમાં છે.
૭ ટેગ્રીનોર (Tegrinor)—ટીબેટમાં છે.
૮ ઉરૂમિયાં (Urumiah)—ઈરાનમાં છે.
૯ મૃત સરોવર (Dead Sea)—એશિયાઇ તુર્કસ્તાનમાં છે.
૧૦ વલર (Wullar)—હિંદુસ્તાનમાં ઉત્તરે છે.
૧૧ કોલર (Collar)—હિંદુસ્તાનમાં પૂર્વે છે.

આબોહવા—ઉત્તરમાં લાંબો કકડતો શિયાળો રહે છે; મધ્ય ભાગ ઠંડો અને સુકો છે. નૈરૂત્ય ખૂણામાં ગરમી ઘણી પડે છે અને વરસાદ મોટે ભાગે પડતો નથી. દક્ષિણમાં ગરમી પડેછે પણ ઘણો વરસાદ વરસે છે. આ ખંડમાં ઉંચામા ઉંચો ને નીચામાં નીચો પ્રદેશ હોવાથી બધી જાતની આબોહવા મળી શકે છે. એશિયાના બધા ભાગો વિષુવવૃત્તથી ઉત્તર ધ્રુવના બાર અંશ સુધીમાં આવી જાય છે.

પેદાશ—ચોખા ને બાજરી દક્ષિણ ભાગમાં મુખ્ય થાય છે. ઘઉં, જવ, અને બાજરી, ઉત્તર ભાગમાં મુખ્ય થાય છે. જુદી જુદી જાતનો મસાલો, દક્ષિણ ભાગમાં મુખ્ય થાય છે. ચા, ચીન, જાપાન, હિંદ ને સીલોનમાં મુખ્ય થાય છે.

કાફી, સીલોન, હિંદ, ને અરબસ્તાનમાં મુખ્ય થાય છે કે જેના જેવી દુનિયામાં બીજે ઠેકાણે થતી નથી.

રૂ અને ગળી હિંદમાં મુખ્ય થાય છે.

ગરમ ભાગોમાં તાડ અને શેરડી મુખ્ય થાય છે.

જાનવરો—જાનવરોના બાબમાં આ ખંડ કિંમતી છે.

હાથી—હિંદ અને હિંદી ચીનમાં મુખ્ય છે.

ઘોડા—ઈરાનમાં મુખ્ય છે.

ઊંટ—નૈરૂત્ય એશિયા, હિંદ અને તાર્તરીમાં મુખ્ય છે.

સિંહ—પશ્ચિમ એશિયામાં મુખ્ય છે.

વાઘ—દક્ષિણ એશિયામાં મુખ્ય છે.

ઉત્તરમાં ઘણી સુંદર જાતના પક્ષિઓ, દક્ષિણમાં ઝેરી સાપો ને ગરમ મુલકોમાં રેશમના કીડાઓ થાય છે.

ખનિજ—સૈબીરિયામાંથી સોનું અને રૂપું મળે છે.

ચીનમાંથી પારો મળે છે.

બ્રહ્મદેશમાંથી કલઈનાં પતરાં મળે છે.

હિંદમાંથી દુનિયાના સૌથી કિંમતી જવાહીરો મળે છે.

બરમા ને સીલોનમાંથી લાલ અને પોખરાજ મળે છે.

જુદા જુદા ભાગોમાંથી લોઢું, સીસું, તાંબુ, કોયલા, મીઠું, વગેરે પુષ્કળ મળે છે.

વસ્તિ—એશિયાની વસ્તી ૮૬ કરોડ માણસની ગણાય છે. દુનિયાની કુલ વસ્તિ કરતાં તે અડધાથી વધુ છે. ચીન, હિંદ ને જાપાનમાં વસ્તિ ખીચોખીચ છે. પશ્ચિમ એશિયા અને હિંદને લગતા લોકો કોકેશિયન જાતના છે. મલાયાની જાતને

લગતા મલાયા અને આસપાસના ટાપુઓના છે. ચીન, મધ્ય અને ઉત્તર એશિયાના લોકો મંગોલિયનો છે.

ધર્મો—દુનિયાના સઘળા મોટા ધર્મનું મૂળ એશિયા છે. આગળા વખતમાં દેવની પુંજા ઘણી હતી. હિંદમાં હિંદુ; ચીન, મધ્ય એશિયા ને ઉત્તર હિંદમાં બૌધ્ધ; પશ્ચિમ એશિયામાં મુસલમાની વિગેરે મોટા ધર્મો છે. જરથોસ્તી ધર્મનો પારસી ટોળો બહુ નાનો રહી ગયો છે, જેઓ ઈરાન અને હિંદમાં છે. આ ખંડમાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો પણ થવા માંડયો છે.

વ્યાપાર સંબંધી સ્થિતિ—એશિયાખંડની ઉત્તર ભાગના લોક મચ્છી મારનો અથવા શિકારીનો ધંધો કરે છે. મધ્યના ગ્રામ્ય જીવન ગાળેછે. પશ્ચિમ અને દક્ષિણમાં સ્થાયી જીવનવાળાં માણસો છે. રૂ કાતવુંને વણવું એ હિંદુસ્તાનમાં વધુ છે. કોતરકામ, મીનાકારી, ભરતકામ ને શૃંગારી કામ હિંદુસ્તાન, ચીન, જાપાન, એશિયા માઇનર ને ઈરાનમાં બહુ ઉંચા પ્રકારનું થાયછે. આ સ્થળોપરનું રાચરચીલું, રેશમ ઉપરનું કામ, ઝવેરાત બેસાડવાનું કામ, સોનાં તથા ચાંદીપરનું ચિત્રકામ, જાજમ, ગાલીચા દરેકને ટક્કર મારે એવાં છે.

વ્યાપાર, રસ્તા તથા સાધનો—આ ખંડનો દુનિયા સાથે જુનામાં જુનો વ્યાપાર ચાલેછે. ઉંટ, ઘોડા, ઘેટાં કેટલેક સ્થળે વ્યાપારનાં સાધનો છે. જાપાન, હિંદ, ચીન ને હિંદીચીનમાં હવે રેલ્વેની સવડ થઇ છે. યુરોપ તથા અમેરિકાના સંયુકત

સંસ્થાનો સાથે આ ખંડનો મોટો વ્યાપાર ચાલેછે. આ ખંડના ખુશ્કીના માર્ગો પગથી જેવા છે. આ ખંડમાં પુર્વથી પશ્ચિમમાં જવાય તેવી સવડ ઉત્તરથી દક્ષિણ જવામાં નથી, કેમકે રસ્તામાં પહાડી ઉંચ પ્રદેશો ને ઘાડાં જંગલો છે. ચીનમાં પાણીના પ્રવાહને વ્યાપારનાં સાધન તરીકે ઉપયોગમાં લેવામાં આવ્યો છે તથા રૂશિયાએ પોતાના પ્રાન્તમાં રેલ્વે દાખલ કરેલી છે.

રાજકિય વિભાગો.

ભાગો. ઉત્તરમાં. મુખ્ય શેહેરો.

એશિયાઇ રૂશિયા (Asiatic Russia)—ઇર્કુટસ્ક (Irkutusk)

પૂર્વમાં.

ચીનાઇ રાજ્ય (Chinese Empire)—પેકીન (Pekin)

જાપાન (Japan) —ટોકીઓ (Tokio)

દક્ષિણમાં.

હિંદુસ્તાન (India) —કલકત્તા Calcutta.

હિંદી ચીન (Indo China)—માંડળે (Mandalay)

પશ્ચિમમાં.

એશિયાઇ તુર્કસ્તાન (Turkey in Asia)—સ્મર્નાં (Smyrna)

અર્બસ્તાન (Arabia) —મક્કા (Mecca)

મધ્યમાં.

ઇરાન (Persia) —તેહરાન (Teheran)

અફઘાનીસ્તાન (Afganistan) —કાબુલ (Kabul)

બલુચીસ્તાન (Baluchistan) —ખેલાત (Khelat)

૧. હિંદુસ્તાન.

(જુઓ ભૂગોલ ભાગ ૧.)

૨. હિંદી ચીન.

હકીકત—બ્રહ્મપુત્રા નદી અને ટોકીંગના અખાત વચ્ચે આ ભાગ આવેલો છે. એ કિનારા ભરેલો ભાગ છે તથા બંદરો ઘણાં છે. અહિંની હવા ગરમ અને ભેજવાળી છે, તેથી રોગનો ઉપદ્રવ વધુ છે. એનું ક્ષેત્રફળ ૮,૭૩,૦૦૦ ચોરસ માઇલ છે.

ભાગો—એના મુખ્ય પાંચ ભાગો છે. ૧. બ્રહ્મદેશ. ૨. સિયામ. ૩. આનામ, કોચીન સાથે ૪. મલાયા. ૫. સામુદ્રધુની સ્થળો. બ્રહ્મદેશ અને સામુદ્રધુની સ્થળો અંગ્રેજને તાબેના છે. મલાયા, અંગ્રેજોના આશરા હેઠળ છે. સિયામ, સ્વતંત્ર છે અને આનામ, કોચીન ચીન સાથે ફ્રેંચોનો મુલક છે.

ભૂશિરો—નીગ્રેસ, નૈરૂત્યે; રોમાનિયા, મલાયાની દક્ષિણે.

અખાતો—માર્ટાબાન અને સિયામના અખાતો, દક્ષિણમાં; ટોકીંગનો અખાત, ઇશાન કોણમાં.

સંયોગીભૂમિ—ક્રોની સંયોગીભૂમિ, મલાયા અને સિયામના દ્વીપકલ્પની વચ્ચે છે. અહિંથી નેહેર ખોદવાનો હાલ વિચાર ચાલે છે.

નદીઓ—ઇરાવદી, સૅલ્યુએન, મીકીંગ, મીનામ અને સીંકા મુખ્ય નદીઓ છે.

પેદાશ—ખાણામાં ચોખાનો પાક મુખ્ય છે અને પહાડો જંગલોથી ઢંકાયલાંછે. સાગ, સીસમ, વાંસ, ગુંદરનાં તથા ગટાપરચાનાં ઝાડો ઉપરાંત સુગંધી ઝાડો પુષ્કળ થાય છે. ચોખા ઉપરાંત રૂ, તંબાકુ, ખાંડ, ગળી, ચા ને કારી મોટા જથ્થામાં થાયછે.

ખનિજ—બરમામાં માણેક અને પાનાંની ખાણો છે તથા કેરોસીન તેલનાં ઝરણાંછે. મલાયામાં કલાઇની ખાણો છે તથા સિયામમાંથી સોનું સારા જથ્થામાં મળે છે.

વસ્તિ ને લોકો—કુલ્લે વસ્તિ ૩ કરોડને ૬૦ લાખની છે. લોક બોધ્ધમતના છે. મલાકામાં મુસલમાનોછે. બ્રહ્મદેશનાં લોક આનંદી અને કોતર કામ, વણાટકામ તથા વહાણુ બાંધવાના કામમાં હુસ્યાર છે. અહિંયાં સ્ત્રીઓનું ચળણુ વધુ છે.

વ્યાપાર—ચા ને તૈયાર બનેલા માલની મુખ્ય આયાત છે, જ્યારે ચોખા, સાગ, રૂ, ગુંદર, ચામડાંને માછલીની મુખ્ય નિકાશ છે.

શેહરો—**બરમા:**—માંડલે, મુખ્ય શેહેર, સુંદર બોધ્ધ મંદીર છે તથા અહિયાં ચોખા ને સાગનો મોટો વેપાર છે. રંગુન, સુંદર બંદર છે તથા મોટો વેપાર ચાલે છે. અકયબ અને મોલમીન સાગનો વેપાર. ભામો, વ્યાપારનું મથક.

સિયામ—બાંકોક, મુખ્ય શેહેરને વ્યાપારનું મોટું મથક.

આનામ, કોચીન ચીન સાથે—હુએ, મુખ્ય શેહેર છે તથા એની કિલ્લેબંદી સારી છે. હેનોઇ અને ટુરાને, બંદરો છે. ટુરાનેમાં કોયલાની ખાણોછે.

મલાયા—દુનિયાના કોઇ પણ ભાગ કરતાં અહિંયાં વધુ કલાઇ નીકળે છે. મુખ્ય શેહેર, કૌલાલેમપોર.

સામુદ્રધુની સ્થળો—સીંગાપુર, વ્યાપારનું મધ્ય બિંદુ તેમજ બ્રિટિશ દરિયાઇ કાફલાનું મથક.

---

૩. ચીનાઇ રાજ્ય.

હકીકત.—આ દેશ એશિયાનો ચોથો ભાગ રોકે છે. એના વિસ્તાર ૧૩ લાખ ચોરસ માઇલછે. પૂર્વ ભાગ સપાટછે પણ ગીચ વસ્તિવાળો અને રસાળ છે. પશ્ચિમ ભાગ પહાડી અને ઓછી વસ્તિ વાળો છે. ઉનાળામાં તાપ સખત પડેછે. ચીનની ઉત્તરે પંદરસેં માઇલનો કોટ છે.

સીમા—ઉત્તરે એશિયાઇ રૂશિયા; દક્ષિણે હિંદી ચીન; પૂર્વે પાસિફિક મહાસાગર; પશ્ચિમે પશ્ચિમ તુર્કસ્તાન

ભાગો—એના મુખ્ય પાંચ ભાગો છે. ૧. શુદ્ધ ચીન, ૨. મંચુરિયા ૩. મંગોલિયા, ૪. ટીબેટ અને ૫. પૂર્વ તુર્કસ્તાન.

દ્વીપો—હૈનાન, ફોર્મોસા, હોંકોંગ (અંગ્રેજને તાબે) અને મકાઉ (ફીરંગીને તાબે). એ બધા દક્ષિણે છે.

પર્વત—પેનલીંગ, નાનલીંગ, ઉત્તર અને દક્ષિણમાં મુખ્ય છે.

નદીઓ—યાંગ્સેકયાંગને હોઆંગહો, પીળા સમુદ્રમાં પડે છે. પેઇહો, ઉત્તરમાં છે અને કંતાન, દક્ષિણમાં છે.

પેદાશ—ખેતીનો મુખ્ય ધંધો હજારો વર્ષથી ચાલુ છે. ઘઉં, ચોખા. બાજરી, કપાસ, ડાંગર, શેરડી, રૂ, અફીણ તથા ચા મુખ્ય

થાય છે. શેતુરનાં ઝાડો ઘણાં થાય છે. કેમકે રેશમના કીડાઓ તેપર ઉછરે છે.

ખનિજ—ધાતુઓની, મીઠાંની તથા કોયલાની ખાણોછે. અહિયાંનું લોઢું સારૂં છે તથા ત્રાંબુ અને કાંસુ દુનિયામાં પેહલે નંબરે આવે છે.

હુન્નરમંદી—ચીનાઇ માટીનાં વાસણ ઘણાં સારાં થાયછે. છાપવાની કળા, દારૂ ગોળો તથા હોકાયંત્રની શોધ આ દેશમાં પ્રથમ થઇ હતી.

વ્યાપાર—ચા, રેશમ, ચીનાઈ વાસણ, સાકર તથા રોબાર્બ નામની દવાની વનસ્પતિની મુખ્ય **નિકાશ** છે તથા મુખ્ય **આયાત** અફીણ, રૂ તથા સુતરાઉ ગરમ કાપડની છે. આ દેશનો વ્યાપાર દુનિયામાં સૌથી મોટો અને પ્રાચિન છે. ઇ૦ સ૦ ૧૮૪૨ થી પરદેશ સાથે વ્યાપાર કરવા માટે પાંચ બંદરો ખુલ્લાં મુકવામાં આવ્યાં હતાં. અહિયાં નદીઓ અને નેહરો વ્યાપારને ઘણી સહાયતા આપેછે. રેલ્વે પણ દાખલ થયલી છે.

વસ્તિ ને લોકો—વસ્તિ આશરે ત્રીસ કરોડની ગણાયછે. વસ્તિ ઘણી હોવાથી લોકો બીજા બીજા દેશોમાં જઈ રહેલા છે. મુખ્ય ધર્મ બૌદ્ધ છે. પૂર્વજોની પુજા એ ધાર્મિક ક્રિયા ગણાય છે. ચીનાઓ માયાળુ ને સભ્ય છે. તેઓ ઘણા ઉપયોગી છે. વૃધ્ધો તથા વિદ્વાનોને ઘણું માન મળે છે. દરદી સારો થાય ત્યારેજ ડાક્ટરને પૈસા મળેછે. છોકરીઓના પગ નાના કરવાનો આ લોકોનો રેવાજ છે.

કેળવણી—કેળવણીમાં આ દેશ પેહલે નંબરે આવેછે. વિદ્વાનોને અહિંયાં બહુ માનછે. અહિં વિદ્યા એ માન તથા પૈસાનો રસ્તો ગણાયછે. અહિંયાંનું સાહિત્ય બહુ પુરાતન છે.

રાજ્ય વ્યવસ્થા—શેહેનશાહ આખાં રાજ્યનો, ધર્મનો તથા દરેક કુટુંબનો ઉપરી ગણાયછે. સાધારણ રીતે રાજ્ય સત્તા જુલમીછે. સરકાર જમીનની મેહસુલમાં અનાજ પણ લેછે. રાજાને બહુ માન છે. અમલદારોને મેંડેરીન કહેછે. વિદ્વાન વર્ગમાંથીજ તેઓ ચુંટાય છે અને તેમને પરિક્ષાઓ પસાર કરવી પડેછે. ચીનમાં હમણાં પાર્લામેંટ જેવી સંસ્થા શરૂ કરવામાં આવીછે.

શેહેરો—શુદ્ધચીન—પેકીન, મુખ્ય શેહેર છે. નાનકીંગ, કાપડ તથા વ્યાપાર માટે. શેંઘાઇ, પરદેશી વ્યાપારનું મથક તથા શણનો વ્યાપાર મોટોછે. ટીંટસીન, મોટું બંદર છે. કંતાન, બંદર છે તથા અહિં લાખ, હાથીદાંત તેમજ કાચનું કામ ઘણુંજ ઉત્તમ થાયછે. હેંકોય, એમોય અને ફુચ્ચુ, બંદરો છે.

ટીબેટ—દુનિયામાં એ સૌથી ઉંચો પ્રદેશ છે. ઉત્તર ભાગ વેરાન છે પણ દક્ષિણ રસાળ છે. બૌદ્ધ ધર્મનું એ મુખ્ય સ્થળ છે. વડા ધર્મગુરૂને લામા કહેછે. મુખ્ય પેદાશ ઉનની છે. અહિંયાંના લોકો વેપારીઓ છે. તેઓ ભોળા, નમ્ર ને હિમ્મતવાન છે. સાધુઓ મોજીલી જીંદગી ગુજારે છે. મુખ્ય શેહેર લાસા, વડા લામાનું મથક.

પૂર્વ તુર્કસ્તાન—અહિં તાપ તથા તાઢ વિશેષ છે. ખેતી તથા ઢોર ઉછેરવાનો મુખ્ય ધંધો છે. મુખ્ય શેહેર કાશગર, ઇરાની મહાન પેહેલવાન રૂસ્તમની જન્મભૂમિ. યાર્કન્ડ, વેપાર માટે.

મંગોલિયા—મોંગલ જાતનું અસલ મથક છે. ઘેટાં તથા ઢોરનો મુખ્ય વ્યાપાર છે. મુખ્ય શેહેર, ઉર્ગા. આ ભાગમાં ગોબીનું મોટું રણ છે.

મંચુરિયા—અહિંના લોકો મનચુ તાર્તર કહેવાય છે. આ જાતનો રાજા હાલ ચીનમાં રાજ્ય કરે છે. મુખ્ય ધંધો ખેતીનો છે. કીરીન, મુખ્ય શેહેર છે. મુકદન, મોટું વ્યાપારી શેહેર ને પોર્ટ આર્થર, બંદર છે. આ છેલ્લાં બે મથકો રૂશો–જાપાનીઝ લડાઇમાં પ્રખ્યાત હતાં.

---

૪. જાપાન.

હકીકત—આ દેશ સૂર્યનો દેશ કહેવાય છે. ગ્રેટબ્રિટન સાથે એ ઘણો ખરો મળતો આવે છે. આબોહવા, વ્યાપારની બાબત તથા સુધારા વધારામાં આ બંન્ને દેશો કાંઇ અજબ સરખા પણું બતાવે છે. એનું ક્ષેત્રફળ ૧, ૪૮, ૪૫૬ ચો. માઇલ છે. જાંપાન ચાર મોટા બેટો હોંડો, ચરસો, સીકોક અને ક્યુસ્યુ ઉપરાંત સેંકડો નાના બેટો મળીને થયલો છે. હાલમાં જાપાન સાથે કોરિયાનો મુલક જોડી દેવામાં આવ્યો છે. અહિંયાં ઉનાળામાં હવા ગરમ ને ભેજવાળી તથા શિયાળામાં ઠંડીને સુક્કી રહે છે.

અખાતો—ટોકીઓ અને ઓસાકાના અખાતો મુખ્ય છે.

સામુદ્રધુની—લાપેરૂઝની સામુદ્રધુની સેઘેલીઅન બેટ અને યસ્સોની વચ્ચે છે.

પેદાશ—લીલોતરી ઘણી સારી થાયછે. શેતુર, ચા, શેરડી તથા વાંસના ઝાડનો મોટો પાક છે. વાંસનો ઉપયોગ આ દેશમાં જબરો છે. અહિં ડાંગર તથા કપાસ પણ થાયછે.

ખનિજ—તાંબુ, રૂપું, લોઢું, કોયલા તથા ગંધકની ખાણો ઠીક છે. અહિંયાંનાં લોઢાંમાંથી ઉત્તમ પોલાદ બનેછે તથા ગંધકનો જથ્થો અખુટ છે.

ઉધ્યમ, રોજગાર—મુખ્ય ધંધો ખેતીનો છે. આ દેશમાં કોઈ પણ ચીજ નકામી નથી. માટીનાં વાસણો ઘણાં સારાં બનેછે. કાગળ બનાવવાના તથા હાથી દાંતનાં કામમાં જાપાનીઝ ઉસ્તાદ છે. તેઓ કાગળનો ઉપયોગ દરેક ચીજમાં કરેછે. સાંચા કામ, વણાટ કામ તથા વહાણ બાંધવાનું કામ સારૂ છે. યુરોપની પ્રજાઓની દરેક નકલ તેઓ આબાદ કરેછે.

વ્યાપાર—સુતરાઉ અને ગરમ કાપડ, ખાંડ, કેરોસીન તેલ તથા લોઢાંના સામાનની મુખ્ય **આયાત** છે. મુખ્ય **નિકાશ** કાચું રેશમ, કાપડ, સુતર, ચા, ચોખા, કોયલાને તાંબાંની છે.

વસ્તિ ને લોકો—વસ્તિ ચાર કરોડ ને પચાસ લાખની છે. મુખ્ય ધર્મ 'સીનતોઇઝમ' એટલે 'મહાન પુરૂષોને પુંજવાનો ચાલ' છે. બોધ્ધ મતના પણ લોકો છે. લોકો કેળવણી માટે આતુર છે અને સરકાર તે બાબે ખાસ લક્ષ આપેછે. પ્રાથમિક શિક્ષણ અમેરિકા પ્રમાણે અપાયછે. જાપાનીઝે

દયાળુ, નમ્ર, સભ્ય, મળતાવડા, સ્વચ્છ, કસરયા અને સ્વ-દેશાભિમાની છે. મજુર વર્ગ ઘણો મેહેનતુ છે.

રાજ્ય વ્યવસ્થા—આ રાજ્યનું ધોરણ હાલ ઇગ્લાંડ મુજબનું છે. અહિંયાં પાર્લામેન્ટ કાયદા ઘડી, મીકાડો એટલે રાજાની બહાલી મેળવે છે. આગળ સરદારોના હાથમાં સત્તા હતી પણ તે નીકળી ગઇ છે. આ દેશનું લશ્કર બળવાન છે. યુદ્ધ પ્રસંગે મોટું લશ્કર એકઠું થઇ શકે તેમ છે. નૌકા સૈન્ય ઉંચા પ્રકારનું છે. જાપાનીઝો સારા ખલાસીઓ છે.

શેહેરો—ટોકીઓ, રાજધાની અને મોટું શેહેર છે. ઓસાકા, મોટો વ્યાપાર ચાલેછે. કીઆટો, અસલની રાજધાની પણ હાલમાં વ્યાપારી મથક. યોકાહામા, નાગાસાકી ને હાકોડેટ, મુખ્ય બંદરો છે.

કોરિયા.

આ ભાગ પહેલાં સ્વતંત્ર હતો પણ ચીનને તાબે ગણાતો હતો. ઇ. સ. ૧૮૯૫ માં જાપાનની મદદથી ચીનની સત્તા આ ભાગમાંથી જતી રહી હતી. પાછળથી આ ભાગમાં રૂશિયાની સત્તા વધતી જવાથી પ્રખ્યાત રૂશો-જાપાનીઝ યુદ્ધ થયું હતું, જેમાં રૂશિયાની હાર થઈ હતી. કોરિયા જાપાનીઝ રક્ષણ હેઠળ આવ્યું હતું પણ ઇ૦ સ૦ ૧૯૧૦ માં જાપાને તે પોતાના મુલક સાથે જોડી દીધું છે. અહિંયાંના લોકો મોંગોલ જાતના છે તથા બૌદ્ધ ધર્મ મુખ્ય છે. લોકો જબરા આળસુ છે. મુખ્ય પેદાશ ચોખા, ઘઉં, જવ ને તંબાકુની છે. ખનિજમાં

સોનાં, રૂપાં, લોઢાં અને કોયલાની ખાણો છે. સીઉલ, મુખ્ય શેહેર છે.

---

૫. એશિયાઇ રૂશિયા.

હકીકત—રૂશિયાઇ સત્તા એશિયામાં અત્યાર આગમજ દિનપ્રતિદિન વધતીજ ગઇ હતી પણ છેલ્લી રૂશો-જાપાનીઝ લડાઇ પછી તેને કાંઇક અટકાવ થયો છે; પણ એશિયા માઇનોર, અફઘાનિસ્તાન અને ઇરાન તરફ તેની લાગવગ વધારવાનો પ્રયાસ ચાલુજ છે. એશિયાની ઉત્તરે આ ભાગ આવેલો છે.

ભાગો—એના ત્રણ ભાગો મુખ્ય છે. ૧. સૈબીરિયા. ૨. મધ્ય એશિયા અથવા રૂશિયાઇ તુર્કસ્તાન અને ૩. કોકેશિયા.

સૈબીરિયા.

હકીકત—આ ભાગનો વિસ્તાર યૂરોપ કરતાં વધારે છે. અહિંયાં સર્વ પ્રકારની જમીન, આબો હવા તથા ફળ ફુલાદી નજરે પડે છે. એનો ઉત્તર કિનારો ઘણો ખરો બરફથી ઢંકાયલો રહે છે. કેટલાક ભાગમાં ગરમી પડે છે પણ ઉનાળો લાંબો વખત રહેતો નથી. વસ્તિ પચાસ લાખની છે.

અખાત—ઓબી અને એનાસીના અખાતો મુખ્ય છે.

ભૂશિરો—ઉત્તર ભૂશિર, છેક ઉત્તરે છે. પૂર્વ ભૂશિર, પૂર્વે તથા લોપાટકા, કામચાટકાની દક્ષિણે છે.

પર્વતો—આલટાઇ, એમાં ઘણી ખાણો છે. એબલોનોય અને સ્ટેનોવોય, મુખ્ય છે.

નદીઓ—ઓબી, એનીસી, લેના અને આમુર મુખ્ય છે.

સરોવર—બૈકલ સરોવર મુખ્ય છે. એનું પાણી પારદર્શક છે.

પેદાશ—દક્ષિણમાં ખેતી સારી છે તથા ઘેટાં ઉછેરવામાં આવે છે. નદીઓમાં માછલી પુષ્કળ મળે છે. આ ભાગ કિમતી ગણાય છે, કેમકે અહિંયાંથી મોટા જથ્થામાં સોનું, તાંબુ, રૂપું, વગેરે નીકળે છે. આ ભાગના જંગલી જાનવરોનો તેમનાં સુંદર રૂવાં માટે મોટા જથ્થામાં ખાસ શિકાર કરવામાં આવે છે.

વ્યાપાર—ધાતુ, રૂવાં તથા જવાહિરો બહાર જાય છે. ચીનથી અહિં ચા ને રેશમ આવે છે. જર્મની અને અમેરિકાથી સાંચા કામ તેમજ તૈયાર થયલો માલ આવે છે. ટ્રાન્સ સૈબીરિયન રેલ્વેથી વ્યાપાર વધ્યો છે. અહિં રૂશિયાના રાજા, ઝારના ગવર્નર જનરલો કામ કરે છે.

શેહરો—ઇર્કુતસ્ક, મુખ્ય શેહેર તથા રૂવાંનો મોટો વ્યાપાર છે. ટોમ્સ્ક, વ્યાપારનું મધ્ય બિંદુ તથા પાઠશાળા છે. તોબોલસ્ક, માછલાંના વ્યાપારનું મુખ્ય મથક. ઓમ્સ્ક, મોટું શેહેર છે, એ દરિયાઇ મથક થવાની વકી છે. વાલડીવોસ્ટોક, દરિયાઈ મથક; છેલ્લી રૂશો–જાપાનીઝ લડાઈમાં જાણીતું થયું હતું.

---

૨. રૂશિયાઇ તુર્કસ્તાન અથવા મધ્ય એશિયા.

હકીકત—આ ભાગ સૈબીરિયા, ઇરાન, અફઘાનીસ્તાન, યુરલ નદી અને કાસ્પીઅન સમુદ્રની વચ્ચે છે. અહિંયાં પણ રેલ્વે નાંખેલી

છે કે જેથી સમરકંદથી લંડન બાર દિવસમાં જવાય છે, જ્યારે દરિયા માર્ગે જતાં ઘણો વખત લાગે છે. ઉનાળામાં સખત ગરમીને શિયાળામાં કકડાવીને ટાઢ પડે છે. વસ્તિ સીત્તેર લાખની છે. લોકોનો મોટો ભાગ મુસલમાનોનો છે.

નદીઓ—આમુદરિયા ને સીરદરિયા, એરલ સરોવરને મળે છે.

સરોવરો—એરલ અને બાલકાશ. છેલ્લું સરોવર ઘણુંજ ખારૂં છે.

વ્યાપાર—રેશમ, રૂ, ઉનને ઘોડાની મુખ્ય નિકાશ છે. મુખ્ય આયાત કાપડ, ચા ને ગળીની છે.

શેહેરો—બોખારા, મુખ્ય મથક અને મુસલમીન કેળવણીનું ધામ. ખોકંદ, બાબરની જન્મભુમિ. સમરકંદ, આગળ એશિયાનું મોટું શેહેર તથા તૈમુરલંગની રાજધાની. ખીવ, આગળ ગુલામી વ્યાપારનું મોટું બજાર. ટારકંદ, વ્યાપારી શેહેર.

---

૩ કોકેશિયા

હકીકત—આ ભાગ કોકેસસ પર્વતની બંને બાજુએ આવેલો છે. અહિંયાં ઘણી જાતનાં લોકો વસે છે અને જુદી જુદી ભાષા બોલે છે. વસ્તિ કુલ્લે ૯૫ લાખ છે. અહિંયાંની હવા, જમીનની ઉંચાઇપર આધાર રાખે છે. મુખ્ય રોજગાર ખેતીનો છે. ચોખા, બાજરી, મકાઇ ને ઘઉં મુખ્ય થાય છે. અહિંયાં પણ નાની નાની રેલ્વેઓ છે.

પર્વત—કોકેસસ, મુખ્ય શિખર એરારેટ છે.

નદીઓ—કુર અને આરાસ, મુખ્ય છે.

શેહેરો—ટીફ્લીસ, રાજધાની; અહિંયાં ગંધકના ઝરા છે. બાકુ, એમાં કેરોસીન તેલના કુવાઓ છે. એરીવાન, એ જગ્યાની હવા તદ્દન ખરાબ છે. કાર્સ, મજબુત કિલ્લેબંદી છે.

૬. એશિયાઇ તુર્કસ્તાન.

હકીકત—આ ભાગ યૂરોપનાં ટર્કીના સુલતાનની હકુમત હેઠળ મોટા વિસ્તારવાળો છે. મુખ્ય કરીને નીચલા ત્રણ ભાગોમાં એ વહેંચાયલો છે. ૧. એશિયામાઇનોર. ૨. સીરિયા અને ૩. યુફ્રેટિસને ટીગ્રિસ નદીનો પ્રદેશ.

સીમા—ઉત્તરે કાળો સમુદ્ર; પૂર્વે ઇરાનને કોકેશિયા; દક્ષિણે અર્બસ્તાનને ભૂમધ્ય સમુદ્ર તથા પશ્ચિમે રાતો ને ભૂમધ્ય સમુદ્ર.

એશિયામાઇનોર.

હકીકત--આ ભાગ યૂરોપ અને એશિયાની વચ્ચે સુધારા વધારાના પૂલ તરિકે ઓળખાય છે. એને કિનારે સારા અખાતો ને બંદરો છે. અહિંયાંની આબો હવા લગાર ઠંડી પણ સુકી છે. આ પ્રદેશમાં ઘણાક ઐતિહાસિક બનાવો બન્યા છે. પ્રાચિન સુધારાની નિશાની દરેક ઠેકાણે નજર પડે છે તથા આ ભાગ મહાન નરોની જન્મભૂમિ છે. વસ્તિ ૯૦ લાખની છે. લોકોનો મોટો ભાગ મુસલમાનોનો છે પણ ગ્રીકને આર્મિનિયન વેપારી પણ ઘણા છે.

ભૂશિર—બાબા, પશ્ચિમે છે.

દ્વીપો—રોડસ, સાઇપ્રસને સામોસ મુખ્ય છે. સાઈપ્રસ, અંગ્રેજને તાબે છે.

પેદાશ—અહિંયાં જાનમાલની સલામતી ઝાઝી નથી, છતાં કપાસ અફીણ, દ્રાક્ષ ને શેતુર મોટા જથ્થામાં થાય છે. અંગોરા નામનાં ઘેટાંનું ઉંચી જાતનું ઉન થાય છે.

શેહેરો—સ્મર્ના, મોટું વ્યાપારી શેહેર છે. ટ્રેબીઝોન્ડ, બંદર છે. આડાના અને સ્કુટેરી, મોટાં શેહેરો છે.

સીરિયા.

હકીકત—સીરિયાનો કિનારો લીવાંટનો કિનારો ગણાય છે. કેપ ઓફ ગુડ હોપનો રસ્તો શોધાયો તે આગમજ પ્રાચિન વ્યાપાર આ ભાગ મારફતે યૂરોપ અને એશિયા વચ્ચે ધમધોકાર ચાલતો હતો. વસ્તિ ઝાઝી નથી.

પર્વત—લેબેનન મુખ્ય છે.

નદી—જોર્ડન નદી મુખ્ય છે.

સરોવર—મૃત્યુ, મુખ્ય છે.

શેહેરો—એલેપ્પો, વ્યાપારનું શેહેરછે. ડમાસકસ, મોટું શેહેર છે. આગળ એ પૂર્વની આંખ ગણાતું હતું. અહિંયાં દમાસ્ક નામનું સરસ કાપડ થાયછે. બેરૂટ, બંદર છે. જેરૂસલેમ, ખ્રિસ્તીઓનું પવીત્ર મથક; એની પડોશમાં ઇસુખ્રિસ્તનો જન્મ થયો હતો. જાફા, નારંગીઓ પુષ્કળ થાય છે. ગાઝા, ચાર હઝાર વર્ષનું પુરાણું શેહેરછે.

યુફ્રેટિસ અને ટીગ્રિસનો પ્રદેશ.

હકીકત—આ ભાગમાં આર્મીનિયા, કુર્દીસ્તાન, મેસોપોટેમિયા ઇરાક અરબ્બી અને અલજીર્યાના વિભાગો સમાવેલા છે.

અહિંના લોકો એકથી બીજી બાજુએ ભટકતા ફરેછે. વતનીઓમાં આર્મીનિયનો અને યાહુદીઓ સારા છે.

પેદાશ ને વ્યાપાર—રેશમ, સુતર, ચામડાં, હથિયાર અને રંગો સારા બનેછે. પરદેશ ખાતે મુખ્ય કરીને રેશમ, ફળો, ઓલીવ તેલ, ચામડાં ને વાદળી જાય છે.

શેહેરો—બગદાદ, મુખ્ય શેહેર અને વ્યાપારનું મથક. બસોરા, મુખ્ય બંદર છે. અર્ઝરૂમ અને વાન, મોટાં શેહેરોછે.

---

૭ અર્બસ્તાન.

હકીકત—આ ભાગ દુનિયામાં સૌથી મોટો દ્વિપકલ્પ છે. આખા દુનિયામાં એ સૌથી ગરમ અને સુકો મુલકછે. ખેતી ઝાઝી થતી નથી. રેતીનાં મેદાનોમાં ઉનાળામાં સીમુમ નામનો પ્રાણઘાતક ઝેરી પવન ફુંકે છે. આ ભાગની ત્રણ બાજુએ દરિયો આવેલો હોવાથી વેપારની સવડ સારી છે. જુની દુનિયામાં એ બરાબર મધ્યાનમાં છે અને આગળ અહિંયાં મોટો વ્યાપાર ચાલતો હતો.

સીમા—ઉત્તરે તુર્કસ્તાન, દક્ષિણે અરબી સમુદ્ર, પૂર્વે ઇરાની અખાત અને પશ્ચિમે રાતો સમુંદ્ર.

દ્વીપો—બેહરીન, ઇરાની અખાતમાં અને પેરીમ, બાબલમાંડબની સામુદ્રધુની આગળ છે.

પેદાશ—આ ભાગની વિખ્યાત પેદાશ બુંદ (કાફી) છે. અહિંના જેવી તે દુનિયામાં કેથે થતી નથી. અહિંના ઘોડાઓ ખાસ વખણાય છે તથા ઉંટની ખરી કદર આરબો બુજે છે. મેંઢાં અને બકરાં એ આરબોની દોલત છે. જંગલી જાનવરો પણ

ઘણાં થાય છે. ખજુર, દવાને લગતા વનસ્પતિ ના છોડો, ઘઉં તથા બાજરીની સારી પેદાશ છે. બેહરીન આગળ મોતીની શીપો નીકળેછે.

વ્યાપાર—આ ભાગમાં વ્યાપાર કરવાને રસ્તા કે રેલ્વે, નદી કે નેહેરો નથી, પણ કાફલાઓના રસ્તાછે અને ત્યાં કુવાઓ છે. સુતરાઉ કાપડ, ખાંડને દારૂગોળાની મુખ્ય **આયાત** છે તથા **નિકાશ**માં ઘોડા ઉંટો, મેંઢાં, ઉન, ગુંદ ને ખજુર મુખ્ય છે.

લોકો—આરબ લોકોની જુદી જુદી જાતો ઘણીછે. વસ્તિ ૯૦ લાખનીછે. છૂટાંપણાંના તેઓ જબરા હિમાયતીછે. એ લોકોને શેહેરમાં વસવા ગમતું નથી તેથી રાવટીઓ ઠોકી રણમાં રહેછે. એ લોકો હિમ્મતવાન, મિતાહારી ને પરોણાગતમાં એક્કાછે. ધર્મ મુસલમાનીછે. દુનિયામાં વસતો દરેક મુસલમાન મક્કા જઇ હજ કરવાની પોતાની પવિત્ર ફરજ સમજે છે. મક્કા જવા તેથી હાલમાં રેલ્વે બાંધવામાં આવેછે. ગણત્રિ મુજબ દરવર્ષે સીત્તેર હઝાર લોક જાત્રાએ જાયછે.

શેહેરો—મકકા, મુખ્ય શેહેર છે; હઝરત મહમદની જન્મભૂમિ અને હજનું મથક. મદીના, હઝરત મહમદની કબરછે. જીદ્દા, બંદરછે. મોખા, આગળના વખતમાં ગુંદમાટે પ્રખ્યાત હતું. એડન, રાતા સમુદ્રનો દરવાજો ગણાતું મોટું બંદર; અંગ્રેજોને તાબેછે. મસ્કત, ઓમાનની રાજધાની, મોટું વ્યાપારી મથક. સાના, સૌથી સુંદર શેહેર; ગુંદનો મોટો વ્યાપાર છે.

૮. ઇરાન.

હકીકત—આ દેશ ઇંગ્લેન્ડ અને રૂશિયાને ઘણો અગત્યનો છે. એનું ભવિષ્ય તેથી આ બન્ને દેશોપર આધાર રાખે છે. એનું અસલ નામ ફારસીસ્તાન એટલે પારસીઓનો મુલક એવું હતું. ઋતુમાં ઉનાળો સખત અને કેટલેક ઠેકાણે કડકડતી ઠંડી પડે છે વરસાદ ઝાઝો સારો પડતો નથી. એનો વિસ્તાર ૬, ૨૮,૦૦૦ ચો. માઇલનો છે.

સીમા—ઉત્તરે એશિયાઇ રૂશિયા, દક્ષિણે ઇરાની અખાત. પૂર્વે અફઘાનીસ્તાન અને બલુચીસ્તાન તથા પશ્ચિમે એશિયાઇ તુર્કસ્તાન.

દ્વીપો—કર્ક, કીસ્મ અને ઓર્મઝ.

અખાત—ઇરાની અખાત, દક્ષિણે છે.

પર્વત—એલબુર્ઝ, ઉત્તરે છે.

નદી—કારૂન નદી. મુખ્ય છે.

સરોવર—ઉરૂમિયા, વાયવ્ય ખૂણામાં છે.

પેદાશ—ઘઉં, ચોખા, રૂ, તંબાકુ, ફળો, દારૂ ને ગુલાબની સારી પેદાશ છે. ઘોડા અને ઉંટો સારા નીપજે છે. જંગલી જાનવરોમાં વાઘ, સિંહ, રીંછ વગેરે મુખ્ય છે. ગાલીચા, શાલ, તરવારો, બંદુકો, કટારી, ઉનનું કાપડ, જરિયાનને ભરતકામ ઉત્તમ બને છે

ખનિજ—તાંબા, લોઢાં, સીસાં ને સિંધવની ખાણો ઠેરઠેર છે. ગંધકની ખાણો ઘણી છે તથા ટરપેનટાઇન તેલ પુષ્કળ નીકળે છે. ઇરાની અખાતમાંથી મોતી નીકળે છે.

વ્યાપાર—નેહરોને લીધે પાક સારો થાય છે. પરદેશ સાથે મોટો વ્યાપાર નથી. સુતરાઉ ગરમ કાપડ, કાચ, ચા, ખાંડ ને ખુંદની મુખ્ય આયાત છે. નિકાશમાં અફીણુ, સુકો મેવો, રેશમ, ગાલીચા, મોતીને પરવાળાં મુખ્ય છે.

લોકોને ધર્મ—વસ્તિ લગભગ ૮૦ લાખની છે. ઇરાનમાં પ્રાચિન ધર્મ પારસીઓનો હતો. મુસલમાન જીત પછી પારસીઓની એક સંખ્યા નાસી હિંદુસ્તાનમાં વસી છે, જયારે થોડાક ઇરાનીઓ હજી ત્યાં રહેલા છે. ઇરાનના હાલના લોકો અદબવાળા, સભ્ય અને સુધરેલા વિચારના છે. હાલમાં મુસલમાની ધર્મ મુખ્ય છે. ઇરાનીઓ (પારસીઓ) અને કેટલાક ખ્રિસ્તીઓ પણ ત્યાં છે. આ દેશ નામાંકિત કવીઓ અને પ્રાચિન-કાળના મહાન વીર પુરૂષોની જન્મભૂમિ છે.

રાજ્ય વ્યવસ્થા--પ્રાચિન કાળમાં પારસીઓનું આ રાજ્ય ઘણું કિર્તિવંત અને બળવાન હતું. મુસલમાન રાજા શાહોનો શાહ ગણાયછે. તેની સત્તા સર્વોપરી છે. હાલમાં પાર્લામેંટનો હક રૈયત ને આપવામાં આવ્યો છે.

શહેરો—તેહરાન, મુખ્ય શેહેર તથા ગાલીચાના વ્યાપાર માટે. ઇસ્પહાન, અસલની રાજધાની, પણ હાલ વ્યાપારનું મથક. તેબ્રીઝ, મુખ્ય વ્યાપારનું શેહેર. યઝદ, અહિં પારસીઓ છે. યઝદ અને મશદ, કાફલાના વેપારના મથક. મશદમાં પ્રખ્યાત કવી ફીરદુસી જન્મ્યો હતો. શીરાઝ, દારૂ અને ગુલાબો માટે. અહિં હાફીઝ અને સાદી નામના બે પ્રખ્યાત ફારસી કવીઓની ઘોરો છે. બુશીર બંદર છે. બારફરશ, મોટું વ્યાપારનું મથક.

૯. અફઘાનીસ્તાન.

હકીકત—આ દેશ ઘણો ડુંગરાળ છે; પણ કેટલોક ભાગ ફળદ્રુપ છે. ઉનાળામાં તાપ ઘણો ને શિયાળામાં સખત ઠંડી પડે છે. મેદાનવાળી જમીન ફળદ્રુપ છે.

સીમા—ઉત્તરે તુર્કસ્તાન, પૂર્વે હિંદુસ્તાન, દક્ષિણે બલુચીસ્તાન અને પશ્ચિમે ઇરાન.

પર્વતો—હિંદુકુશ, ઉત્તરમાં અને સુલેમાન, પૂર્વમાં છે.

નદીઓ—કાબુલ અને હેલમંદ મુખ્ય છે.

પેદાશ—અનાજ, ફળો, દ્રાક્ષ, અંગુર, ઘોડા, ઢોર ને ઘેટાં મુખ્ય છે. હુન્નરમંદી ના કામમાં રેશમી સામાન ને ગાલીચાઓ મુખ્ય છે. ઉંટો તથા ટટ્ટુઓપર પરદેશ સાથે વેપાર ચાલે છે.

લોકો—વસ્તિ લગભગ પચાસ લાખ છે. લોકો ઝનુની અને મુસલમાની જાતનાં છે. ભાષા પીસ્તુ છે. લોકો પરોણાગતમાં સારા છે. અફઘાનીસ્તાનનો રાજા અમીર કહેવાતા હતા, પણ હાલ શાહ ગણાય છે.

શેહેરો—કાબુલ, રાજધાનીને વ્યાપારનું મુખ્ય શેહેર. જલાલાબાદ, અફઘાન વિગ્રહમાં જાણીતી જગ્યા. ગીઝની, મહમદગીઝનીનું મુખ્ય શેહેર. કંદહાર તથા હેરાત, વ્યાપારનાં મથકો. બલ્ખ, પારસીઓના મહાન પયગમ્બર જરથુસ્ત્રના જન્મભૂમિ ગણાય છે.

---

૧૦. બલુચીસ્તાન.

હકીકત—આ ભાગમાં ખડકો, પર્વતો ને રણો ઘણાં છે. અહિંયાંથી બોલનઘાટ મારફતે હિંદુસ્તાન જવાઇ શકાય છે. લોકો ઘણે

ભાગે જંગલી જેવા છે. મુખ્ય વસ્તિ બલુચી અને બ્રાહુરી-
ઓની છે. તેઓ લગભગ દશ લાખની સંખ્યામાં છે. તેઓ
મુસલમાની ધર્મ માને છે. લોકો ઢોરોને લઇ ભટક્યા કરે છે.

સીમા—ઉત્તરે અફઘાનીસ્તાન, દક્ષિણે અરબી સમુદ્ર, પૂર્વે હિંદુસ્તાન
અને પશ્ચિમે ઇરાન.

પેદાશ—ઘોડા અને શિકારી કુતરાંની સારી પેદાશ છે. ગંધક, ફટકડી,
સિંધવને સીસાંની સારી નિપજ છે.

શેહેરો—ખીલાત, મુખ્ય શેહેર છે. કવેટા, અંગ્રેજી છાવણીનું મથક છે.

યૂરોપ (Europe)

હકીકત—યૂરોપખંડ એ ફક્ત એશિયાખંડની પશ્ચિમ તરફ લંબાયલો ભાગ છે. આ ખંડ સઘળા ખંડોમાં નાનો છે પણ હાલના વખતમાં સર્વથી વધુ કેળવાયલો અને બળવાન છે. વેપાર, હુન્નર, વિદ્યા, સુધારા વધારા તથા મુસાફરીનું એ મુખ્ય ધામ છે. દુનિયાનાં હાલનાં મહાન રાજ્યો એ ખંડમાં છે. એ પૂર્વ ગોળાર્ધના વાયવ્ય ખૂણા તરફ છે તથા એની જમીન ઘણીખરી નીચા પ્રદેશની છે.

સીમા—ઉત્તરે, આરટિક મહાસાગર; પૂર્વે કારપીઅન સમુદ્ર, યુરલ નદી અને યુરલ પર્વત; દક્ષિણે કૉકેસસ પર્વત, કાળો અને ભૂમધ્ય સમુદ્ર; પશ્ચિમે આટલાંટિક મહાસાગર.

આકાર—આ ખંડનો આકાર ઘણોજ ખેંચાણકારક છે. એ ખંડના જેવા ફળદ્રુપ કિનારા કોઇ બીજો ખંડ ધરાવતો નથી. જમીનના મોટા ભાગો દરિયામાં ગયલા છે તથા દરિયાની મોટી અણીઓ જમીનમાં જવાથી જમીન અને દરિયાનો માર્ગ તદ્દન સહેલો થયલો છે અને તેથી ત્યાંના લોકો દરિયાઇ બળમાં જબરા છે. જમીન અને દરિયાના આવાં સહેલાં સાધનોથી સુધારો પણ ઘણો આગળ વધ્યો છે. ગ્રેટબ્રિટન હાલમાં દરિયાની રાણી ગણાય છે.

વિસ્તાર—યૂરોપખંડની લંબાઇ ૩૩૭૦ માઇલ છે અને પહોળાઇ ૨૪૦૦ માઇલ છે તથા આખો વિસ્તાર પૃથ્વીની જમીનનો ચૌદમો ભાગ છે, એટલે ૩૭ લાખ ચો. માઇલ છે. હિંદ કરતાં આ ખંડ ત્રણ ગણો મોટો છે.

સમુદ્રો— ઉત્તરમાં.

શ્વેત સમુદ્ર (White Sea)—રૂશિયાની ઉત્તરે છે.

પશ્ચિમમાં.

જર્મન સમુદ્ર (German Sea)—ગ્રેટ બ્રિટન અને ખંડની વચ્ચે છે.

બાલટિક સમુદ્ર (Baltic Sea)—સ્વીડન, પ્રુશિયા અને રૂશિયાની વચ્ચે છે.

સેંટ જ્યૉર્જ્સ ચેનલ અને આઇરિશ સમુદ્ર—ગ્રેટબ્રીટન અને (St. George's Channel; Irish Sea) આયર્લૅંડની વચ્ચે છે.

દક્ષિણમાં.

ભૂમધ્ય સમુદ્ર (Mediterranean)—યૂરોપ અને આફ્રિકાની વચ્ચે છે.

આડ્રિયાટિક સમુદ્ર (Adriatic)—ઇટાલી અને તુર્કસ્તાનની વચ્ચે છે.

આર્કિપેલેગો સમુદ્ર (Arohæpelago)—ગ્રીસ ને એશિયાઇ માઇનોરની વચ્ચે છે.

માર્મોરા સમુદ્ર (Marmora)—તુર્કસ્તાન અને એશિયાઇ માઇનોરની વચ્ચે છે.

કાળો સમુદ્ર (Blaok Sea)—તુર્કસ્તાનની પૂર્વે છે.

આઝોવનો સમુદ્ર (Azov)—રૂશિયાની દક્ષિણે છે.

ખાડી—ઇંગ્લીશ ચેનલ (English channel)—ઇંગ્લાંડ અને ફ્રાન્સની વચ્ચે છે.

અખાતો—

રીંગા અને ફીનલાંડ (Riga; Finland)—રૂશિયાની પશ્ચિમે છે.
બોથનિયા (Bothania)—સ્વીડન અને પૃશિયાની વચ્ચે છે.
લાયન્સ (Lyons)—ફ્રાન્સની દક્ષિણે છે.
જીનોઆ (Genoa)—ઇટાલીની વાયવ્યે છે.
ટેરેંટો (Taranto)—ઇટાલીની નૈરૂત્યે છે.

ઉપસાગરો.

બીસ્કે (Biscay)—ફ્રાન્સની પશ્ચિમે છે.

સામુદ્રધુની **પશ્ચિમમાં.**

સાઉન્ડ (Sound)—બાલટિક સમુદ્ર અને ઉત્તર સમુદ્રને જોડે છે.
ગ્રેટ બેલ્ટ (Great Belt)—ઝીલંડ અને ફ્યુનનની વચ્ચે છે.
લીટલ બેલ્ટ (Little Belt)—ફ્યુનન અને ડેનમાર્કની વચ્ચે છે.
ડોવર (Dover)—ઇંગ્લિશ ચેનલ અને ઉત્તર સમુદ્રને જોડે છે.

દક્ષિણમાં.

જીબ્રાલટર (Gibralter)—આટલાંટિક મહાસાગર અને ભૂમધ્ય સમુદ્રને જોડે છે.
મેસીના (Messina)—ઇટાલીની દક્ષિણે છે.
ઓટરેન્ટો (Otranto)—આડ્રિયાટિક સમુદ્રને આયોનિયન સમુદ્ર સાથે જોડે છે.
ડાર્ડનલ્સ (Dardenelles)—આર્કીપેલેગો અને માર્મોરાના સમુદ્રને જોડે છે.

બોસફરસ (Bosphorus)—મામેરિાના અને કાળા સમુદ્રને જોડે છે.

દ્વીપો— આરટિક મહાસાગરમાં.

નોવાઝેમ્બલા (Novazembla) }
વાયગેટ્ઝ (Vaygatz) } રૂશિયાની ઉત્તરે છે.

આટલાંટિક મહાસાગરમાં.

લોફોડન (Lofoden)—નોર્વેની પશ્ચિમે છે.

ગ્રેટબ્રિટન, (Great Britain), આયર્લેન્ડ, (Ireland).—પશ્ચિમે છે.

આઇસલેન્ડ (Iceland)—પશ્ચિમમાં છે.

એઝોર્સ (Azores)—પોર્ટુગાલની પશ્ચિમે છે.

બાલટિક સમુદ્રમાં.

ઝીલેન્ડ (Zeland), ફ્યુનન (Funen), લાલેન્ડ (Laaland), ઓલેન્ડ (Oland) અને ગોથલેન્ડ (Gothland).

ભૂમધ્ય સમુદ્રમાં.

બેલીયારિક દ્વીપો (Baleario)—સ્પેનની પૂર્વે છે.

કોર્સીકા (Corsioa)—ઇટાલીની પશ્ચિમે છે.

સાર્ડીનિયા, (Sardinia), સીસીલી, (Sicily), લીપારી, (Lipary)—ઇટાલીની દક્ષિણે છે.

માલટા (Malta)—ઇટાલીની દક્ષિણે છે.

કેન્ડિયા (Candia)—ગ્રીસની અગ્નિએ છે.

આયોનિયન (Ionian)— ,, પશ્ચિમે છે.

સાઇક્લેડીસ (Cyclades)— ,, પૂર્વે છે.

દ્વીપકલ્પો:—

સ્કેનડીનેવિયા (Scandinavia)—નોર્વે અને સ્વીડન મળીને થયલો છે. ઉત્તરમાં છે.

જુટલેન્ડ (Jutland)—ડેન્માર્કની ઉત્તરે છે.

ઇટાલી (Italy) દક્ષિણે છે.

મોરીઆ (Morea)—ગ્રીસની દક્ષિણે છે.

ક્રિમીઆ (Crimea)—રૂશિયાની દક્ષિણે છે.

ભૂશિરો—

ઉત્તરમાં.

નોર્ડકીન (Nordkyn)—નોર્વેની ઉત્તરે છે. યૂરોપનું છેક ઉત્તર બિંદુ છે.

ઉત્તર ભૂશિર (North Cape)—નોર્વેની ઉત્તરે છે.

પશ્ચિમમાં.

નેઝ (Naze)—નોર્વેની દક્ષિણે છે.

રૅાથ (Wrath)—સ્કોટલેન્ડની ઉત્તરે છે.

લૅન્ડસ એન્ડ (Land's End)—ઇંગ્લેન્ડની નૈરૃત્યે છે.

ક્લિયર (Clear)—આયર્લેન્ડની નૈરૃત્યે છે.

લાહોગ (La Hogue)—ફ્રાન્સની વાયવ્યે છે.

ઓર્ટિગલ અને ફીનીસ્ટર (Ortigal; Finisterre)—સ્પેનની વાયવ્યે છે.

રોકા અને સેન્ટ વીનસેન્ટ (Roca, St. Vincent.)—પોર્ટુગાલની નૈરૃત્યે છે. રોકા યૂરોપનું છેક પશ્ચિમ બિંદુ છે.

દક્ષિણમાં.

તરીફા (Tarifa)—સ્પેનની દક્ષિણે છે. યૂરોપનું છેક દક્ષિણ બિંદુ છે.

માટાપાન (Matapan)—ગ્રીસની દક્ષિણે છે.

સંયોગીભૂમિ—

કોરીંથ (Corinth)—મોરીઆ અને ગ્રીસને જોડે છે.

પેરેકોપ (Perekop)—ક્રિમીઆ ને રૂશિયાને જોડે છે.

પર્વતો—

સ્કેનડીનેવિયન (Scandinavian)—સ્કેનડીનેવિયામાં છે.

ગ્રેમપિયન (Grampians)—સ્કોટલેંડમાં છે. મુખ્ય શિખર, બેન-નેવીસ.

પીરીનીઝ (Pyrenees)—ફ્રાન્સ અને સ્પેનની વચ્ચે છે. મુખ્ય શિખર, માલટેડા.

સીએરાનેવેડા (Sierra-Nevada)—સ્પેનમાં છે.

આલ્પસ (Alps)—ફ્રાન્સ અને સ્વીત્ઝર્લેન્ડથી ઇટાલીને જુદો પાડે છે. મુખ્ય શિખર, માઉન્ટ બ્લાંક.

એપીનાઇન (Apennines)—ઇટાલીમાં છે.

બાલકન (Balkan)—બલગેરિયા ને રૂમેનિયાની વચ્ચે છે.

કાર્પેથિયન (Carpathian)—ઓસ્ટ્રીઆ હંગરીમાં છે.

કોકેસસ (Caucasus)—કાસ્પીઅન સમુદ્ર અને કાળા સમુદ્રની વચ્ચે છે. મુખ્ય શિખર, એલબુર્ઝ.

જ્વાળામુખી પર્વતો—

હેકલા (Hecla)—આઇસલેન્ડમાં છે.

વીસુવીઅસ (Vesuvius)—ઇટાલીમાં છે.

એટના (Etna)—સીસીલીમાં છે.

સ્ટ્રોમબોલી (Stromboli)—લીપારી દ્વીપોમાં છે.

મેદાનો.

હંગરીનું મેદાન (Hungarian plains)—આલ્પસ અને કાર્પેથિયન પર્વતની વચ્ચે છે.

વોલેશીઅન અને બલગેરયાનાં મેદાનો (Wallachian & Bulgarian plains)—ડેન્યુબ નદીના નીચા પ્રદેશમાં છે.

લોમબાર્ડીનું મેદાન (Lombardy)—આલ્પસ અને એપીનાઇન પર્વતની વચ્ચે છે.

અંડુલુસિયા (Andulusia)—સ્પેનમાં ગ્વાડલક્વીવર નદીના નીચા પ્રદેશમાં છે.

નદીઓ.—યૂરોપમાં નદીઓ ઘણી છે અને બધી વેપારનાં સાધનો માટે ઘણી ઉપયોગી છે અને દરેકપર સારાં બંદરો છે. તેઓ દરેક દિશામાં વહેછે અને દેશના ઘણા ભાગોને જોડે છે.

ઉત્તરથી પશ્ચિમ તરફ વહેતી નદીઓ—

ઉત્તર મહાસાગરમાં પડતી:

પેચોરા અને દ્વીના (Petchora: Dwina)—રૂશિયાની નૈરૃત્યથી વહેછે. દ્વીના, શ્વેત સમુદ્રમાં પડે પેચોરા, યૂરલ પર્વતમાંથી નીકળે છે.

બાલટિક સમુદ્રમાં પડતી:

દુના (Duna)—રૂશિયામાંથી વહે છે.

વીસચુલા (Vistulla)—કાર્પેથિયન પર્વતમાંથી નીકળી ઓસ્ટ્રીઆ, રૂશિયા અને જર્મનીમાંથી વહે છે.

ઓડર (Oder)—કાર્પેથિયન પર્વતમાંથી નીકળી જર્મનીમાંથી વહે છે.

જર્મન સમુદ્રમાં પડતી:

એલ્બ, વેસર અને રાઈન (Elbe, Weser, Rhine) જર્મનીમાંથી વહે છે. રાઇન, કોનસ્ટન્સ સરોવરમાંથી નીકળે છે.

ટેમ્સ (Thames)—ઈંગ્લેન્ડમાંથી વહે છે.

આટલાંટિક મહાસાગરમાં પડતી:

સેઇન અને લ્વોર (Seine, Loire)—ફ્રાન્સમાંથી વહે છે.

ટેગસ, ડુરો, ગ્વાડિયાના (Tagus, Douro, Guadiana)—સ્પેન અને પોર્ટુગાલમાંથી વહે છે.

ગ્વાડલકિવવર (Guadalquiver)—સ્પેનમાંથી વહે છે.

દક્ષિણથી પૂર્વ તરફ વહેતી નદીઓ—

ભૂમધ્ય સમુદ્રમાં પડતી:

ઇબ્રો (Ebro)—સ્પેનમાંથી વહે છે.

રોન (Rhone)—ફ્રાન્સમાંથી વહે છે.

ટાઇબર (Tiber)—ઈટાલીમાંથી વહીને આડ્રિયાટિક સમુદ્રમાં પડે છે.

કાળા સમુદ્રમાં પડતી:

ડાન્યુબ (Danube)—કોનસ્ટન્સ સરોવરમાંથી નીકળી જર્મની, ઓસ્ટ્રીઆ અને તુર્કસ્તાનમાંથી વહે છે.

નીપર (Dnieper)–રૂશિયામાંથી વહે છે.

આઝાફના સમુદ્રમાં પડતી:

ડોન (Don)—રૂશિયામાંથી વહે છે.

કાસ્પીઅન સમુદ્રમાં પડતી:

વોલગા અને યુરલ (Volga ; Ural)—રૂશિયામાંથી વહે છે.

સરોવરો—

લાડોગા અને ઓનીગા (Ladoga; Onega)–રૂશિયામાં છે.
જીનીવા (Genova)—સ્વીટઝર્લેન્ડ અને ફ્રાન્સની વચ્ચે છે.
કોનસ્ટન્સ (Constance)–સ્વીટઝર્લેન્ડમાં છે.
ગાર્ડા અને મેજીઓર (Garda, Maggiore)–ઇટાલીમાંછે.

ઋતુ.— અહિંની ઋતુ ઘણી આનંદી અને નમ્ર છે. ઉત્તરના ભાગો ઠંડા છે અને દક્ષિણના ભાગો ગરમ છે. વરસાદ જેવી મોસમ નથી, જો કે વરસાદ તો સારો પડે છે.

પેદાશ— ચોખા, ઘઉં, મકાઇ, શેરડી, તંબાકુ, દ્રાક્ષ, શેબફળ, ઓલીવ, મુખ્ય કરીને દક્ષિણમાં થાય છે. બુચ અને ચેસ્ટનટની ઝાડીઓ ઘણી હોય છે. ગરમ ભાગોમાં દ્રાક્ષ થાય છે. ખેતીઓ ઘણી હોય છે. બટાટા ઘણા થાય છે. ફળો પુષ્કળ જાતના થાય છે તથા શણ, રૂ અને જવ મધ્યમ ભાગોમાં મુખ્ય થાય છે. ઘોડા, બળદ, મેંઢા, બકરાં, કુક્કર, કુતરાં મુખ્ય જનાવરો છે. રેનડીઅર અને ઉંટ રૂશિયાની ઉત્તરે અને દક્ષિણમાંથી મળી આવે છે. વરૂ અને રીંછ, શિકારી જાનવરો છે.

ખનિજ— આ દેશ ખનિજની બાબતમાં આબાદ છે. લોઢું, સીસું, તાંબુ, કલાઇ, પારો, કોયલા, અને નીમક મુખ્ય ખનિજ પદાર્થો છે. ઇંગ્લેન્ડ, જર્મની અને રૂશિયામાંથી લોઢાં તથા કોયલાનો મોટો જથ્થો નીકલે છે. સ્પેન, જર્મની અને ગ્રેટબ્રિટનમાંથી તાંબુ પુષ્કળ નીકળે છે. સોનાનો મોટો જથ્થો હુંગરી અને રૂશિયામાં છે. સીસું અને પારો સ્પેનમાં છે તથા કલાઇનો મોટો જથ્થો ગ્રેટબ્રિટનમાં છે તેમજ જસતનો મોટો ભાગ જર્મનીમાંથી નીકળેછે. ઓસ્ત્રીઆ અને ઇંગ્લેન્ડમાં સિંધવની ખાણો છે.

કેળવણી અને ઉદ્યોગ—દુનિયાના બીજા ભાગો કરતાં આ ખંડમાં કેળવણીનો પ્રસાર વધુ છે. બાળ કેળવણી અહિં ચડતા પ્રકારની છે. આ ખંડમાં રસાયણ શાસ્ત્રને લગતી મોટી શોધો થઇ છે તથા અહિંના લેખકો મોટી વિખ્યાતી પામ્યા છે. ખેતી, સાંચા કામ તથા વેપારમાં યૂરોપ આખી દુનિયાપર સરસાઇ ભોગવે છે.

લોકો ને ધર્મ—આખા ખંડની વસ્તિ સાડી આડત્રીશ કરોડની છે. મુખ્ય કરીને લોકો કોકેશિયન જાતના છે. થોડાક મંગોલિયન જાતના છે. બધા, થોડા અપવાદ સિવાય, ખ્રિસ્તી ધર્મ માને છે, કેમકે ટર્કીમાં મુસલમાનો છે તથા રૂશિયામાં પણ તેમની થોડી સંખ્યા છે. ખ્રિસ્તી ધર્મ માનનારા ત્રણ પંથને લગતા છે. ૧ ગ્રીક ચર્ચને માનનારા, ૨ કેથોલીકો અને ૩ પ્રોટેસ્ટંટો.

લોક સ્થિતી—હલકી સ્થિતિના લોકો મચ્છી મારનો તથા શિકારીનો ધંધો કરે છે. ઘણાઓ ખેતી કરવાનો તથા ઢોર ઉછેરવાનો

ધંધા કરે છે. જ્યારે બાકીનાઓ વેપાર અને નવી બનાવટોમાં રોકાયલા રહે છે. દરિયો ખેડવાનો ધંધો પણ ઘણો આગળ વધેલો છે.

રાજ્ય અને સત્તા—રૂશિયા અને ટર્કીના રાજાઓની સત્તા સ્વતંત્ર છે, જો કે બંન્ને ઠેકાણે પાર્લામેંટનું ધોરણ શરૂ થયું છે. ફ્રાન્સ અને સ્વીટઝર્લેન્ડ પ્રજાસત્તાક રાજ્યો છે. બાકીના ભાગોમાં રાજાની સત્તાની હદ છે અને તેમને લોકોની મરજી પ્રમાણે ચાલવું પડે છે. આ ખંડમાં પાંચ રાજ્યો મુખ્ય છે. ઇંગ્લેન્ડ, જર્મની, રૂશિયા, ફ્રાન્સ અને ઓસ્ત્રીઆ હંગરી.

રાજકિય વિભાગો.

ભાગો **વાયવ્ય ખૂણામાં** **મુખ્ય શેહેરો**

૧ ઈંગ્લેન્ડ (England)—લંડન (London)
૨ સ્કોટલેન્ડ (Scotland)—એડીનબર (Edinburgh)
૩ આયર્લેન્ડ (Ireland)—ડબલીન (Dublin)
૪ **સ્કેનડીનેવ્યા:**
નોર્વે (Norway)—ક્રીશચિયાના (Christiania)
સ્વીડન (Sweden)—સ્ટોકહોમ (Stockholm)
૫ ડેનમાર્ક (Denmark)—કોપનહેગન (Copenhagen)

પૂર્વમાં.

૧ રૂશિયા (Russia)—સેંટપીટર્સબર્ગ (St.Petersburg)

મધ્યમાં.

૧ નેધરલેન્ડેસ (Netherlands)—એમસ્ટરડામ (Amsterdam)
૨ બેલજીયમ (Belgium)—બ્રસેલ્સ (Brussels)

૩ જર્મની (Germany)—બર્લિન (Berlin)
૪ ઓસ્ટ્રીઆ હુંગરી (Austria Hungary)—વીએના (Vienna)
૫ સ્વીટઝર્લેન્ડ (Switzerland)—બર્ન (Berne)
૬ ફ્રાન્સ (France)—પેરીસ (Paris)

દક્ષિણમાં.

૧ સ્પેન (Spain)—માંડરીડ (Madrid)
૨ પોર્ટુગાલ (Portugal)—લીસબોન (Lisbon)
૩ ઈટાલી (Italy)—રોમ (Rome)
૪ **બાલકન દ્વીપકલ્પ:**—

તુર્કસ્તાન (Turkey)—કોનસ્ટાંટીનોપલ (Constantino- [ple
બલગેરિયા (Bulgaria)—સોફિયા (Sofia)
રૂમેનિયા (Roumania)—બુચરેસ્ટ (Burcharest)
સર્વિયા (Servia)—બેલગ્રેડ (Belgrade)
મોન્ટીનિગ્રો (Montenegro)—સેટીની (Settinje)
ગ્રીસ (Greece)—એથેન્સ (Athens)

ઇંગ્લેન્ડ

હકીકત—આ ભાગમાં વેલ્સનો સમાવેશ થાય છે. હજારો વર્ષ પહેલાં આ ભાગો ખંડની જમીન સાથે જોડાયલા હતા. પૃથ્વીના ગોળામાં આ ભાગોનું સ્થાન સર્વોત્તમ છે કેમકે દુનિયાનાં બધા મહાસાગરો સાથે તેને પ્રત્યક્ષ સંબંધ છે. એનો આકાર અનિયમિત ત્રિકોણ છે. વધતામાં વધતી

સંખાઇ ૪૩૦ માઇલ છે. ઇંગ્લાંડનો વિસ્તાર ૫૦, ૮૨૩ ચો. માઇલ છે અને વેલ્સનો ૭,૩૬૩ ચો. માઇલ છે. કિનારો ઘણો સવર્ધન પામેલો છે અને તેમાં બંદરો માટે ઘણા ખાંચા છે. હવા ભેજવાળી પણ માફકસરની છે. પૂર્વ કરતાં પશ્ચિમ અને દક્ષિણ ભાગો ગરમ છે અને ત્યાં વધુ વરસાદ પડે છે. ઇંગ્લેન્ડમાં કોઇ કોઇવાર દરરોજ વરસાદ પડે છે.

સીમા—ઉત્તરે સ્કોટલેન્ડ, પૂર્વે જર્મન સમુદ્ર, દક્ષિણે ઇંગ્લીશ ચેનલ અને પશ્ચિમે આટલાંટિક મહાસાગર અને આઇરીશ સમુદ્ર.

ઉપસાગરો—સ્પીટહેડ અને સાઉથામપટન, દક્ષિણે. પ્લીમાઉથ, હેમ્પશાયર અને વાઇટ ટાપુની વચ્ચે. કાર્ડીગન અને સોલ્વેફ્રથ. પશ્ચિમ કિનારે.

સામુદ્રધુની—ડોવરની સામુદ્રધુની પૂર્વમાં. મનાઇ. પશ્ચિમમાં. સોલ્ટ, દક્ષિણમાં.

ભૂશિરો—પૂર્વ કિનારે: ફ્લામબરો હેડ અને સ્પર્નહેડ, યોર્કશાયરમાં. દક્ષિણ કિનારે: બીચીહેડ. સસેકસમાં. નીડલ્સ, વાહિટ ટાપુ આગળ.

લીઝાર્ડ પોઇન્ટ ને લેન્ડસ એન્ડ, કોર્નવાલમાં.

પશ્ચિમ કિનારે: સેંટ ડેવીડસ હેડ, વેલ્સની દક્ષિણે.

દ્વિપો—વાહિટ, હેમ્પશાયર આગળ. ચેનલ ટાપુઓ, ફ્રાન્સના કિનારા આગળ. એંગ્લસી, વેલ્સની ઉત્તરે. માન, આઇરિશ સમુદ્રમાં છે.

પર્વતો—પેનીન, ઉત્તરમાં. કમબ્રિયન, પશ્ચિમમાં, મુખ્ય શિખર સ્નોડન. ડેવોનિયન, કોર્નવોલમાં.

મેદાનો—ઇંગ્લેન્ડનો બે તૃત્યાંસ ભાગ નીચો પ્રદેશ છે. પૂર્વ, મધ્ય અને પશ્ચિમમાં મેદાનો છે.

નદીઓ—ટાઇન, વેર, ઉત્તરમાં જર્મન સમુદ્રમાં પડેછે. અમબર, વૅાશમાં પડેછે. ટેમ્સ, સૌથી મોટી, જર્મન સમુદ્રમાં પડે છે. મર્સી, સેવર્ન અને બ્રિસ્ટલએવન. આઇરિશ સમુદ્રમાં પડેછે. ટામર, એકસ અને એવન, દક્ષિણ ભાગમાં ઇંગ્લિશ ચેનલમાં પડેછે.

સરોવરો—વીનડરમિયર, અર્લસવોટર, થર્લમિયર, ડરવેન્ટવોટર અને વાસ્ટવોટર મુખ્ય સરોવરો છે.

પેદાશ—જમીન ફળદ્રુપ છે. ઘઉં, બાજરી, જવ મુખ્ય થાય છે. બટાટા, ગાજર, ઘણાં થાય છે. એપલ, જમરૂખ, ચેરી, અંજીર, અને સ્ટ્રૉબેરી, મુખ્ય ફળો છે. ઓક, બીચ ને ફરનાં ઝાડો કિંમતી છે. ઘોડા, બળદ, ઘેટાં, કુતરાં મુખ્ય છે. ભક્ષ કરનારાં જાનવરો કોઇ નથી. માછલી ઘણી છે.

ખનિજ—ખનિજમાં આ ભાગ આબાદ છે. લોઢું, કોયલા, સિંધવ, સીસું, જસત, કલાઇ, તાંબુ અને ઇમારતી તથા સ્લેટપથ્થરની ખાણો મુખ્ય છે.

ઉદ્યોગ ને વેપાર—દુનિયામાં બનતી ચીજોમાં સૌથી વધુ આ દેશમાં બનેછે. રૂ, લોઢું, બીજી ધાતુઓ, ઉન, રેશમ, ચામડું, સાબુ, કાચ વગેરે થાયછે. કાપડ તથા લોખંડી સામાન મુખ્ય છે. વરાળ યંત્રની શોધ આ દેશને આભારી છે. અહિંનો વેપાર અતી

ઘણો મોટો છે. અનાજ, રૂ, ઉન, ધાતુ, ઇમારતી લાકડાં, રેશમ, ચા, કોફી, તંબાકુની મુખ્ય આયાત છે. સુતરાઉ ગરમ કાપડ, લોઢું સાંચાકામ, કોયલા, શણની તથા ચામડાંની બનાવટ વગેરેની મુખ્ય નિકાશ છે. કોઇ પણ દેશ કરતાં અહિંના માર્ગો વેપાર અર્થે ચઢતા છે. રેલ્વેઓ, નેહેરો તથા બાંધેલા રસ્તા ઘણા છે.

વસ્તિને લોકો—ઇંગ્લેન્ડ અને વેલ્સની આખી વસ્તિ ત્રણ કરોડને વીસ લાખની છે. ઇંગ્લેન્ડનાં લોકો આર્ય વંશના ટયુટોનીક સમુહના છે. વેલ્સના લોકો સેલ્ટીક કે કેલ્ટીક જાતના છે. ઇંગ્લેન્ડમાં ઇ. સ. ૧૦૬૬થી નોર્મન ફ્રેંચ ભાષા દાખલ થઇ હતી. અંગ્રેજો પોતાની બહાદુરી, હિંમત, દ્રઢતા, સાહસિકપણું અને અદલ ઇનસાફ માટે જાણીતા છે.

રાજ્ય વ્યવસ્થા ને કેળવણી—આ દેશમાં જો કે રાજા છે છતાં મુખ્ય સત્તા પાર્લામેન્ટ એટલે લોકોની સભાનાં હાથમાં છે. પાર્લમેન્ટમાં બે વિભાગો છે. હાઉસ ઓફ લોર્ડસમાં ઉમરાવો બેસે છે, તથા હાઉસ ઓફ કોમન્સ સામાન્ય મેમ્બરો માટે છે, જેઓ પ્રજા તરફથી ચુંટાય છે. આ દેશની દરિયાઈ સત્તા દુનિયામાં સર્વોપરી છે. લડાઈ વખતે સ્થાનિક લશ્કર કરતાં બેવડું યા ત્રણગણું ઉતરવાને તે શકિતવાન છે. આ દેશમાં છોકરાછોકરીઓની પ્રાથમિક કેળવણી ફરજીયાત છે. મોટી મોટી પાઠશાળાઓ છે. દરેક બાબતની જુદી જુદી પાઠશાળા છે. દરેક શેહેરમાં જાહેર લાયબ્રેરી છે. પ્રોટેસ્ટંટ ધર્મ મુખ્ય છે. આ દેશમાં ઘણા સુપ્રસિદ્ધ વિદ્વાનો થઇ ગયા છે. કોઈ પણ ધર્મ પાળવાની દરેકને છુટ છે.

શેહેરો—લંડન, મુખ્ય શેહેર, દુનિયામાં સૌથી પૈસાવાળું ને વસ્તિવાળું, ઘણું વૈભવી શેહેર છે. યોર્ક, ઇતિહાસમાં પ્રસિદ્ધ શેહેર. શેફીલ્ડ, કાપવાના ઓજારો સારાં બનેછે. લીડસ, ઉનનાં કારખાનાં. લીવરપુલ, મોટું બંદર તથા દુનિયાનો રૂ અહિં આવે છે. મેનચેસ્ટર, સુતરનાં વેપારનું મથક. બ્રિસ્ટલ, તંબાકુંને બુટના વેપારનું મથક. બાથ, ઉનાં અને ખનિજ પાણી માટે. કેન્ટરબરી, ઇંગ્લેન્ડમાં ધર્મની બાબતનું મુખ્ય સ્થળ. વુલવરહેમ્પટન, લોખંડી સામાનનો મોટો વેપાર. ડર્બી, રેશમની બનાવટ. નોટીંગહામ, મોજાં, ગંજીફ્રાક વગેરે માટે. વુસ્ટર, ચીનાઈ વાસણ સારાં બનેછે. બર્મિંગહામ, લોખંડી સામાન માટે. ઓક્સફર્ડ ને કેમબ્રીજ, મોટી વિદ્યાલયો માટે. પોર્ટસમાઉથને પ્લીમાઉથ, નૌકાસૈન્યનાં સ્થળો. હલ, યાર્માઉથ ને સાઉધામપટન, મોટાં બંદરો છે. હોલીહેડ, કાર્ડીફને સ્વાન્સી, વેલ્સનાં મોટાં શેહેરો છે. છેલ્લાં બે બંદરો છે.

સ્કોટલેન્ડ.

હકીકત—આ દેશ ઇંગ્લેન્ડ કરતાં વધુ પહાડી છે. એ ગ્રેટબ્રિટનનો એક ભાગ છે. ઇંગ્લેન્ડ અને વેલ્સ કરતાં એ અડધો છે. વિસ્તાર છત્રીસ હઝાર ચો. માઇલ છે. ઇંગ્લેન્ડ સાથે સરખાવતાં અહિંયાંની હવા વધારે ઠંડ અને ભેજવાળી છે તથા શિયાળો ઘણો લાંબો છે.

સીમા—ઉત્તરે અને પશ્ચિમે, આટલાંટિક મહાસાગર. પૂર્વે, ઉત્તર સમુદ્ર અને દક્ષિણે ઈંગ્લેન્ડ તથા આઇરિશ સમુદ્ર.

અખાતો—ડોરનોક; ફોર્થ, ટે અને મોરે, મુખ્ય છે. પશ્ચિમમાં કલાઇડ અને સોલ્વે છે.

ભૂશિર—ડનેટહેડ, ઉત્તરમાં. રોથ, વાયવ્યકોણમાં અને ગેલોવે, દક્ષિણમાં છે.

દ્વીપો—ઉત્તરમાં, શેટલાંડ અને ઓર્કનીના ટાપુઓ. પશ્ચિમમાં, હેબરીડીઝ અને નૈરૂત્યમાં એરાન, મુખ્ય છે.

સામુદ્રધુની—નોર્થચેનલ, આયર્લેન્ડ અને કેનટાયરની વચ્ચે. પેટલેન્ડફર્થ, શેટલેન્ડ અને ઓર્કનીની વચ્ચે.

પર્વતો—ઉત્તરમાં પર્વતોની હાર છે. મધ્યમાં ગ્રેમપિયન, મુખ્ય શિખર બેન્નેવીસ. લાઉધરસ અને ચીવિયટ, દક્ષિણમાં છે.

નદીઓ—ટવીડ, ઇંગ્લેન્ડ અને સ્કોટલેન્ડની વચ્ચે છે. ફોર્થ અને ટે, જે તે નામના અખાતોમાં પડે છે. સ્પે, મોરેના અખાતમાં પડે છે અને કલાઇડ, એ નામના અખાતમાં પડે છે.

સરોવર—મુખ્ય સરોવર લોક લોમન્ડ તથા લોક નેસ અને ટે છે. નાનાં સરોવરો ઘણાં છે.

ખનિજ—સ્કોટલેન્ડમાં લોઢાંની ને કોયલાની ખાણો ઘણી છે.

પેદાશ ને વેપાર—ખેતી સારી છે. મુખ્ય અનાજ જવ છે. સુતર, શણ, ઉન અને જુટની બનાવટ મુખ્ય છે. મુખ્ય ઉદ્યોગ ખાણ ખોદવાનો તથા બનાવટોનો તેમજ માછલી મારવાનો છે. વહાણ બાંધવાનો હુન્નર પણ સારો છે. આ દેશનો

કિનારો એનાં કદના પ્રમાણમાં મોટો હોવાથી ભારે વેપાર ચાલે છે અને તે માટેની સગવડનાં દરેક સાધનો છે.

લોકો ને કેળવણી—વસ્તિ ૪૪,૭૨,૦૦૦ ની છે. લોકો ટયુટોનીક, સેલટીક કે કેલટીક જાતના છે. સ્કોચો હિમ્મતવાન અને ખંતીલા છે. મુખ્ય ધર્મ પ્રોટેસ્ટંટ છે પણ દરેક ધર્મની છૂટ છે. લોકો કેળવણીને ઘણી ચાહે છે. પ્રાથમિક કેળવણી અહિં ફરજ્યાત છે.

શેહેરો—એડીનબરો, મુખ્ય શેહેર, યૂરોપમાં એક સુંદર અને રમણિક શેહેર છે. ગ્લાસગો, રૂ તથા લોઢાંની બનાવટો માટે, મોટું બંદર છે. પેસલી, સુતર, સુતરાઉ કાપડ તથા શાલ માટે. સ્ટરલીંગ, આગળ રાજાઓનું મુખ્ય મથક. પર્થ, જુનું શેહેર તથા ઘણું સુંદર છે. ડંડી, શણનાં કાપડ તથા જુટની બનાવટ માટે, મોટું બંદર છે. એબરડીન, વેપાર અને કેળવણીનું ધામ, બંદર છે. ઇનવરનેસ, ઉત્તરમાં જાણીતું શેહેર છે. લીથ, મોટું બંદર છે. ફોલકર્ક, ઢોરોનું મુખ્ય બજાર છે.

આયર્લેન્ડ.

હકીકત.—આ ભાગ એક બેટ સમાન છે. આટલાંટિક મહાસાગરના પવનના સપાટાથી એ ગ્રેટબ્રિટનનું રક્ષણ કરે છે. અહિંયાં વરસાદ વધુ પડે છે તેથી દેશ આખો વખત લીલો રહે છે. વિસ્તાર ૩૨,૫૩૫ ચો૦ માઇલ છે. એનો આકાર વધુ

પહોળો પણ ટુંકો છે. સ્કોટલેન્ડ કરતાં એ સહેજ મોટો છે. ઋતુ ઘણી ગરમ અને ભાનાશવાળી છે.

સીમા—ઉત્તરે, દક્ષિણે અને પશ્ચિમે, આટલાંટિક મહાસાગર. પૂર્વે આઈરિશ સમુદ્ર ને સેંટ જ્યોર્જીસ ચેનલ.

અખાતો—ફોઇલ, ઉત્તરમાં. વેકસફોર્ડ, પૂર્વે. કોર્ક, દક્ષિણે તથા ડોનીગલ, પશ્ચિમે છે.

દ્વીપો—ઘણા નાના નાના બેટો છે. રાથલીન, ઉત્તરે અને ક્લિયર, દક્ષિણે.

ભૂશિરો.—હાઉથ હેડ, ડબલીન આગળ છે. ક્લિયર, દક્ષિણમાં છે મેલીન અને રેથલીન, ઉત્તરમાં છે. એકાલ અને ક્રો, પશ્ચિમમાં છે.

પર્વતો—એનટ્રીમ અને ડોનીગલ ઉત્તરમાં. નફીન અને કરી, પશ્ચિમમાં. ગાલ્ટીમુર ને સ્લીવ, દક્ષિણે. મોર્ન અને વીકલો, પૂર્વે છે.

નદીઓ—શેનન, આટલાંટિક મહાસાગરમાં પડે છે. બૅાન અને બારો, આઈરિશ સમુદ્રમાં પડે છે.

સરોવરો—લોક ને સૌથી મોટું, ઇશાનમાં છે અને કાલારની, નૈરૃત્યે, સૌથી સુંદર સરોવર છે.

ખનિજ—કોયલા અને લોઢાંની બાબતમાં આ દેશ ગરીબ છે. કોઇક ઠેકાણે ધાતુની ખાણો છે; પણ આરસના સુંદર પથ્થરની ખાણો ઘણી છે.

વસ્તિને લોકો—વસ્તિ ૪૪,૫૬,૫૪૫ની છે. દેશ ગરીબ હોવાથી લોકો પરદેશ તરફ બહુ જાય છે. લોકોનો મોટો ભાગ

સેલટીક જાતનો છે તથા કેથોલીક પંથ માને છે. આઈરિશો દયાળુ, આનંદી, ચાલાક અને પરોપકારી છે.

ઉદ્યોગ ને વેપાર—મુખ્ય ધંધો ઢોર ઉછેરવાનો છે. ઢોરો, તથા કુકડો પુષ્કળ થાય છે. શણ તથા ઉનનો થોડો વેપાર છે. મુખ્ય **આયાત** કોયલા, લોખંડી સામાન, લુગડાં અને ઈંગ્લેન્ડની બીજી બનાવટોની છે. વેપારનાં સાંધનો ઠીક છે

શેહેરો—ડબલીન, મુખ્ય શેહેર, વેપાર અને કેળવણીનું મુખ્ય મથક છે. બેલફાસ્ટ, ઉન અને શણની બનાવટ માટે. કોર્ક, બંદર છે. અહિંથી ખોરાકી બહુ બહાર જાય છે. લીમરીક, મુખ્ય બંદર અને લેસ બનાવવાનું મોટું મથક છે. લંડનડરી, ખોરાકીના વેપારનું મોટું મથક છે. વોટરફોર્ડ, બંદર અને વેપારનું ધામ છે. ડ્રોગેડા ને ગાલવે, ઇતિહાસિક શેહેરો છે.

ફ્રાન્સ

હકીકત—આ દેશ ઘણો અલબેલો છે અને દુનિયામાં શ્રીમંત છે. એનું ક્ષેત્રફળ ૨,૦૪,૦૦૦ ચો. માઈલ છે. અહિંયાં આકાશ સ્વચ્છ રહેછે તથા રૂતુ ઘણી સુંદર છે. કોઈક ઠેકાણે ઘણો વરસાદ પડે છે પણ શિયાળો અને ઉનાળો ઘણો સખ્ત હોતો નથી કેમકે એની જમીન દરિયાની સપાટીથી ઉંચી છે.

સીમા—ઉત્તરે, ઈંગ્લિશ ચેનલ અને બેલજીઅમ. પૂર્વે, જર્મની, સ્વીટઝર્લેન્ડ અને ઇટાલી. દક્ષિણે સ્પેન અને પશ્ચિમે આટલાંટિક મહાસાગર.

અખાત ને ઉપસાગર—બીસ્કેનો ઉપસાગર તથા લાયન્સનો અખાત મુખ્ય છે.

દ્વીપો—અશાંત અને બેલઆઇલ, પશ્ચિમે તથા ભૂમધ્ય સમુદ્રમાં કોર્સિકા, મુખ્ય દ્વીપો છે.

ભૂશિરો—ગ્રીને, બારફ્લુર ને લાહોગ, વાયવ્ય કોણુ છે.

પર્વતો—વોસજીસ, ફ્રાન્સ અને જર્મનીની વચ્ચે છે. જુરા અને આલપ્સ, અગ્નિ ખૂણામાં છે. પારીનીઝ, ફ્રાન્સ અને સ્પેન ની વચ્ચે છે.

નદીઓ—સેન, ઇંગ્લિશ ચેનલમાં પડે છે. લ્વોર અને ગેરોન, બીસ્કેના ઉપસાગરમાં પડે છે. રોન, ભૂમધ્ય સમુદ્રમાં પડે છે.

પેદાશ—જમીન ફળદ્રુપ છે. ખેતીના ધંધા મુખ્ય છે. ઘઉં તથા બીટરૂટ પુષ્કળ થાય છે. બીટરૂટમાંથી ખાંડ બને છે. દ્રાક્ષ તંબાકુ, ગાંજો, શણુ ને ઓલીવ તેલની પેદાશ મુખ્ય છે.

ખનિજ—ખનીજની પેદાશ અહિંયાં ઝાઝી નથી. મુખ્ય ખનિજ, લોઢું, કોયલા, ક્ષાર, સિંધવને આરસપહાણુ તથા ઇમારતી પથ્થર છે.

વ્યાપાર, હુન્નર—ફ્રાન્સની ત્રણુ બાજુએ સમુદ્ર હોવાથી પરદેશ સાથનો વેપાર સારી રીતે ચાલે છે. નેહેરો અને રેલ્વેનાં સારાં સાંધનો છે. મુખ્ય બનાવટ રેશમનાં કામની છે અને તે પછી દારૂ તથા ઉનના કપડાં આવે છે. અહિંની કારિગરી ઘણીજ ઉત્તમ પ્રકારની છે. એનાં બંદરો ઘણાં મોટાં છે તથા અંતર વ્યવહારના સાંધનો સારા છે.

લોકો ને રાજ્ય વ્યવસ્થા—વસ્તિ ત્રણુ કરોડ ને નેવું લાખની છે લોકો સેલટીક, રોમેનીક ને જર્મન જાતના મિશ્ર છે. ઘણુાખરા

કેથોલીક પંથના છે. લોકોના મોટો ભાગ અક્ષર સુન્ય છે. વિશ્વવિધ્યાલયો અને શાળાઓ સારી સ્થિતિમાં છે. લોકો હુન્નરમંદ, અદબવાળા અને નમનતાઇથી ભરપુર છે. ફ્રેંચો ન્યાય અને ભાઇબંધીના ઉપાસકો છે. હાલમાં આ દેશ પ્રજા સત્તાક છે. સેનેટ અને પ્રતિનિધિઓની સભા રાજ્ય કરે છે. રાજ્યના વડાને પ્રેસીડેન્ટ કહે છે.

શેહેરો—પેરીસ, મુખ્ય શેહેર છે, દુનિયામાં સૌથી રંગીલું અને ફાંકડું શેહેર છે તથા મોટી ઇમારતો છે. લાયન્સ માં રેશમનો ઉધ્યોગ છે. સેન્ટ ઇટીની માં લોખંડ અને રીબીનનો ઉધ્યોગ છે. રૂએન માં રૂનો વેપાર છે. લીલ માં શણ અને રૂનો ઉધ્યોગ છે. માર્સેલ્સ, સૌથી મોટું બંદર છે. બોરડો, બીજું બંદર છે કે જ્યાંથી બ્રાંડી, તેલ, ફ્રુટ વગેરે ઘણું જાય છે. નાન્ટસ, વેપારનું મથક છે. હેવર ને કેલે બંદરો છે. ટુલોં, ભૂમધ્ય સમુદ્ર આગળ બ્રેસ્ટ, આટલાંટિક મહાસાગર આગળ અને શેરબર્ગ ઇંગ્લિશ ચેનલ આગળ બંદરો છે. આ ત્રણે દરિયાઇ કાફલાનાં મુખ્ય મથકો છે.

બેલજીઅમ.

હકીકત—આ એક નાનું ત્રિકોણાકાર રાજ્ય છે. આખાં યુરોપમાં એ સૌથી ઉધ્યોગી છે. એનો વિસ્તાર ૧૧, ૩૭૩ ચો. માઇલ છે. ૠતુ ઇંગ્લેન્ડના દક્ષિણ ભાગ જેવી છે, પણ ઉ-

નાળો વધુ ગરમ અને શિયાળો વધુ ઠંડો છે. પશ્ચિમમાં ઘણો ધુમસ પડે છે.

સીમા—ઉત્તરે નેધરલેન્ડસ, પૂર્વે જર્મની, દક્ષિણે ફ્રાન્સ અને પશ્ચિમે જર્મન સમુદ્ર છે.

મેદાન—કેમપાઇનનું મોટું મેદાન, મધ્ય ભાગમાં છે.

નદી—મ્યુસ અને શેલ્ટ, મુખ્ય છે.

ખનિજ—ખનિજમાં આ ભાગ આબાદ છે. મુખ્ય ખનિજ કોલસા, જસત અને સીસું છે. અહિંયાં કાળા આરસની ખાણો છે, જે ઘણી કિંમતી છે.

હુન્નર, વેપાર—દુનિયામાં આ ભાગનો વેપાર બોહળો છે. જુદા જુદા દેશો સાથે રેલ્વે અને સમુદ્ર તથા નેહરો મારફતે વેપાર કરવાનાં એને ઘણાં સાહિત્યો છે. દેશમાં કોયલાનો મોટો જથ્થો હોવાથી બનાવટો ઘણી થાય છે. સુતરાઉ કાપડ, શણુ તથા રેશમનું કાપડ તેમજ સાંચા કામની મુખ્ય બનાવટ છે.

લોકો અને જાણુવા જોગ—વસ્તિ ૬૮ લાખ. ૮૫ હજારની છે. લોકો કેથોલીક પંથ માને છે. દરેક મોટાં શેહેરમાં ઉદ્યોગશાળા છે. રાજા, સેનેટ અને પ્રતિનિધિઓની સભા મળીને રાજ્ય ચાલે છે. નૌકાસૈન્ય કાંઇ નથી.

શેહેરો—બ્રસેલ્સ, મુખ્ય શેહેર અને લેસ તેમજ ગાલીચા માટે; અહિંયાંનો ટાઉન હોલ સુંદર છે. એન્ટવર્પ, વેપારનું મથક. ઘેન્ટ, સુતરાઉ કાપડ અને પાઠશાળા માટે. લીએઝ, લુહારકામ તથા ઘડયાલો સારાં બને છે.

નેધરલેન્ડસ

હકીકત—આ ભાગની જમીન દરિયો પુરી મેળવવામાં આવી હતી. પાણીના મારાથી આ દેશ પોતાનો બચાવ બહાદુરીથી કર્યે જાય છે, પણ રેલની મોટી ધાસ્તી રહે છે. પહેલાં આ ભાગને હોલાંડને નામે ઓળખતા હતા. એનો વિસ્તાર ૧૨,૬૪૮ ચો. માઈલનો છે ઋતુ નમ્ર છે અને જમીન ભેજવાળી છે. નદીઓ ઠંડીમાં બંધાઈ જાય છે. જેથી સ્કેટસ અને સ્લેજીસનો મુસાફરી માટે ઉપયોગ થાય છે.

સીમા—ઉત્તરે અને પશ્ચિમે, ઉત્તર સમુદ્ર; દક્ષિણે બેલજીઅમ અને પૂર્વે જર્મની છે.

દ્વીપો—વોલશેરન, દક્ષિણમાં છે. ટેકસેલ, ઉત્તરમાં છે.

ઉપસાગર—ઝુઈદરઝી, મુખ્ય ઉપસાગર છે.

સામુદ્રધુની—હેલડર, ઝુઈદરઝી આગળ છે.

નદી.—રાઈન, શેલ્ટ અને માસ, આ દેશમાંથી વહે છે.

પેદાશ—જમીન ફળદ્રુપ નથી પણ જવ, બાજરી, બટાટા અને બીટ રૂટ, મોટા જથ્થામાં થાય છે. અંજીર, શેબ ફળ અને ચેરી ફળો મુખ્ય થાય છે. માછલી, પનીર અને મુરબ્બાની સારી પેદાશ છે.

હુન્નર, વ્યાપાર—આ દેશ હુન્નરમાં આગેવાન નથી. અહિંયાંની મટોડીમાંથી વાસણો થાય છે તથા માછલીનો મોટો વેપાર છે. રૂ, ઉન અને રેશમની બનાવટનાં કારખાનાંઓ પણ છે. કાચનાં ધંધા તેમજ સાંચા કામ, સારાં થાય છે.

આગળ આ દેશ વેપારમાં બળવાન હતો. વેપારને ખાસ અનુકુળ આને એવી જગ્યાએ આ દેશ આવેલો છે તથા તેનાં ઉત્તેજન અર્થે નેહેરો વગેરે સાધનો સારાં છે.

લોકો અને જાણવાજોગ—વસ્તિ ૫૫ લાખ છે. ડચ લોકો સ્વતંત્રતાના મોટા હિમાયતી, મક્કમ મનના તથા હિમ્મતવાન છે. લાચારીમાં આવી પડેલા તરફ તેઓ ભારે દિલસોજ છે. અસલી રેવાજોના તેઓ જબરા હિમાયતી છે. મોટો ભાગ પ્રોટસ્ટંટ પંથી છે. કેળવણીનો સારો ફેલાવો છે. રાણી તથા પાર્લામેન્ટ જેવી સભા રાજ્ય વ્યવસ્થા કરે છે.

શેહેરો—એમસ્ટરડામ, વેપારનું મથક તથા હીરા કાપવા માટે ખાસ જાણીતું છે. હેગ, દરિયાઇ મથક. રોટરડામ, વેપારનું શેહેર છે. હારલેમ, ફુલના બગીચા માટે જાણીતું છે. લીડન, પાઠશાળા માટે. અટરેટ, જુનું શેહેર છે.

સ્વીટઝર્લેન્ડ.

હકીકત—આ દેશ યુરોપના મધ્યભાગમાં છે. એ ઘણો પહાડી મુલક છે. પહાડોએ ગોયા એની ફરતી કિલ્લેબંદી કરી મુકેલી છે. અહિંયાંનો કુદરતી દેખાવ ઘણોજ અનુપમ અને સુંદર છે. વિસ્તાર ૧૬ હઝાર ચો. માઇલ છે. રૂતુમાં જગ્યાની ઉંચાઇના પ્રમાણમાં ફેરફાર થાયછે. વરસાદ વધુ પડેછે તથા ઉનાળા અને શિયાળા જેવા રૂતુના ભાગો હોતા નથી.

સીમા—ઉત્તરે જર્મની, પૂર્વે ઓસ્ટ્રીઆ, દક્ષિણે ઇટાલી અને પશ્ચિમે ફ્રાન્સ છે.

પર્વત—જુરા પર્વત, સ્વીટ્ઝર્લૅન્ડને ફ્રાન્સથી જુદો પાડે છે તથા આલ્પ્સ પર્વત, ઇટાલીથી જુદો પાડે છે.

નદી—રાઈન, ઉત્તરમાંથી વહે છે. રોન, ઉત્તર તરફ વહે છે. આર, રાઇનની શાખા છે.

સરોવર—કોનસટન્સ, જીનીવા, ન્યુશેટલ, લુસર્ન ને ઝુરીચ, મુખ્ય છે.

પેદાશ—જમીન પહાડી છે છતાં ફળદ્રુપ છે. ઝાડો પુષ્કળ છે તથા ખેતી પણ ઠીક છે. જંગલો, ખેતરો અને ઘાસચારો અગત્યનાં છે. ગરમ ભાગમાં મકાઇ, દ્રાક્ષ ને તંબાકુ થાય છે. પનીરની પેદાશ મુખ્ય છે. જાનવરોમાં વરૂ, શેમવાવ નામનાં હરણ તથા આઇબેક્સ જાતનાં ઘેટાં વગેરે છે.

ખનિજ—આ દેશ ખનિજની બાબતમાં ગરીબ છે. ઘણુંજ થોડું લોઢું નીકળેછે. એસફાલટે નામના ડામર જેવા પદાર્થની ખાણ મોટા જથ્થામાં છે.

વેપાર, હુન્નર—કરકસર સખત મહેનત અને ઉનાંપાણીના પ્રવાહો આ દેશને આબાદ કરે છે. રેશમની મોટી બનાવટ છે. સુતર, ઘડયાલ અને ઘરેણાંનો હુન્નર ધીકતો છે. જો કે એને દરિયો કે બંદર નથી છતાં વેપાર સારો છે. અહિંથી રેશમ, સુતર, ઘડયાલો, પનીર અને દુધના દાબડા પરદેશ ખાતે પુષ્કળ જાય છે.

લોકો અને જાણવા જોગ—વસ્તિ ૪૩ લાખ છે. લોકો છૂટાં-પણાના હિમાયતી તથા જબરા સ્વદેશાભિમાની છે. તેઓ ભોળા અને ઉદ્યોગી છે. આ દેશમાં ચાર ભાષા બોલાય

છે. આ રાજ્ય જુનું પ્રજાસત્તાક છે. પાર્લામેન્ટ રાજ્ય કરે છે. મોટો ભાગ પ્રોટેસ્ટંટ પંથી છે. આ દેશમાં કેળવણી તદ્દન મુફત છે. શિક્ષકોને કેળવવા દરેક ઠેકાણે મોટી મોટી વિદ્યાલયો છે. આ દેશ યૂરોપખંડનું 'સેનીટેરીઅમ' ગણાય છે. અહિંયાં ગંધકના તથા મીઠાંના ઝરા છે. ખનિજપાણીઓ ઘણાંજ ગુણકારી છે, જે પીવા તથા તેમાં નહાવા હઝારો લોકો આવે છે. અહિંયાંનાં હોટેલો મોટી ઉંચાઇપર છે અને તેઓ આ દેશમાં ભવ્ય ઇમારતો છે.

શહેરો—જીનીવા, મુખ્ય શેહેર છે. મોટાં રાજ્યોની કોનફરન્સની બેઠક અહિયાં મળે છે તથા અહિંયાં ઘડયાલો સારાં બને છે. બેસલ, રેશમ, અને રીબનના વેપારનું મથક. બર્ન, અહિંથી આલ્પસ પર્વતનો દેખાવ રમણિક છે. ઝુરીચ, સુતરાઉ રેશમી કાપડ ને પાઠશાળા માટે. લુસેની, આ શેહેરની આસપાસનો દેખાવ અનુપમ છે. ચોકસડીફોન્ડસ, ઘડયાલના વેપારનું મુખ્ય મથક. સેંટગાલ, ગુંથેલી મલમલ માટે.

ઓસ્ટ્રીઆ હંગરી

હકીકત—આ દેશ પણ યૂરોપના મધ્ય ભાગમાં આવેલો છે. ઓસ્ટ્રીઆ અને હંગરીનાં બે જુદાં જુદાં રાજ્યો છે, પણ રાજા એકજ છે. એનો વિસ્તાર ૨,૪૧,૩૩૩ ચો. માઇલ છે. ઓસ્ટ્રીઆ ઘણો પહાડી મુલક છે પણ હંગરી તેના કરતાં વધુ સપાટ છે. ફ્રાન્સ કરતાં ઉનાળો ગરમ અને શિયાળો

ઠંડો છે. ઉંચાઈને લીધે હવામાં ફેરફાર થાયછે. વરસાદ ઝાઝો નથી.

સીમા—ઉત્તરે જર્મની અને રૂશિયા, પૂર્વે રૂશિયા, દક્ષિણે તુર્કસ્તાન અને ઈટાલી તથા પશ્ચિમે ઇટાલી અને સ્વીટ્ઝર્લેન્ડ છે.

અખાત.—ટ્રીએસ્ટનો અખાત વાયવ્યે છે તથા ફેટેરોનો અખાત નૈરૂત્યે છે.

પર્વત—કારપેથિયન પર્વત મોટો છે તથા આલ્પસની હારો પણ છે.

નદી.—ડાન્યુબ, મધ્યમાંથી વહે છે. નીસ્તર, નીપર, એલ્બ, વીસ્ચુલા ને એડીજ, ઉત્તરમાંથી વહી જાય છે. થીઈસ, હંગરીમાંથી વહેછે.

સરોવર—બેલેટન, મધ્યમાં છે.

પેદાશ—ઢોરો, મેંઢાં અને ડુક્કરો મુખ્ય ઉછેરવામાં આવે છે. રાઇ, મકાઇ, બટાટા ને બીટરૂટ તથા તંબાકુનો મોટો પાક થાય છે જંગલો ઘણાં હોવાથી ઇમારતી લાકડું ઘણું મળે છે. હંગરીમાં દ્રાક્ષ મોટા જથ્થામાં થાય છે. જમીન ખેતી માટે ઘણી સારી છે.

ખનિજ—ઓસ્ટ્રીઆ ખનિજમાં ફળદ્રુપ છે. મુખ્ય ખાણો કોયલા, લોઢું, નીમક, રૂપું તથા પારાની ખાણો છે. કેરોસીન તેલ પણ ઘણું નીકળે છે. હંગરીમાં સોનાં, લોઢાં, કોયલા ને નીમકની ખાણો છે.

વેપાર, હુન્નર—ખેતીનો મુખ્ય ધંધો છે પણ કોયલા અને લોઢાંની સગવડને લીધે જુદી જુદી બનાવટો સારી થાય છે. શણ અને રેશમનાં લુગડાંની બનાવટ તથા કાચ કામ સારૂં થાય છે. ચામડાં અને તંબાકુનો મોટો વેપાર છે.

આયાતમાં કાચો માલ મુખ્ય છે. નિકાશમાં ઢોર, અનાજ, ઇમારતી લાકડાં, સાંચાકામ, કાચકામ વગેર મુખ્ય છે. વેપારની સગવડ સારી છે.

લોકો અને જાણવાજોગ—ઓસ્ત્રીઆની કુલ વસ્તિ બે કરોડ ને ૬૦ લાખ છે. તથા હંગરીની 1 કરોડને ૯૦ લાખ છે. ઓસ્ત્રીઆમાં મુખ્ય વસ્તિ જર્મનો અને સ્લેવ જાતની છે અને તેઓ કેથોલીક પંથના છે. હંગરીમાં ઘણી જાતો છે, જેમાં મુખ્ય જાત મેજીયાર નામની છે. ઓસ્ત્રીઆ અને હંગરીની પાર્લામેન્ટો જુદી છે. રાજા પાર્લામેન્ટ સાથે રાજ્ય કરે છે. કેળવણી ફરજયાત છે, છતાં હંગરીમાં કેળવણીનો મોટો પ્રસાર નથી.

શહેરો—વીએના, ઓસ્ત્રીઆની રાજધાની અને વેપારનું મથક છે. પ્રેગ, કાચકામ અને મોજાંના વેપાર માટે. લેમબર્ગ, કેરોસીન તેલના વેપાર માટે. ગાઝ, લોખંડના વેપાર માટે. ઓસ્ટરલીઝ, ઇતિહાસિક જગ્યા છે. બ્રુન, ગરમ કાપડ અને કોયલાની ખાણ માટે. બુડાપેસ્ટ, હંગરીની રાજધાની અને અનાજ તથા ઢોરના મોટા વેપાર માટે. પ્રેસબર્ગ (Pozsony), દ્રાક્ષ તથા ઢોરના વેપાર માટે. આગરામ (Zargab), પાઠશાળા, તંબાકુ અને અનાજ માટે.

જર્મની

હકીકત—યૂરોપની મધ્યમાં આ એક બળવાન દેશ છે. એમાં નાનાં નાનાં સંસ્થાનો ઉપરાંત ચાર મોટાં રાજ્યો આવેલાં છે.

એનો વિસ્તાર ૨,૦૮,૦૦૦ ચો૦ માઇલ છે. એ ફ્રાન્સ કરતાં સેહેજ નાનો છે. એના ઉત્તર પ્રદેશની હવા ગરમ છે. શિયાળો સાધારણ છે પણ વરસાદ ઘણો પડે છે. મધ્ય પ્રદેશમાં ઘણી ગરમી અને ઘણી ઠંડી પડે છે. રાઇન નદીના પ્રદેશમાં તાપ સખત પડે છે.

સીમા—ઉત્તરે, ડેનમાર્ક અને બાલટિક સમુદ્ર, પૂર્વે રૂશિયા, દક્ષિણે ઓસ્ટ્રીઆ અને સ્વીટઝર્લેન્ડ અને પશ્ચિમે ફ્રાન્સ, બેલજીઅમ અને નેધરલેન્ડસ છે.

ભાગો—એના મુખ્ય પાંચ ભાગો છે. ૧ પ્રૂશિયા, ૨. બેવેરિયા, ૩. સેકસની, ૪. વરટેમબર્ગ અને ૫. બેડન અને બીજાં રાજ્યો.

પર્વત—આલ્પસ પર્વતની સાથે જોડાયલા ઘણા નાના પર્વતો છે. દક્ષિણમાં હાર્જ પર્વત છે તથા સેકસનીમાં અર્જગીબર્ગ, પર્વત છે.

નદી—વીસ્ચુલા અને ઓડર, બાલટિક સમુદ્રમાં પડે છે. એલ્બ અને રાઇન, જર્મન સમુદ્રમાં પડે છે.

પેદાશ—જમીન અતી ફળદ્રુપ છે. જવ, ઘઉં, બાજરી, મકાઈ, બટાટા ને તંબાકુ મુખ્ય થાય છે. દક્ષિણ ભાગમાં દ્રાક્ષ થાય છે.

ખનિજ—ખનિજની બાબતમાં જર્મની, ગ્રેટબ્રિટનથી બીજે નંબરે આવે છે. સીસું, રૂપું, તાંબુ, કલાઇ, કોયલા, લોઢું તથા જસત પુષ્કળ જથ્થામાં નીકળે છે.

ઉદ્યોગને વેપાર—મુખ્ય ઉદ્યોગ ખેતીનો છે. ખેતી સાથે ઢોરપણ પુષ્કળ ઉછેરવામાં આવે છે. લોખંડી કામ ઘણું થાય છે

અને તેથી ઉત્પ[illegible]નું વણાટનું કામ છે. વેપાર બહુ મોટો છે. તેની સગવડ અર્થે નેહેરો, બંદરો અને મોટા રસ્તાઓ ઘણા છે. અનાજ, રૂ, ઉન, ને ગુંદની મુખ્ય આયાત છે જ્યારે મુખ્ય નિકાશ સાંચાકામ, લોખંડી કામ, રેશમી ગરમ કાપડ તથા કોયલાની છે.

લોકો અને જાણવાજોગ—કુલ વસ્તિ ૭ કરોડની છે. જર્મન લોકો સામાન્ય રીતે પ્રમાણિક, સુઘડ, મેહેનતુ, બહાદુર ને વફાદાર છે. આ રાજ્ય વસ્તિ અને દોલતમાં આબાદ થતું જાય છે. પૃશિયાનો રાજા શેહેનશાહ કહેવાય છે. મોટાં યુદ્ધ વખતે તેને 'ફીડરલ સભા'ની સલાહ લેવી પડે છે. લોકો મોટા ભાગે પ્રોટેસ્ટંટ પંથી છે. આખાં રાજ્યમાં કેળવણી ફરજ્યાત છે. દુનિયામાં સૌથી વધુ કેળવાયલા લોકો જર્મનો છે. અહિંયાં ઘણી વિશ્વવિદ્યાલયો છે.

શેહેરો—**પૃશિયામાં:** બર્લીન, રાજધાની છે તથા મોટો વેપાર ચાલે છે. ફ્રેન્કફોર્ટ, દુનિયાનું સૌથી મોટું શરાફી શેહેર. હેનોવર, મોટો વેપાર છે. બોન, પાઠશાળા માટે. કોલોન, રૂ, ઉન તથા રેશમના વેપાર માટે. અહિંનું કોલન વોટર જાણીતું છે.

બેવેરિયામાં: મ્યુનિચ, મુખ્ય શેહેર છે. અહિંનાં ચિત્રો તથા કોતરકામ વિખ્યાત છે. નરનબર્ગ, ઘડયાલના ઉત્પત્તિનું મથક તથા રમકડાં માટે.

વરટેમબર્ગમાં: સ્ટટગાર્ટ, મુખ્ય શેહેર અને વેપારનું મથક છે.

સેકસનીમાં: ડ્રેસડન, મુખ્ય શેહેર અને ચિત્રકળાના મોટા જથ્થા માટે; લીપઝીગ, ચોપડીઓનું મુખ્ય મથક તથા

ચામડાંના વેપારનું મોટું ધામ.

બેડનમાં: કાલશેરૂહ, સુંદર મુખ્ય શેહેર છે. બેડન, નહાવાના ઝરાઓ માટે.

નાનાં સંસ્થાનોનાં મુખ્ય શેહેરોમાં રોસટોક, અનાજનું બંદર છે તથા ગોથા, નકશાના બનાવવાના હુન્નરનું મથક છે.

ડેનમાર્ક.

હકીકત—એ ભાગ બાલટિકનાં બંદરોનો રખેવાળ ગણાય છે. એ સૌથી નાનો, નબળો અને ઓછી વસ્તિવાળો ભાગ છે. એનો વિસ્તાર ૧૪,૧૨૪ ચો૦ માઇલ છે. ઈંગ્લેન્ડ કરતાં ઉનાળો લગાર વધુ સખત અને શિયાળો વધુ જબરો પણ નર્મ છે: કેમકે આ ભાગ છેક ઉત્તરમાં આવેલો છે તથા એની જમીન નીચી છે અને આસપાસ દરિયો છે.

સીમા—ઉત્તરે સ્કેનડીનેવિયા, પૂર્વે અને દક્ષિણે બાલટિકસમુદ્ર તથા પશ્ચિમે ઉત્તર સમુદ્ર છે.

દ્વીપો—ઝીલેન્ડ, ફ્યુનેન, લાલેન્ડ અને બોર્નહોમ, બાલટિક સમુદ્રમાં છે.

સામુદ્રધુની—સાઉન્ડ, ગ્રેટ બેલ્ટ અને લીટલબેલ્ટ, મુખ્ય છે.

પેદાશ—જવ, ઘઉં અને રાઇનો પાક સારો છે. ઘાસ ચારો ઘણો છે. ઢોરો ઘણાં ઉછરે છે. માખણ અને પનીર મોટા જથ્થામાં બને છે. માછલી ઘણી છે. જંગલી જાનવરો અને પક્ષિઓ પણ વિશેષ છે.

ખનિજ—આ દેશમાં ખનિજ કાંઇ નથી. અહિંયાંની મટોડી ઉંચા પ્રકારના વાસણો માટે ખાસ વપરાય છે.

વેપાર, ધંધો—ખેતીનો ધંધો મુખ્ય છે તથા ચીનાઈ વાસણનો ધંધો ધીકતો છે. શણ, રૂ ને સુતરનું વણાત પણ ઠીક થાય છે. કુક્કરનાં માંસનો તથા ઘોડાઓનો વેપાર ઠીક છે.

લોકો અને જાણવાજોગ—વસ્તિ ૨૪ લાખ, ૬૪ હઝારની છે. લોકો પીળા વાળના, બ્લુ આંખના તથા મધ્યમ કદના છે. તેઓ રીતભાત અને લાગણીમાં છૂટા વિચારના તથા કેળવાયલા અને કસરયા છે. કેળવણી બહોળા પ્રમાણમાં અપાય છે. લોકો અને રાજા મળી રાજ્ય થાયછે.

શેહેરો—કોપનહેગન, મુખ્ય શેહેર તથા બંદર છે તેમજ પાઠશાળા માટે જાણીતું છે. આરહુસ, બંદર છે અને ઓડેનસી, મોટું શેહેર છે.

સ્કેનડીનેવિયા.

હકીકત—આ ભાગ બાલટિક સમુદ્રને કિનારેથી શરૂ થાયછે અને ત્યાંથી સીધો ઉભો ચઢતો જાયછે. એ બે ભાગો મળીને થયલો છે. એકનું નામ **સ્વીડન** અને બીજાનું નામ **નોર્વે** છે. આ દ્વીપકલ્પ યુરોપમાં સૌથી મોટો છે. એનું ક્ષેત્રફળ ત્રણ લાખ ચો. માઇલ છે. સ્વીડન બહોળાં ઢળતાં મેદાનોનો પ્રદેશ છે ત્યારે નોર્વે મેદાનો અને પહાડોનો નાનો પ્રદેશ છે. હવા ઘણી નમ્ર છે. મધ્યમાં ઉનાળો ટુંકો અને શિયાળો

કડકડનો છે; પણ પશ્ચિમમાં ઠંડો ઉનાળો અને નમ્ર શિયાળો છે.

ભૂશિર—ઉત્તર ભૂશિર, યૂરોપનું છેક બિંદુ. નોર્ડકીન, ઉત્તરે તથા નેઝ અને સેન્ડ હેમર, દક્ષિણે છે.

દ્વીપ—ગોથલેન્ડ ને ઓલેન્ડ, સ્વીડનને કિનારે છે તથા લોફોડન. નોર્વેના ઉત્તર કિનારે છે.

પર્વત—સ્કેનડીનેવિયન અને આલપ્સ, ઉત્તરમાં છે. ગાલ્ડહોવીગ, નોર્વેમાંછે.

સરોવર—વેનર, વેટર ને મીલર, દક્ષિણે છે.

પેદાશ—જંગલો ઘણાં છે. અને તેમાંનું ઇમારતી લાકડું બહુ વખણાયછે ખેતી ઝાઝી નથી. ઘઉં તથા બાજરી થોડી થોડી થાયછે. જાનવરો અને પક્ષિઓ મોટા જથ્થામાં જંગલોમાંછે.

ખનિજ—સ્વીડનમાં લોઢાંની ખાણુ કિમતી પ્રકારની છે. જસત, તાંબુ તથા રૂપાંની ખાણો પણ ત્યાંછે. કોયલો મોટા જથ્થામાંછે. નોર્વે માંથી તાંબુ, લોઢું ને રૂપું ઘણુંાંજ થોડા પ્રમાણમાં નીકળે છે.

ઉદ્યોગ, વેપાર—બંન્ને દેશોમાં ખેતીનો મુખ્ય ઉદ્યોગ છે. તે ઉપરાંત સ્વીડનમાં ખાણ ખોદવાનો અને નોર્વેમાં માછલી મારવાનો તથા દરિયાઇ નોકરી કરવાનો ઉદ્યોગ છે. ઇમારતી લાકડું, ધાતુઓ, ઢોર ને માછલી, મુખ્ય **નિકાશમાં** છે, જ્યારે મુખ્ય **આયાત** સુતરાઉ ગરમ કાપડ, અનાજ, કાફી, ખાંડ વગેરેની છે.

લોકો અને જાણવા જોગ—કુલ્લે વસ્તિ ૨,૯૪,૦૦૦ની છે. સ્વીડનની વસ્તિ ૧,૭૧,૦૦૦ની છે. લોકો ભલા, અદબવાળા અને પરોણાગતમાં સારા છે. છાકટપણું લગાર વિશેષ છે. આ

બંન્ને દેશોની ભાષા મૂળ એકજ છે પણ થોડો થોડો ફેર છે. પ્રોટેસ્ટંટ ધર્મ મુખ્ય છે. નોર્વે કરતાં સ્વીડન કેળવણીની બાબતમાં ચઢે છે. બંન્ને રાજ્યો સ્વતંત્ર છે અને રાજા તથા પાર્લામેન્ટ વ્યવસ્થા કરે છે.

શેહેરો—**સ્વીડન**. સ્ટોકહોમ, મુખ્ય શેહેર અને વેપારનું મથક છે. ગોટનબર્ગ, વેપાર માટે. મામુલ, મુખ્ય બંદર છે. ગેફ્લે. લાકડાં, લોઢાં, અને તાંબાની નિકાશનું બંદર છે.

નોર્વે—ક્રીશ્ચિયાનિયા, મુખ્ય શેહેર અને પાઠશાળાનું મથક. બર્ગન, માછલીના વેપારનું મોટું બંદર. ટ્રોન્યેમ, અસલનું મુખ્ય શેહેર. સ્ટેવેનજર, હેરીંગ નામની માછલીનું બંદર.

રૂશિયા.

હકીકત—રૂશિયા એ બહોળાં મેદાનો, જંગલો, સરોવરો, અને ખાંજનોનો દેશ છે. એ ફ્રાન્સ કરતાં દશ ગણો અને ગ્રેટબ્રિટન કરતાં ત્રેવીસગણો મોટો છે. એનો વિસ્તાર ૨૦ લાખ ૯૦ હજાર ચો૦ માઇલ છે. એના દક્ષિણ ભાગો ગરમ છે પણ ઉત્તર ભાગો ઠંડા છે; છતાં દેશની ઋતુમાં મોટો ફેરફાર થયા કરે છે. વરસાદ ઓછો પડે છે.

સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર, પૂર્વે યૂરલ પર્વત અને યૂરલ નદી, દક્ષિણે કોકેસસ પર્વત, કાસ્પીઅન અને કાળો સમુદ્ર તથા પશ્ચિમે બાલટિક સમુદ્ર, ઓસ્ત્રીઆ, પૃશિયા અને સ્વીડન.

સમુદ્ર—શ્વેત સમુદ્ર, ઉત્તરમાં છે. બાલટિક સમુદ્ર, પશ્ચિમમાં છે. કાળો સમુદ્ર, આઝવ અને કાસ્પીઅન સમુદ્ર, દક્ષિણમાં છે

અખાત—બોથનિયા, ફીનલેન્ડ અને રૈગા, બાલટિક સમુદ્ર આગળ છે.

ભુશિર—કેનીન, શ્વેત સમુદ્ર આગળ.

દ્વીપ—ઇસલ, ડાગો અને આલેન્ડ, બાલટિક સમુદ્રમાં છે. નોવા ઝેમ્બલા, સ્પીટ્ઝબર્ગન અને વાઇગેટ્ઝ, ઉત્તર મહાસાગરમાં છે.

પર્વત—વાલડાઇ. સેંટપીટર્સબર્ગ અને મોસ્કોની વચ્ચે છે. મુખ્ય પર્વતો યૂરલ અને કોકેસસ છે.

નદી—પેચોરા અને દ્વીના, ઉત્તર મહાસાગરમાં પડે છે. નીવા, ફીનલેન્ડના અખાતમાં પડે છે. ડુના, નીમેન અને વીસ્ચુલા, બાલટિક સમુદ્રમાં પડેછે. નીસ્તર અને નીપર, કાળા સમુદ્રમાં પડેછે. ડોન, આઝોવના સમુદ્રમાં પડે છે તથા યુરોપની સૌથી મોટી નદી વોલગા, કાસ્પીઅન સમુદ્રમાં પડે છે. યૂરલ, કાસ્પીઅન સમુદ્રમાં પડે છે.

સરોવર—લાડોગા અને ઓનીગા, વાયવ્યમાં છે. પેઈપસ, ફીનલેન્ડ અને રૈગાના અખાતોની વચ્ચે છે. સૈઇમા, ફીનલેન્ડમાં છે.

પેદાશ—ઇમારતી લાકડું, ઘઉં, મકાઇ, જવ, રાઈ, દ્રાક્ષ તથા ફળોની મુખ્ય પેદાશ છે. જંગલો ઘણાં છે તથા ઘાસ ચારો પુષ્કળ થાય છે. જમીનમાંથી ખોદી કાઢેલો હાથીદાંત ઉત્તર ભાગમાંથી મળે છે. જાનવરોમાં સફેદ ને ભુરાં રીંછો, રૂવાંવાળાં જાનવરો, વરૂ, શિયાળ, તથા જંગલી ભુંડ વગેરે છે. રેનડિયર નામનું જાનવર ઉત્તર તરફ ઠીક કામમાં આવે છે. માછલી ઘણી છે.

ખનિજ—સોનું, લોઢું, તાંબુ તથા કોયલાની ખાણો ઘણી છે. આખી દુનિયાના કોઈપણ ભાગ કરતાં અહિંયાંથી પ્લેટીનમ વધુ જથ્થામાં નીકળે છે.

વેપાર, ઉદ્યોગ—માછલી પકડવાનો, ઢોર ઉછેરવાનો તથા ચામડાં બનાવવાનો હુન્નર સારો છે. મુખ્ય **નિકાશ**, ઘઉં ઈમારતી લાકડું, શણ, ઈંડાં અને કેરોસીન તેલની છે. મુખ્ય **આયાત** કાચું સુતર અને ચાની છે. નદીઓનો માર્ગ વેપારને સારી સવળતા કરી આપે છે.

લોકો અને જાણવા જોગ—વસ્તિ ૧૩ કરોડને ૫૦ લાખની છે. લોકો સ્લેવોનીક પંથના છે. રૂશિયનો મેહેનતુ, ભલા, વફાદાર પણ વહેમી અને લગાર છાકટપણા તરફ વિશેષ ઢળેલા છે. કેળવણી ઘણી મોટી નથી. લોકો ગ્રીક પંથને માનનારા છે. રૂશિયાના રાજા, ઝાર, તદ્દન આપખુદ છે; જો કે પાર્લામેન્ટ જેવી સંસ્થા હાલ સેહેજ દાખલ થઇ છે. રૂશિયાનું લશ્કર ઘણું મોટું છે તથા લડાઈ વેળા તે કરતાં વધુ ઉભું થઇ શકે છે. દરિયાઇ કાફલો મોટો છે પણ ઇ. સ. ૧૯૦૫માં જાપાને તેનો તદ્દન પરાજય કર્યો હતો.

શેહેરો—સેંટ પીટર્સબર્ગ, સુંદર રાજધાની અને વેપારનું મોટું મથક. ક્રોનસ્ટેડ, દરિયાઇ મથક. મોસ્કો, પુરાતન રાજધાની તથા મોટો વેપાર છે. વોરસો, પોલાંડનું મુખ્ય શેહેર અને વેપારી મથક. રૈગા, મોટો વેપાર અને દરિયાઇ બંદર. ઓડેસા, વેપારી મથક. કીફ, પવિત્ર શેહેર. સેબાસ્તપુલ, દરિયાઇ મથક. નીજનીનોવગોરોડ, સુંદર શેહેર. આસ્ત્રાખાન, મોટું બંદર. આર્કએનજલ, બંદર.

બાલકન દ્વીપકલ્પ.

હકીકત—યુરોપના દ્વીપકલ્પોમાંનો આ એક છે. એશિયા અને યુરોપ વચ્ચે આચાર વિચાર પસાર કરાવનારો આ એક મોટો પૂલ છે. તેની ત્રણ બાજુએ દરિયો છે તથા ઉત્તરે ડાન્યુબ નદી આવેલી છે. દક્ષિણ તરફ જતાં એ દરિયા તરફ વધતો જઇ ઘણા દ્વીપોમાં ફેરવાઇ જાય છે.

વિભાગો—પહેલાં આ આખો દ્વીપકલ્પ ટર્કીને તાબે હતો, પણ ગ્રીસ સ્વતંત્ર થયા પછી ધીમે ધીમે એના આઠ વિભાગો થઇ ગયા છે. ૧ બોસનિયા, ૨ મોંટીનીગ્રો, ૩ સર્વિયા, ૪ રૂમેનિયા, ૫ બલગેરિયા, ૬ પૂર્વ રૂમેલિયા, ૭ ટર્કી અને ૮ ગ્રીસ. પહેલાં ૭ રાજ્યો નાનાં હોવાથી સાથે ગણીશું અને છેલ્લાં બે મોટાં રાજ્યો હોવાથી છૂટાં પાડીશું.

પર્વત—બાલકન પર્વત અને તેની હારો આખા ભાગમાં છે.

નદીઓ—મોરાવા અને ઇસ્કર, ઉત્તર ભાગમાં મુખ્ય છે.

ઋતુ—ઉત્તરમાં ઉનાળો અને શિયાળો સખત છે. જેમ જેમ દક્ષિણ તરફ જઇએ તેમ તેમ સમુદ્રના પવનને લીધે હવા નમ્ર અને આનંદી બનતી જાય છે. ઉનાળામાં વરસાદ પુષ્કળ પડે છે પણ ગ્રીસમાં ઉનાળામાં વરસાદ પડતો નથી. પહાડો આગળની જગ્યામાં ઉનાળા અને શિયાળાની મોસમો ટુંક અંતરે આવે છે.

પેદાશ—પહાડી જગ્યામાં પાઇન અને દેવદારના ઝાડો થાય છે. નીચલા પ્રદેશમાં બીચ અને ઓકના ઝાડો તથા ગરમ ખીણોમાં ઓલીવને નારંગીનાં ઝાડો થાય છે.

લોકો—વસ્તિ ગીચ નથી. વેપાર હુન્નર ઝાઝો નથી. અડધા ઉપરાંત સ્લેવ પંથના લોકો છે અને તેઓ સર્વિયા અને બલગેરિયામાં છે. આલબિયનો, સર્વિયા અને ગ્રીસ વચ્ચેના પ્રદેશમાં છે. ગ્રીકો, ગ્રીસ તથા ક્રીટ અને બીજા ટાપુઓમાં છે. ટર્કો કે જેઓ મુસલમાનો છે તેઓ આખા દ્વીપકલ્પની વસ્તિનો સાતમો ભાગ છે છતાં બધે બધ નજરે પડે છે. શેહેરોમાં મુખ્ય વેપારીઓ યાહુદીઓ અને આર્મિનિયનો છે.

૧. બોસનિયા.

આ ભાગમાં હરઝેગોવીના નો ભાગછે. સર્વિયન જાતના લોકો અહિંયાંના રહિશ છે, પણ મુસલમાનો જાગીરદારો છે.

મુખ્ય શેહેર, સારાજેવા.

૨. મોંટીનીગ્રો.

આ નાનો વિભાગ પહાડોથી કુદરતી કિલ્લેબંદ છે. ઇ. સ. ૧૮૭૮માં એ સ્વતંત્ર તરીકે ગણવામાં આવ્યો હતો. પણ ઇ. સ. ૧૯૧૦માં દરેક મોટાં રાજ્યે તેની સ્વતંત્રતા કબુલી છે. મુખ્ય શેહેર. સેટીનજી.

૩. સર્વિયા.

આ ભાગ આગળ મોટું રાજ્ય હતું પણ ટર્કોએ તે જીત્યુ હતું. ઇ૦ સ૦ ૧૮૮૨ માં ફરી તે સ્વતંત્ર થયું હતું. વસ્તિ ૨૫ લાખ છે. મુખ્ય નિકાશ ડુક્કરોની છે. મુખ્ય શેહેર, બેલગ્રેડ.

૪. રૂમેનિયા.

આ ભાગ ઈ. સ. ૧૮૮૧માં સ્વતંત્ર થયો હતો વસ્તિ ૬૦ લાખ છે. એ ડાન્યુબ અને પ્રુથ નદી વચ્ચેનો પ્રદેશ છે. અહિંયાં અનાજ ઘણું પાકે છે અનાજની મુખ્ય નિકાશ છે, તથા કાપડ અને ધાતુની મુખ્ય આયાત છે. મુખ્ય શેહેર, બુચરેસ્ટ. જાસી અને ગેલેટ્ઝ, વેપારનાં મથકો છે.

૫ બલગેરિયા.

આ ભાગ ઇ. સ. ૧૮૭૮માં બર્લિનના કરાર મુજબ ટર્કીથી જુદો પાડવામાં આવ્યો હતો. વસ્તિ સાડી આડત્રીસ લાખની છે. લોકોનો ધંધો ખેતીનો તથા ઢોર ઉછેરવાનો છે. લોકો ગ્રીક પંથી છે પણ થોડો ભાગ મુસલમાનોનો છે. અનાજની મુખ્ય નીકાશ છે. મુખ્ય શેહેર, સોફીઆ; વારના, બંદર છે.

૬. પુર્વ રૂમેલિયા.

આ નાનું રાજ્ય પણ બલગેરિયા સાથે સ્વતંત્ર ગણાયું હતું. વસ્તિ દશ લાખની છે. મુખ્ય ધંધો ખેતીનો છે. મુખ્ય શેહેર, ફીલીપોપોલીસ.

તુર્કસ્તાન.

હકીકત—આ દેશ આગળ બળવાન રાજ્ય હતું; પણ પાછળથી એમાંથી વિભાગો પડવા શરૂ થયા હતા. યુરોપખંડમાં ફક્ત

આ ભાગ મુસલમાનોના હાથમાં છે. રતુ ફાંકડી અને તંદુરસ્તીકારક છે. તાપ અને ઠંડી સખત છે.

સીમા—ઉત્તરે ઓસ્ત્રીઆ, સર્વિયા, અને રૂમેનિયા, પૂર્વે કાળો સમુદ્ર, દક્ષિણે આર્કીપેલગોનો સમુદ્ર અને ગ્રીસ, પશ્ચિમે આડ્રીયાટિક સમુદ્ર.

અખાત—સાલોનિકા, દક્ષિણમાં છે.

પર્વત—બાલકન પર્વત પૂર્વથી પશ્ચિમ સુધી છે.

સામુદ્રધુની—ડાર્ડનલ્સ, આર્કીપેલગો, અને માર્મોરાના સમુદ્રને જોડે છે. બોસફરસ, માર્મોરા અને કાળા સમુદ્રને જોડે છે.

પેદાશ—જમીન ફળદ્રુપ છે. ઘઉં, મકાઇ, બાજરી, તંબાકુ, રૂ અને શણ મુખ્ય થાય છે. રેશમ, મધ અને મીણ સારા જથ્થામાં નીપજે છે. અહિંયાં ગાલીચા સારા બને છે તથા ખનિજમાં લોઢાંની ખાણો છે.

વેપાર—કાફી, સુતરાઉ કાપડ તથા ધાતુની મુખ્ય **આયાત** છે. પરદેશ ખાતે ઘઉં, કાચું રેશમ, જવ અને સુકકી દ્રાક્ષ જાય છે.

લોકો અને જાણવા જોગ—વસ્તિ ૬૦ લાખની છે. લોકોનો ધર્મ મુસલમાની છે, છતાં કેટલાક ગ્રીક પંથના પણ છે. ટર્કો મગરૂર, આળસુને ધર્માંધ છે, પણ બહાદુર અને પ્રમાણિક છે. રાજાને સુલતાન કહે છે અને તેનો ખેતાબ દીન ઇસ્લામનો સરદાર છે. તેની સત્તા આપખુદ છે પણ હાલ પાર્લામેન્ટ જેવી સંસ્થા દાખલ થઈ છે એટલે સુલતાનની સત્તાપર થોડો અંકુશ પડયો છે. હાલના સુધરેલા જમાનાને અનુસ-

રતો થવા આ દેશ હવે પ્રયાસ કરે છે સુલતાન મુસલમાની ધર્મનો વડો ગણાય છે.

શેહેરો—કોનસ્ટાંટીનોપલ, મુખ્ય શેહેર ઘણું સુંદર છે. એડ્રિયાનોપલ, ગુલાબના અત્તર માટે; સાલોનિકા, મોટું બંદર. ગેલીપોલી, દરિયાઈ મથક. સીરીસ, રૂના ઉપ્યોગ માટે.

ગ્રીસ

હકીકત—આ નાનકડો દેશ ટર્કીને તાબે હતો પણ તેણે પાછળથી ટર્કી સામે માથું ઉંચકયું અને આખરે સ્વતંત્ર થયો. પુરાતન જમાનામાં આ ભાગ મોટું રાજ્ય હોઇ, હુન્નર તથા ઉધ્યોગનું મધ્ય બિંદુ ગણાતો હતો. આ દેશ જવાન, આશાવંત અને ઉછળતો છે. ધીમે ધીમે એણે ઠીક જગ્યાઓ મેળવી છે. વિસ્તાર ૫ હજાર ચો॰ માઇલ છે. ઋતુ સાધારણ અને સારી છે. આકાશ ખુલ્લું વાદળ વિનાનું રહે છે.

સીમા—ઉત્તરે તુર્કસ્તાન, પૂર્વે આર્કીપેલેગો સમુદ્ર, દક્ષિણે અને પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર.

અખાત—કોરીન્થ અને એજીના, મુખ્ય છે.

ભૂશિર—કોલોના અને માટાપાન, દક્ષિણે છે.

દ્વીપો—નેગ્રોપોન્ટ, સ્પોરેડીસ, સાઇક્લેડીસ, આયોનિયન અને કેન્ડિયા મુખ્ય છે.

પર્વત—માંઉંટ ઓલીમપસ.

વેપાર, ઉદ્યોગ—મુખ્ય ઉદ્યોગ ખેતીનો તથા દરિયાઇ ધંધો કરવાનો છે. લોઢાંની અને સીસાંની થોડી ખાણો છે. સુકી દ્રાક્ષ; તેલ અને સીસાંનો મુખ્ય નિકાશ છે, જયારે અનાજ અને કાપડની મુખ્ય આયાત છે.

લોકો—વસ્તિ ૨૪ લાખને ૬૩ હજાર છે. લોકો દરિયાઇ સફર અને કેળવણીના ઉપાસકો છે. દરિયાઇ વેપારને લીધે આ દેશ વધવા પામ્યો છે. સ્વતંત્રતા પછી આબાદી, વસ્તિ અને કેળવણીમાં દિન પ્રતિદિન વધારો થતો જાય છે. કેળવણી લેવી એ આ ભાગમાં ખાસ ભૂષણ ગણાય છે.

શેહેરો—એથેન્સ, મુખ્ય શેહેર અને પ્રાચિન કાળના વિખ્યાત નરોની જન્મભૂમિ. પાટરાસ, મોટું બંદર. હરમોપોલીસ, સાઇકલેડોસ દ્વીપનું મુખ્ય શેહેર અને વેપારી મથક; કોર્ફુ, આયોનિયન દ્વીપનું મુખ્ય બંદર. લારીસા, મોટું શેહેર.

ઈટાલી

હકીકત—આ દેશ યુરોપનો એક મોટો દ્વીપકલ્પ છે. ગાયન, હુન્નર-મંદી, ચિત્રકળા તથા દરેક હુન્નરનું મુખ્ય સ્થાન આ દેશ છે. અહિંયાં અનેક વિરલા હુન્નરમંદો પેદા થયા હતા. વિસ્તાર ૧,૧૦,૦૦૦ ચો૦ માઇલ છે. આ દેશ વાદળ વિનાનાં ખુલ્લાં આકાશ માટે જાણીતો છે. ઋતુ નમ્ર અને સુંદર છે તથા કુદરતી દેખાવ ઘણોજ મનોહર છે. અંદરના ભાગોમાં લગાર વધારે ગરમી છે. આગળના વખતમાં આ

દેશ મોટી જાહોજલાલી ભોગવી હતી. રોમન કેથોલીક પંથના વડા ધર્મગુરૂ પોપનું મથક આ દેશમાં છે.

સીમા—ઉત્તરે સ્વીટઝર્લેન્ડ અને ઑસ્ટ્રીઆ, પૂર્વે આડ્રિયાટિક સમુદ્ર, દક્ષિણે ભૂમધ્ય સમુદ્ર અને પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર અને ફ્રાન્સ.

અખાત—ટેરેન્ટો, જીનોઆ અને વેનીસના અખાતો મુખ્ય છે.

ઉપસાગર—નેપલ્સનો ઉપસાગર.

ભૂશિર—સ્પાર્ટીવેન્ટો, દક્ષિણે છે. પેસેરો, સીસીલીની પશ્ચિમે તથા બોઇઓ, પશ્ચિમે છે.

દ્વીપ--સીસીલી, સાર્ડીનિયા, એલ્બા અને લીપારી મુખ્ય છે.

પર્વત—આલ્પસ, ઉત્તરમાં છે. એપીનાઇન, આખા ઇટાલીમાં છે; મુખ્ય શિખર મોંટીકારનો.

જ્વાળામુખી પર્વત—એટના, સીસીલીમાં છે. વીસુવીઅસ, નેપલ્સ આગળ અને સ્ટ્રોમબોલી, સીસીલીની ઉત્તરે છે.

મેદાન—લોમબાર્ડીનું મેદાન મુખ્ય છે.

નદી—પો, આર્નો અને ટાઇબર, મુખ્ય નદીઓ છે.

સરોવર—ગારડા, કોમો અને મેજીઓર.

પેદાશ—દ્રાક્ષ, ઑલીવ, નારંગી, લેમન, અંજીર, તાડ વગેરેનાં ઝાડો ઘણાં થાયછે. શેરડી સારી થાયછે. ઘઉં, ચોખા તથા મકાઇ ઠીક પાકે છે. જંગલી જાનવરો ઘણાં નથી. વીંછુ અને મચ્છરો કિનારાપરના મુલકોનો ત્રાસ છે.

ખનિજો—પથ્થર કોયલો ઠીક મળી આવેછે. લોઢાંની ખાણ કિમતી છે. તાંબુ, સીસું, ગંધક તથા **સફેદ** આરસપહાણની ખાણો ઘણી છે.

હુન્નર, વેપાર—મુખ્ય ધંધો ખેતીનો છે. અનાજ, દારૂ અને તેલનો ધંધો પણ ધીકતો છે. કિમતી ધંધો રેશમનો છે. શણ બહુ ઉગાડવામાં આવેછે. મુરબ્બો બનાવવાનો ઉદ્યોગ પણ જાણીતો છે. રૂનાં અને લોખંડનાં કારખાના ઘણાં છે પણ રેશમ કાંતવાનો અને વણવાનો હુન્નર ચઢિયાતો છે. મુખ્ય **નિકાશ**, રેશમ, ઓલીવ તેલ, ગંધક, દારૂ અને શણની છે.

લોકો અને જાણવાજોગ—વસ્તિ ૩ કરોડ ને ૩૦ લાખની છે. લોકો મિશ્ર જાતના છે, ખરો ઇટાલ્યન માયાળુ અને સભ્ય છે. તેની નજરમાં બધા સરખા છે. તે જબરો સ્વદેશાભિમાની ને કસરયો છે. લોકો કેથોલીક પંથના છે. કેળવણીનો સારો પ્રસાર નથી. અજ્ઞાનતા વિશેષ છે. અહિંની ભાષા લેટીન ભાષાનું બાળક છે, પણ તેમાં ફેરફારો થયલા છે. રાજા અને પાર્લામેન્ટ જેવી સંસ્થા રાજ્ય ચલાવેછે.

શેહેરો—રોમ, મુખ્ય શેહેર અને પોપનું મથક. અહિયાં સેંટપીટરનું દેવળ જોવા લાયક છે. નેપલ્સ, જોવા લાયક મોટું શેહેર; મીલાન, ફાંકડું દેવળ. ટયુરીન, રેશમના ઉદ્યોગ માટે. પેલેરમો, સીસીલીનું મુખ્ય શેહેર અને વેપારી મથક. જીનોઆ, મોટું બંદર. ફ્લોરેન્સ, પ્રખ્યાત ચિતારા અને કારીગરોના સુંદર કામ માટે. વેનીસ, આગળ સૌથી શ્રીમંત અને સુંદર પણ હાલ આરસીઓ અને લેસના મોટા ઉદ્યોગ

માટે. મેસીના, મોટું બંદર. બોલોના. વેપારી શહેર. બ્રાન ડિસી, બંદર; અહિંયાં હિંદુસ્તાનનો મેલ અટકે છે.

સ્પેન

હકીકત—આ દેશ યુરોપમાં ચડતી પડતીનું દ્રષ્ટાંત રજુ કરે છે. આગળ એ સૌથી જબરૂં રાજ્ય હતું પણ હવે તે તદ્દન નબળું છે. અહિંયાં આબાદી અને વેરાનતા ખુલ્લી નજરે પડે છે. વિસ્તાર ૧,૯૧,૦૦૦ ચો૦ માઈલ છે. ઋતુ સાધારણ ગરમ છે. મધ્ય ભાગમાં વિશેષ ઠંડી અને ગરમી પડે છે.

સીમા—ઉત્તરે બીસ્કેનો ઉપસાગર અને ફ્રાન્સ, પૂર્વે અને દક્ષિણે, ભૂમધ્ય સમુદ્ર, પશ્ચિમે પોર્ટુગાલ.

પર્વત—પીરીનીઝ, ફ્રાન્સથી સ્પેનને જુદો પાડે છે. સીએરાનેવીડ્ર, મધ્યમાં છે.

નદી—ડુરો, ટેગસ, ગ્વાડિયાના અને ગ્વાડલ કિવવર, આટલાંટિક મહાસાગરમાં પડે છે. ઇબ્રો, ભૂમધ્ય સમુદ્રમાં પડે છે.

પેદાશ—જમીન, કિનારા તરફ ફળદ્રુપ છે. ખેતીવાડીનો ધંધો મોટો છે. ઘઉં, મકાઈ અને ચોખા, મુખ્ય અનાજ છે. દ્રાક્ષ, ઓલીવ, અને ઓરેંજના ઝાડો પૂર્વ અને દક્ષિણમાં બહુ થાય છે. ઉન માટેનાં મેઢાં જાણીતાં છે. રેશમના કીડા દક્ષિણ તરફ ઘણા છે તથા માછલી વિશેષ છે.

ખનિજ—સીસું, તાંબુ, લોઢું અને પારો સારા જથ્થામાં મળી આવે છે.

વેપાર—સ્પેનને બે મોટા સમુદ્રો લાગેલા હોવાથી વેપાર બહોળાં પ્રમાણમાં થઇ શકે છે. કાચું સુતર, કોયલો, ખાંડને સાંચા કામની મુખ્ય **આયાત** છે અને **નિકાશમાં** દારૂ, ફળો, ધાતુઓ, સુતરાઉ કાપડ, તેલ ને ઉન મુખ્ય છે.

લોકો અને જાણવા જોગ—વસ્તિ ૧ કરોડ ને ૮૦ લાખની છે. ઋતુના પ્રમાણમાં લોકોના ગુણ દોષોમાં ફેરફાર છે. કેટલાક મેહેનતુ ને કસરત્યા છે ત્યારે કેટલાક જક્કી, તામસી, આનંદી અને આળસુના પાદશાહ છે. બપોરના ઉંઘવાનો ચાલ આ દેશમાં મોટાં પ્રમાણમાં છે. લોકો કેથોલીક પંથના છે. કેળવણી ઝાઝો પ્રસાર પામેલી નથી. સ્પેનીશ ભાષા લેટીન ભાષાનું બાળક છે.

શહેરો—માંડરીડ, મુખ્ય શેહેર. બાર્સીલોના, વેપાર અને ઉદ્યોગનું શેહેર. વેલેનશિયા, રેશમના વેપાર માટે; સેવીલ, તંબાકુ અને ઓરેંજો માટે; માલાગા, સુકકા મેવા અને દારૂના વેપાર માટે; મર્શિયા, રેશમના ઉદ્યોગને માટે; ઝારાગોઝા, ઇતિહાસિક જગ્યા; સાલામાંકા, પાઠશાળા માટે; ગ્રેનેડા, દુનિયાંના સુંદર શેહેરોમાંનું એક; કાર્થેજીના, દરિયાઇ કાફલાનું મથક. કેડીઝ, મોટું બંદર.

પોર્ટુગાલ

હકીકત—આ દેશ આગળ મહાનશોધક મુલક હતો. હાલ એ આબાદ અને સંતોષી છે. વિસ્તાર ૩૪,૦૩૮ ચો૦ માઇલ

છે. ઋતુ નમ્ર અને તંદુરસ્તી ભરેલી છે. પશ્ચિમમાં ગરમ હવા અને ભારે વરસાદ પડે છે પણ પૂર્વમાં હવા સુક્કી છે.

સીમા—ઉત્તરે અને પૂર્વે, સ્પેન, દક્ષિણે અને પશ્ચિમે આટલાંટિક મહાસાગર છે.

દ્વીપો—આઝોર્સ અને મદિરા

નદી—મોનડેગો, ઉત્તરમાં છે. ડુરો. ટેગસ, ગ્વાડિયાના મધ્ય અને દક્ષિણમાં છે.

પેદાશ—ઓક, ચેસ્ટનટ, બુચ તથા તાડના ઝાડો બહુ ઉગે છે. જમીન ફળદ્રુપ છે, પણ ખેતી ઘણી સારી નથી. તંબાકુ ને દ્રાક્ષ પણ ઠીક ઉગે છે.

ઉદ્યોગ, વેપાર—મુખ્ય ધંધો ખેતીનો છે. દ્રાક્ષનો પણ ઠીક ધંધો છે. રૂ, શણ ને ઉનની બનાવટ થોડી ઘણી છે. મુખ્ય વેપાર દારૂનો છે. **નિકાશમાં** મુખ્ય, બુચ, તાંબાની કાચી ધાતુ અને માછલી છે. **આયાતમાં** સુતરાઉ કાપડ, લોઢું, ઉન અને કોયલા મુખ્ય છે.

લોકો અને જાણવાજોગ.—વસ્તિ ૫૫ લાખ છે. લોકો મિશ્ર લોહીના છે. તેઓ ભલા, સભ્ય અને નમ્ર છે. નાચ અને ગાયનના તેઓ ભારે શોખીન છે. તેમની રીતભાતો સારી છે. મોટો ભાગ કેથોલીક પંથી છે. રાજા પાર્લામેન્ટ જેવી સંસ્થા સાથે રાજ્ય કરતા હતા, પણ ઈ. સ. ૧૯૧૦ ના અકટોબર માસથી આ રાજ્ય પ્રજાસત્તાક થયું છે.

શેહરો—લીસબોન, મુખ્ય શેહેર અને વેપારનું મથક; ઓપોર્ટો, પોર્ટ નામના દારૂ માટે; બ્રેગા, આગળ મુખ્ય મથક; કોઈમબ્રા, આખાં યુરોપમાં અહિંયાં સૌથી વધુ વરસાદ પડે છે.

આફ્રિકા (Africa)

હકીકત—આ ખંડ વિષે ઇ. સ. ૧૮૮૪ સુધી ઘણીજ થોડી હકીકત જાણુમાં આવી હતી તેથી તથા એમાં વસતા લોકોનો રંગ કાળો હોવાથી એને 'અંધારા ખંડ' તરિકે કેટલાકો ઓળખતા હતા. હજી પણ એના કેટલાક અંદરના ભાગોની શોધ થઇ નથી. એ ઉષ્ણ કટીબંધમાં વધુ છે અને જો કે એની આસપાસ દરિયો છે છતાં એની આબો હવા જમીનપરની હવા જેવી છે. આ ખંડની હકીકતો જાહેર માં આગળ ન આવી હતી છતાં એનો ઇજીપ્ત વાળો ભાગ, પુરાતન જમાનાઓમાં સુધારા, કળા અને શાસ્ત્રમાં તે વખતની આખી દુનિયાનું નાક સમાન હતો. બીજા ખંડો કરતાં આ ખંડ દરેક રીતે જુદો છે. ઘણા જુદા જુદા શોધકોએ પોતાની જીંદગીના જોખમે આ ખંડમાં શોધખોળ કરી તેને જાહેરમાં આણ્યો છે.

સીમા—ઉત્તરે ભૂમધ્ય સમુદ્ર, પૂર્વે રાતો સમુદ્ર અને હિંદી મહાસાગર, દક્ષિણે અને પશ્ચિમે આટલાંટિક મહાસાગર.

વિસ્તાર—એ ખંડ યૂરોપ ખંડ કરતાં ત્રણ ગણો મોટો છે. વિસ્તાર એક કરોડને ૨૦ લાખ ચો. માઇલ છે. ઉત્તરથી દક્ષિણ સુધીની એ ખંડની લંબાઇ ૫૦૦૦ માઇલ છે.

અખાતો—

કેબીઝ (Cabes)—ટયુનીસની પૂર્વે.

સીદ્રા (Sidra)—ટ્રિપોલીની ઉત્તરે.

ગીની (Guinea)—અપર ગીનીની દક્ષિણે.

ઉપસાગરો—

ટેબલ (Table)—કેપ કોલોનીની નૈરૂત્યે છે.

એલગોઆ (Algoa)—કેપ કોલોનીની અગ્નિએ છે.

ડેલાગોઆ (Delagoa)—ટ્રાન્સવાલની પૂર્વે.

બેનીન અને બીઆફ્રા (Benin ; Biafra)—અપરગીનીની દક્ષિણે.

દ્વીપો—

આટલાંટિક મહાસાગરમાં.

મદીરા (Madeiras)—કેનેરી દ્વીપની ઉત્તરે છે.

કેનેરી (Canary)—મોરોક્કોની નૈરૂત્યે છે.

કેપવર્ડ (Cape Verd)—સેનીગામ્બિયાની પશ્ચિમે છે.

ફર્નાનંડોપો (Fernando Po)—ગીનીના અખાતમાં છે.

એસેન્સન (Ascension)
સેંટ હેલીના (St. Helena) } —આફ્રિકાની પશ્ચિમમાં છે.

સેંટ ટામસ (St. Thomas)—ગીનીના અખાતમાં છે

હિંદી મહાસાગરમાં.

મેડાગાસ્કર (Madagascar)—મોઝાંબિકની અગ્નિ દિશાએ છે.

મારીશિયસ (Mauritius)—મેડાગાસ્કરની પૂર્વે છે.

બુર્બો (Bourbon)—મેડાગાસ્કરની પૂર્વે છે.

સેશલ્સ (Seychelles)—મોરીશિયસની ઉત્તરે છે.

સોકોટ્રા (Socotra)—ખંડની પૂર્વે છે.

સંયોગીભૂમિ—

સુએઝ (Suez)—આફ્રિકા અને એશિયાખંડને જોડે છે.

ભૂશિરો —

ઉત્તરમાં.

બોન (Bon)—ટ્યુનીસની ઉત્તરે છે.

પશ્ચિમમાં.

બ્લેંકો (Blanco)—સહરાની પશ્ચિમે છે.

વર્ડ (Verde)—સેનીગામબિયાની પશ્ચિમે છે.

પામાઝ (Palmas)—અપર ગીનીની દક્ષિણે છે.

દક્ષિણમાં.

ગુડ હોપ (Good Hope)
ઍગ્યુલાસ (Agulhas) } —કેપ કોલોનીની દક્ષિણે છે.

પૂર્વમાં.

ગુઆર્ડાફૂઇ (Guardafui)—ખંડની પૂર્વે છે.

પર્વતો —

ઉત્તરમાં.

ઍટલાસ (Atlas)—બાર્બરી સંસ્થાનોમાં છે.

પશ્ચિમમાં.

કોંગ (Kong)—અપર ગીનીની ઉત્તરે છે.

કેમેરૂન (Cameroons)—કેમેરૂનમાં છે.

યૂલેગા (Ulogga)—કોંગો અને નાઇલ નદીની વચ્ચે છે.

દક્ષિણમાં.

લોકીનગા (Lokinga)—કોંગો અને ઝાંબેઝી નદીની વચ્ચે છે.

સ્નીયુબર્ગન ((Sneeubergen)—કેપ કોલોનીમાં છે.

ડ્રેકનબર્ગ (Drakenburg)—નેટલની પશ્ચિમે છે.

પુર્વમાં.

કીલીમાનજારો (Kilima Njaro)—જર્મન પૂર્વ આફ્રિકામાં.
કેનીઆ (Kenya)—બ્રિટિશ પૂર્વ આફ્રિકામાં.
લુપાટા (Lupata)—મોઝાંબીકની પશ્ચિમે છે.
એબીસિનિયા (Abyssinia)—એબીસિનિયામાં છે.

રણ—સહરાનુંરણ (Sahara)—ઉત્તરમાં છે.

નદીઓ—

નાઈલ (Nile)—એ વિક્ટોરિયા નીઆનઝા સરોવર આગળથી નીકળી મીસરમાં થઇ ભૂમધ્ય સમુદ્રને મળે છે.

પશ્ચિમમાં.

નાઇજર (Niger)—સુદાનમાંથી વહીને ગીનીના અખાતમાં પડે છે.
કોંગો (Kongo)—માધરો સરોવરમાંથી નીકળી કોંગો સ્વતંત્ર સંસ્થાનમાંથી વહીને આટલાંટિક મહાસાગરમાં પડે છે. એ આફ્રિકામાં સૌથી મોટી નદી છે.
સેનીગાલ (Senegal) } સેનીગેમબિયામાંથી વહી આટલાંટિક
ગેમબિયા (Gambia) } મહાસાગરમાં પડે છે.
ઓગોવાઇ અને કોઆનઝા—આટલાંટિક મહાસાગરમાં પડે છે.
(Ogowai; Coanza) પહેલી ફ્રેંચ કોંગોમાં થઇને તથા બીજી પોર્ટુગીઝ પશ્ચિમ આફ્રિકામાં થઇને વહે છે.

દક્ષિણમાં.

ઑરેન્જ (Orange)—કેપ કોલોનીની ઉત્તરમાંથી વહી આટલાંટિક મહાસાગરમાં પડે છે.

પૂર્વમાં

લીમપોપો (Limpopo)—ટ્રાન્સવાલની ઉત્તરે, પોર્ટુગીઝ પૂર્વ આફ્રિકામાં થઈને હિંદી મહાસાગરમાં પડે છે.

ઝાંબેઝી (Zambesi)—મધ્ય આફ્રિકામાં થઈને મોઝાંબીકની ખાડીમાં પડે છે.

સરોવરો—આ ખંડમાં સરોવરો ઘણાં મોટાં છે અને તે જુદાજુદા શોધકોએ શોધ્યાં હતાં.

વિક્ટોરિયા નીઆનઝા (Victoria Nyanza) આલબર્ટ નીઆનઝા (Albert Nyanza) ટેંગાનીકા (Tanganyika)	કોંગોરાજ્યની પૂર્વે છે.

બેંગવીઓલો (Bangweolo)–રોડેસિયામાં છે.

નીઆસ્સા (Nyassa)—મોઝાંબીકની પશ્ચિમે છે.

ગામી (Ngami)–દક્ષિણમાં રોડેસિયાની પૂર્વે છે.

શાદ (Tschad)–સુડાનમાં છે.

ઋતુ—આફ્રિકાનો મોટો ભાગ ઘણોજ ગરમ છે. સહરાની અંદરના ભાગમાં ઉત્તરે વરસાદ નથી. વિષુવવૃત્ત આગળ પુષ્કળ વરસાદ પડેછે. કિનારાઓનો મુલક અસુખાકારી ભરેલો છે. દક્ષિણ ભાગની ઋતુ મધ્યમ, સારી અને સુખાકારી ભરેલી છે, ગરમી અને વરસાદની બે ઋતુ છે. આ ખંડમાં ફુંકતા વેપારી પવનમાં ભીનાસ હોતો નથી. એ ખંડની આસપાસ મોટા અખાતો કે દ્વીપકલ્પો નથી. કિનારે આવેલા પર્વતો પવનનો ભીનાસ ચુસી લેછે તેથી અંદરના ભાગો વિશેષ ગરમ હોયછે.

પેદાશ—ખેતી ઘણીખરી ઉજ્જડ જેવી છે. ખજૂર એ રણમાંના રહેનારાઓની રોટી છે. ખંડનો ઉત્તરનો ભાગ યૂરોપના દક્ષિણ ભાગની બરોબર છે. ચોખા, ઘઉં, બાજરી, કાફી, રૂ વગેરેનો સારો પાક થાયછે. તાડ, અબનુસ, સુખડ, શુંદર તથા ઇમારતી લાકડાંનાં ઝાડ મોટા જથ્થામાં ઉગે છે. આ ખંડમાં જેટલાં જાનવરો છે તેટલાં કોઈ બીજા ખંડમાં નથી. સિંહ, હયના, જીરાફ, ઉંટ, ઝીબ્રા, રહીનોસેરાસ, ગોરીલા, ચીમપાનજી તથા અનેક બીજાં છે. સાંપો મોટા છે. શાહમૃગો તથા જુદી જુદી જાતનાં ઘણાં પક્ષીઓ છે કે જેમનો વેપાર તેમનાં પીછાં માટે થાયછે. ગીનીને કિનારે સફેદ કીડી મળેછે. દક્ષિણ અને મધ્ય આફ્રિકામાં એક જાતની માંખ થાયછે જે ઘોડા, ઉંટ, બળદ અને કુતરાઓનો નાશ કરેછે.

ખનિજ—દક્ષિણમાં સોનાની અને હીરાની ખાણો છે. મીઠાંની ખાણો બધેબધ વિખરાયલી પડેલી છે. એટલાસ પર્વતમાંથી લોઢું, તાંબુ ને સીસું નીકળેછે.

લોકો—એ ખંડની વસ્તિ ૨૦ કરોડ ધારવામાં આવેછે. પશ્ચિમ સૂડાનના ભાગમાં મોટી વસ્તિ છે, પણ સહરા અને પોર્ટુગીઝ મુલકોમાં તે ઘણી ઓછી છે. ઉત્તરમાં ઇજીપશિયનો, મુરો, આરબો અને એબીસિનિયનો વગેરે છે. મધ્યમાં સીધીઓ છે. દક્ષિણમાં કાફિરો અને હોટેન્ટો છે. આફ્રિકન પ્રજા કેળવાયલી નથી. લોકો વહેમી તથા સુધારામાં પછાત છે. અહિં પેહલાં ગુલામી વેપાર હતો પણ તે બંધ પડયો છે.

ફ્રાન્સ, ઇંગ્લેન્ડ અને નેધરલેન્ડસમાંથી ઘણા ખ્રિસ્તીઓ આ મુલકમાં આવી વસેલા છે.

ભાષા—ઘણી ખરી બોલાતી બોલીઓ ભાષા તરિકે ગણાય તેવી નથી. અરબીક અને બરબર ઉપરાંત દેશીઓમાં ઘણી જુદી જુદી ભાષાઓ બોલાયછે.

ધર્મ—ઉત્તર અને પૂર્વમાં લોકોનો મોટો ભાગ મુસલમાની ધર્મ માનેછે. થોડાક ભાગોમાં ખ્રિસ્તી ધર્મ માનેછે તથા બાકીનાઓ મૂર્તિ પૂજક છે.

ખંડની સ્થિતિ—આ ખંડમાં મોરોક્કો અને એબીસિનિયા સિવાય કોઇ પણ ભાગ સ્વતંત્ર નથી. યુરોપનાં સાત રાજ્યો ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની, બેલજીઅમ, સ્પેન અને પોર્ટુગાલ અને ઇટાલીએ બધા પ્રદેશ લઇ લીધા છે. આ સાત રાજ્યોમાં મોટો હિસ્સો ઇંગ્લેન્ડ અને ફ્રાન્સને સ્વાધિન છે એટલે આ આખો ખંડ લગભગ યુરોપને તાબે છે.

રાજકિય વિભાગો.

ઉતર આફ્રિકા:	**મુખ્ય શહેર**
૧. બાર્બરી સંસ્થાનો:	
મોરોક્કો (Morocco)	મોરોક્કો.
અલજીરિયા (Algeria)	અલજીર્સ (Algiers)
ટયુનીસ (Tunis)	ટયુનીસ
ટ્રિપોલી (Tripoli)	ટ્રિપોલી

૨ ઇજીપ્ત કે મિસર	કૈરો
(Egypt)	(Cairo)
૩ ઇજીપ્ત સુડાન	ખાર્ટુમ
(Egyptian Soudan)	(Khartoum)
૪ એબીસિનિયા	એડીસઅબેબા
(Abyssinia)	(Adis Abeba)
૫ સહરા	એગાડેઝ
(Sahara)	(Agadez)
૬ સુડાન	ટિમબકટુ અને યોકુબા
(Soudan)	(Timbucktoo; Yokuba)

પશ્ચિમ આફ્રિકાઃ—

(૧) લોઅર સેનીગાલ	સેંટ લુઇ
(Lower Senigal)—	(St. Luie)
(૨) બ્રિટિશ ગેમબિયા	બેથર્સ્ટ
(Br. Gambia)	(Bathurst)
(૩) સીએરાલીઓન	ફ્રીટાઉન
(Sierra Leono)	(Freetown)
(૪) લાઇબિરિયા	માનરોવિયા
(Liberia)	(Monrovia)
(૫) ગોલ્ડ કોસ્ટ	કેપ કોસ્ટ કેસલ
(Gold coast)	(Cape coast castle)
(૬) ડાહોમી	એબોમી
(Dahomey)	(Abomey)

(૭) લાગોસ (Lagos)	લાગોસ (Lagos)
(૮) દક્ષિણ નાઇજીરિયા (S. Nigeria)	ઓલ્ડ કેલેબાર. (Old Calabar)
(૯) ફ્રેંચ કોંગો (F. Congo)	લાઇબરવીલે (Liberville)
(૧૦) કોંગો સ્વતંત્ર (Congo Free state)	બોમા (Boma)

પૂર્વ આફ્રિકાઃ—

(૧) બ્રિટિશ પૂર્વ આફ્રિકા (British E. A.)	મોમ્બાસા (Mombasa)
(૨) ઝાંઝીબાર (Zanzibar)	ઝાંઝીબાર.
(૩) જર્મન પૂર્વ આફ્રિકા (German E. A.)	દારેસ સલામ (Dar-es-salam)
(૪) પોર્ટુગીઝ પૂર્વ આફ્રિકા (Portuguese E. A)	મોઝામ્બીક. (Mozambique)

મધ્ય આફ્રિકાઃ—

(૧) રોડેસિયા (Rhodesia)	સેલીસબરી. (Salisbury)
(૨) બ્રિટિશ મધ્ય આફ્રિકા (Br. Cen. A.)	બ્લેનટાયર. (Blantyre)

દક્ષિણ આફ્રિકાઃ—

(૧)	કેપ કોલોની (Cape colony)	કેપટાઉન (Cape town)
(૨)	નેટલ (Natal)	પીટરમેરિટઝબર્ગ. (Pietermaritzburg)
(૩)	ઓરેંજ રીવર કોલોની (Orenge River colony)	બ્લોમફોનટીન (Bloemfontein)
(૪)	ટ્રાન્સવાલ (Transvaal)	પ્રીટોરિયા (Pretoria)
(૫)	બેસુટોલેન્ડ (Basutoland)	મેસેફ (Massef)

બાર્બેરી સંસ્થાનો.

હકીકત—આફ્રિકાના છેક ઉત્તરમાં આવેલો આ ભાગ ચાર રાજ્યો મળીને બનેલો છે. આ ભાગમાં આગળ ચાંચીઆ લુટારૂઓ હતા પણ ફ્રેંચ તથા અંગ્રેજ સરકારે તેમને બંધ કીધા છે. કિનારા આગળની ઋતુ સાધારણ છે, પૂર્વ અને બીજી દિશા તરફ રણને લીધે ગરમ પવન જબરો ફુંકે છે.

ભાગો—એના મુખ્ય ચાર ભાગો છે ૧. મોરોક્કો, ૨. અલજીરિયા, ૩. ટયુનીસ અને ૪. ટ્રિપોલી.

પર્વત—એટલાસ પર્વત, બોનબુરિરથી આટલાંટિક મહાસાગર સુધી છે

લોકો—લોકો આરબો છે જેમને મુર કહે છે. વસ્તિ લગભગ ૧ કરોડને ત્રીસ લાખ છે; યાહુદીઓ ઘણા છે અને તેઓ શ્રીમંત છે. ભાષા અરેબીક છે: ધર્મ મુસલમાની છે.

મોરોક્કો

હકીકત—ઉત્તરમાં પશ્ચિમ તરફ આ ભાગ સૌથી ફળદ્રુપ છે. અહિંના સુલતાનને દીનચુસ્તોનો શાહજાદો કહે છે. વિસ્તાર ૨,૦૦,૦૦૦ ચોરસ માઇલ છે. વસ્તી ૫૦ લાખની છે. સરકાર જુલમી છે. દરેક જાતનું અનાજ થાય છે તથા મકાઈ, ખજુર, બદામ, ઓલીવ અને સીંગનો પાક મુખ્ય છે. બળદો, મકાઇ અને સીંગની મુખ્ય નિકાશ છે.

શહેરો—મોરોક્કો, મુખ્ય શેહેર અને એ નામનાં ચામડાંની વિખ્યાતી માટે. ફેઝ, પવિત્ર મથક તથા ટોપીઓના વેપાર માટે.

મેકવીનેઝ, ફળાફળાદીને ખેતીનું મુખ્ય મથક. મોગાદોર અને ટાનજીર, બંદરો છે.

અલજીરિયા

હકીકત—આ ભાગ મોરોક્કોની પૂર્વે આગળ મુરીશ શાહજાદાઓના હાથમાં હતો, પણ હાલ ફ્રેંચોને તાબે છે. વિસ્ત. ૧,૮૫,૦૦૦ ચો. માઈલ છે. વસ્તિ ૫૦ લાખ છે, જેમાં ૭ અ . ફ્રેંચો છે. આ ભાગ ફળદ્રુપ છે. ઘઉં, ઓલીવ, તંબાકુ, રૂ ને દ્રાક્ષ મુખ્ય થાય છે. **નિકાશમાં** એસપારટો નામનું ઘાસ થાય છે કે જેનાં કાગળો બને છે તથા અનાજ અને દ્રાક્ષ **છે.**

શેહેરો—અલજીર્સ, મુખ્ય શેહેર; આફ્રિકામાં એ સુંદર શેહેર છે અને રૂપેરી શેહેર તરિકે ઓળખાય છે. ઓરાન, એસપારટો ઘાસની નિકાશનું બંદર; કોનસ્ટેનટાઇન, ચામડાનાં વેપાર માટે.

ટયુનીસ.

હકીકત—આ ભાગપણ ફ્રેંચોના આશરા હેઠળ છે. એ ભાગપણ ફળદ્રુપ હોવાથી અહિંયાં મોટો વેપાર ચાલે છે. ઓલીવનું તેલ, ઘઉં અને એસપારટો ઘાસની મુખ્ય **નિકાશ** છે. વસ્તિ ૨૦ લાખની છે.

શેહેરો—ટયુનીસ, મુખ્ય શેહેર અને રેશમી. ગરમ કાપડ બનાવવાનું મથક. કેરવાન, પવિત્ર શેહેર.

ટ્રિપોલી.

હકીકત—એમાં બાર્કા અને ફેઝાન નામના નાના ભાગો આવી જાય છે. એ ટર્કીને તાબે છે તથા એના વડાને પાશા કહે

છે. વિસ્તારમાં એ ગ્રેટબ્રિટન કરતાં ચારગણો વધારે છે. આ ભાગ ઘણો ફળદ્રુપ નથી. શાહમૃગનાં પીછાં, એસપારટો ઘાસ અને ઘઉંની મુખ્ય નિકાશ છે. વસ્તિ ૧૦ લાખની છે.

શેહેરો—ટ્રિપોલી, મુખ્ય શેહેર અને વેપારી મથક. મુર્ઝુક, ફેઝાનનું મુખ્ય શેહેર અને વેપારનો મોટી જગ્યા.

ઇજીપ્ત.

હકીકત.—ખડંકાની મોટી દીવાલો વચ્ચે આવેલા રણનો અને લીલોતરીનો પ્રદેશ તે ઇજીપ્ત છે. એનું ક્ષેત્રફળ ચારલાખ ૨૦૦ માઇલ છે; જો કે બધા ભાગમાં વસ્તિ નથી. ઋતુ સુક્કી છે. ઘણો વરસાદ નથી. ઉનાળામાં તાપ પુષ્કળ પડે છે પણ બીજે વખત સારી છે. હવ ઘણોજ પડે છે. નાઇલ નદીની રેલપર આ દેશનો આધાર છે. ચોકક્સ અંદાજાવેર પાણી દર વર્ષે આવે છે. જો આ રેલ મોટી આવે તો જાનમાલનું નુકસાન થાય અને ઓછી આવે તો દુકાળ પડે. સુએઝની નેહેર જે દુનિયાની અજાયબી છે તે બંધાવા પછી અહિંયાંનો વેપાર વધી ગયો છે.

સીમા—ઉત્તરે ભૂમધ્ય સમુદ્ર, પૂર્વે રાતો સમુદ્ર, દક્ષિણે એબીસિનિયા અને પશ્ચિમે સહરાનું રણ.

પેદાશ અને વેપાર—અહિંયાંની જમીન નાઇલ નદીથી ઘણી ફળદ્રુપ છે; કેમકે ખેતી માટે નાઇલમાંથી ઘણી નેહેરો કાઢેલી છે. મુખ્ય

પેદાશ અનાજ, રૂ અને ખાંડની છે. રૂ, રૂનાં બિયાં, ખાંડ તથા સીંગની મુખ્ય **નિકાશ** છે તથા સુતરાઉ કાપડ, કોયલા અને ધાતુની મુખ્ય **આયાત** છે.

લોકો અને જાણવાજોગ—વસ્તિ ૧૦ લાખની છે. ઈ. સ. ૧૮૦૦ માં ફક્ત ૨ લાખ લોક હતાં. લોકોમાં આરબો, ટર્કો તથા ખ્રિસ્તીઓ છે. ભાષા અરબી છે. ઇજીપ્તના વડાને ખેદીવ કહે છે અને તે હાલમાં બ્રિટિશ હકુમત હેઠળ છે. ઇજીપ્ત તેના પુરાતન વખતના સુધારાઓ માટે જાણીતું છે. તે પહેલાં દુનિયાનું નાક સમાન હતું. તેની મહાન પિરામિડોનાં ખંડિયેરો તેની આગળની મોટાઈનો ભાસ આપે છે.

શેહેરો—કેરો, મુખ્ય શેહેર, આફ્રિકામાં સૌથી મોટું છે. એલેકઝાંડ્રિયા, રોઝેટા, પોર્ટ સૈયદ અને સુએઝ, બંદરો છે. ડમીએટા, ચોખા ને નીમકના વેપાર માટે. ઝાગાઝીગ, રૂ અને અનાજના વેપાર માટે.

ઇજીપ્ત સૂડાન.

હકીકત—ઇજીપ્તની દક્ષિણે અને એબીસિનિયાની ઉત્તરે આવેલો આ મોટો પ્રદેશ છે. એ ઘણો ખરો ઉજ્જડ છે, જો કે એનો વિસ્તાર ૯૫૦,૦૦૦ ચો. માઈલ છે. આ ભાગની હકુમત ઇજીપ્ત અને અંગ્રેજ સરકારના હાથમાં છે.

પેદાશ—ખજૂર, રૂ, ગળી, તંબાકુને ગુંદરનો મુખ્ય પાક છે; પણ નિકાશમાં કિંમતી હાથીદાંત છે. હાથીઓનાં ટોળેટોળાં આ ભાગમાં ફરતાં ફરે છે.

વસ્તી—વસ્તિ ઘણી ઓછી એટલે ફક્ત સાડાત્રણ લાખ છે. આરબ અને સીદીઓની વર્ણશંકર જાત મુખ્ય છે.

શેહેરો—ખાર્ટુમ, મુખ્ય શેહેર, વેપારનું મથક તથા જનરલ ગોર્ડનના બહાદુર બચાવ માટે; સુઆકિમ, બંદર. સેનાર અને મેસોવા વેપારી મથકો. અલઓબીદ. આગળ ગુલામી વેપારનું મુખ્ય મથક.

એબીસિનિયા.

હકીકત—ઇજીપ્ત અને ઇજીપ્ત સુડાનની દક્ષિણે આવેલો આ પહાડી પ્રદેશ સ્વતંત્ર છે. એમાં પહાડો, સરોવરો અને ઝરાઓ ઘણા છે. એનો પ્રદેશ ઉંચો છે તથા આબો હવા ઠીક છે. આ ભાગને આફ્રિકાનું સ્વીટઝર્લૅન્ડ કહે છે. આ લગભગ ફ્રાન્સ જેટલો મોટો છે.

નદી અને સરોવર—બ્લુનાઇલ, મુખ્ય નદી છે તથા ડેમબ્યા સરોવર મુખ્ય છે.

પેદાશ—આ દેશ ફળદ્રુપ છે. કેટલેક ઠેકાણે વરસમાં ત્રણ પાક ઉતરે છે. રૂ, ખાંડ અને ગુંદની મુખ્ય પેદાશ છે. પરદેશ સાથે વેપાર નથી.

લોકો--જો કે દેશ મોટો છે છતાં વસ્તિ ફક્ત ૩૦ લાખની છે. લોકો જંગલી હાલતમાં છે અને સુધારો થતો નથી. લોકો આરબ જાતના છે પણ મુખ્ય જાત ગાલાસ નામની છે.

શેહેરો--ગોંડર, આગળ મુખ્ય શેહેર પણ હાલ ધાર્મિક શેહેર એડીસએબા, મુખ્ય શેહેર. મગદલ્લા, મજબુત કિલ્લેબંદી. માટે, અંગ્રેજોએ આ કિલ્લો જીત્યો હતો.

સહરા.

હકીકત—સહરા બાર્બરીના દક્ષિણે છે, અને આટલાંટિક મહાસાગરથી ઇજીપ્ત સુધી છે. હિંદુસ્તાન કરતાં એનો વિસ્તાર બેવડો છે. દુનિયામાં એ સૌથી મોટું રણ છે. ને એક વેળા પાણીથી ભરપુર હતું મોટો ભાગ રેતી છે. બળતો પવન ફુંકી રેતી સાથ ઉડી મુસાફરો દટાઈ જાય છે. રાત્રીના વખતે ઘણી ઠંડી રહે છે. ઠંડીનાં સહરામાં રણમાંથી પવન ફુંકે છે અને ગરમીમાં તેની અંદર ફુંકે છે ઘણા ઝરાઓ છે જેમાં ઝાડપાન છે, બાકી બધું ઉજજડ છે. એ રણમાં આરબ મુરો વસે છે. વેપારમાં તેઓ હાથીદાંત, સોનાંની ધુળ, ખજૂર, ગુંદર કિનારાપરના શહેરોમાં લાવે છે. જેને બદલે કાપડ અને દારૂગોળો લઇ જાય છે. ઉત્તરમાં બરબર જાત છે. અને દક્ષિણમાં સીધીઓ છે પશ્ચિમનો ભાગ હાલ ફ્રાન્સને તાબે છે.

શહેર—એગાડેઝ, મુખ્ય સહેર છે

સૂડાન

હકીકત—સૂડાન યાને હબસીઓનો દેશ આટલાંટિક મહાસાગરથી એબીસીનીઆ સુધી સહરાની દક્ષિણે આવેલો ભાગ છે. એના બે ભાગો છે. અપર (ઉપલો) સૂડાન અને લોઅર (નીચલો) સૂડાન પહેલો ભાગ પશ્ચિમ આફ્રિકામાં આવતો હોવાથી તેની હકીકત ત્યાં જણાવી છે.

નદી—નાઈજિર.

સરોવરો—શાડ.

જાણવાજોગ—લોઅર સૂડાન ફળદ્રુપ છે ખેતી આબાદ છે. તથા હવા સારી છે. લોકોમાં સીધીઓ મુખ્ય છે અને બીજા વર્ણશંકરો છે કે જેઓ મુસલમાની ધર્મ માને છે. ગુલામી વેપાર હતો તે નાબુદ થઇ લોકો ખેતી અને બીજે ધંધે વળગવા લાગ્યા છે.

શેહેરો—ટીમબકટુ. પગારનું મુખ્ય મથક. ફ્રેંચને તાબે; ગેનડા, વેપાર માટે: સોકોટા, મોટું શેહેર; યાકુબા, રૂ. તંબાકુ ને ગળીના વેપાર માટે. આ ત્રણ શેહેરો અંગ્રેજના છે. એડામાવા આફ્રિકામાં સૌથી સરસ હવા ખાવાનું મથક જર્મનોનું છે.

પશ્ચીમ આફ્રીકા

હકીકત.—આ ભાગ સેનીગેમબીઆ, અપર ગીની અને લોઅર ગીની મળીને થયેલો છે. આ ભાગ અંગ્રેજ ફ્રેંચ પોર્ટુગીઝ જર્મન અને બેલજીઅમના રાજ્યોના હાથમાં વહેંચાઇ ગયેલો છે અને કિનારાપરના મથકો તેમના હાથમાં છે. એ

ઘણો ગરમ અને સુખાકારી ભરેલો ભાગ છે. સીદીઓ, વર્ણશંકર મુસલમાનો તથા થોડા ખ્રીસ્તીઓ આ ભાગના રહીશ છે.

પર્વત.—કોંગ પર્વત, સુડાન અને પશ્ચિમ આફ્રિકાની વચ્ચે સીએરાલીઓન, કિનારા આગળ અને કેમેરૂન, ફર્નાનડોપોના સામે છે.

નદીઓ—સેનીગાલ, ગેમબીઆ, નાઇજર, કોંગો વગેરે મુખ્ય છે.

પેદાશ—હાથીદાંત, સોનાની ધુળ, રબર, તાડનું તેલ, ખરબુચાં વિગેરેની મુખ્ય પેદાશ છે.

ભાગો તથા શેહરો

ફ્રેંચ—(૧) લોઅર સેનીગાલ મુખ્ય શેહર સેંટલુઇ જ્યાં ગુંદરનો વેપાર છે.

(૨) ફ્રેંચ ગીની. (૩) ફ્રેંચ આઇવરી કોસ્ટ. (૪) ડાહોમી, મુખ્ય શેહર એબોમી.

પોર્ટુગીઝ—પોર્ટુગીઝ ગીની.

સ્વતંત્ર—લાઇબેરીઆ, મુખ્ય શહેર માનરોવ્યા. આ સીદી પ્રજાસત્તાક રાજ્ય છે.

અંગ્રેજ—(૧) બ્રિટિશ ગેમબીઆ, મુખ્ય શેહર બેથર્સ્ટ.

(૨)	સીએરાલીઓન, ,, ,,	ફ્રીટાઉન.
(૩)	ગોલ્ડ કોસ્ટ, ,, ,,	કેપ કોસ્ટ કેસલ.
(૪)	લાગોસ, ,, ,,	લાગોસ.
(૫)	દક્ષિણ નાઇજેરીઆ, ,, ,,	ઓલ્ડ કેલેબાર.
(૬)	ઉતર નાઇજેરીઆ, ,, ,,	વાકુબા ને કાનો.

જર્મન—ટોગોલેન્ડ અને કેમેરૂન કોસ્ટ. રતુ સુખાકારી ભરી નથી. તાડના તેલનો મુખ્ય વેપાર છે

સ્પેનીશ—ફર્નાનડોપો અને એનાબેનના ટાપુઓ વગેરે.

ફ્રેંચ—ફ્રેંચ કોંગો, કેમેરૂન અને કોંગો સ્વતંત્ર રાજ્યની વચ્ચે છે. મુખ્ય શહેર, લાઇબ્રર વીલ.

સ્વતંત્ર.—કોંગો સ્વતંત્ર રાજ્ય, બેલજીઅમના રાજ્યનાં વડપણ હેઠળ છે. ત્રણ કરોડ જેટલી વસ્તિ ગણવામાં આવે છે તથા દેશ ફળ દ્રુપ છે. વેપારનાં સારાં સાધનો છે. બોમા અને બનાના, મુખ્ય બંદર છે કે જ્યાંથી રબર, હાથીદાંત, તેલ અને કાંરી મુખ્ય જાય છે. સુતરાઉ કપડાં, બંદુક, દારૂગોળો તથા દારૂની મુખ્ય આયાતછે.

પોર્ટુગીઝ.—કોંગો અને અંગોલા આ ભાગો કોંગો અને ફ્રીઓ ભૂશિરની વચ્ચે છે.

જર્મન.—ફ્રીઓ ભૂશિરથી ઓરેંજ નદી સુધીના ભાગ. આ ભાગમાં વાલફીશ ઉપસાગર અંગ્રેજનો છે.

પૂર્વ અને મધ્ય આફ્રિકા.

હકીકત.—આફ્રિકાનો પૂર્વ કિનારો પણ પશ્ચીમ કિનારાની પેઠે નીચાં પ્રદેશનો છે અને જુદાં જુદાં રાજ્યોમાં વહેંચાયલો છે. મધ્ય આફ્રિકાનો ભાગ ટેંગાનીકા અને નીઆસ્સા સરોવરના ઇશાન કોણ સુધી છે. નીચા પ્રદેશોની હવા તદન ગરમ અને અસુખાકારી ભરી છે પણ ઉંચા પ્રદેશની રહેવાલાયક છે. લોકોનો મોટો ભાગ મુર્તિપૂજક છે. આગળ ગુલામી વેપાર

હતા પણ હાલ નથી. વેપારીઓમાં આરબો અને હિંદુસ્તાનના વતનીઓ ઠીક સંખ્યામાં છે.

નદી,—ઝાંબેઝી, મોઝાંબીકની ખાડીમાં પડે છે, શીરે, નીઆસ્સા સરોવરમાં પડે છે.

પેદાશ.—સોનું, રબર, હાથીદાંત અને ગુંદર મુખ્ય છે અને તેનો સારો વેપાર છે.

ઇટાલી પૂર્વ આફ્રિકા.

ઇટાલીનું સર્વોપરીપણું સોમાલીલેન્ડપર છે. જે જુબા નદીથી ગાર્ડફુઇ ભૂશિર સુધી છે. ત્યાં ગુંદર ને મસાલો થાય છે. એડનના અખાતની દક્ષિણે આવેલા સોમાલી લેંડ પર બ્રિટિશ સત્તા હાલમાં છે. જેનું મુખ્ય બંદર બરબેરા છે. ઇટાલીની સત્તા વળી રાતા સમુદ્રના નૈરૃત્ય ખુણામાં છે.

બ્રિટિશ પૂર્વ આફ્રિકા.

જર્મન પૂર્વ આફ્રિકાથી જુબા નદી સુધી અને અંદરના ભાગમાં આલબર્ટનીઆનઝા સરોવર સુધી છે. ઉત્તરમાં એબીસીનીઆ અને મીસરી સુડાન સુધી છે. એમાં યુગેનડાનો ભાગ પણ આવે છે, કે જ્યાં હાલમાં રેલવે બંધાય છે તથા તે જુદો ભાગ છે મોમ્બાસા, મુખ્ય શેહેર અને બંદર.

ઝાંઝીબાર.

એ ત્યાંના સુલતાનને તાબે અને તેના હાથમાં ઝાંઝીબાર ને પેમબા છે. મુખ્ય શહેર ઝાંઝીબાર છે જે પૂર્વ આફ્રિકામાં સૌથી

માટું છે. તથા હાથીદાંતને રબરનો વેપાર છે. સુલતાન હાલમાં બ્રિટિશ સરકાર હેઠળ છે.

જર્મન પૂર્વ આફ્રિકા.

એ કિનારા તરફ છે. ડેલગાડો ભુશારથી પેમબાના ટાપુ સુધી છે. તથા પશ્ચીમે ટેંગાનીકા સરોવર અને વાયવ્યે વિકટોરિયા નીઆનઝા સરોવર સુધી છે. એમાં કીલીમાન ઝેરો પર્વત આવેલો છે. ડારેસસલામ, મુખ્ય શહેર છે ને બેગામોયો અને તાંગા, મુખ્ય બંદર છે. રબર, કાથી અને અનાજના વેપાર છે.

પોર્ટુગીઝ પૂર્વ આફ્રિકા.

ડેલગાડો ભૂશિરથી દક્ષિણે ડેલેગોઆના ઉપસાગર સુધીની એની હદ છે. માઝાંબીક મુખ્ય શહેર છે બેરા, વેપારી મથક. ક્વીલીમેન બંદર છે. આ ભાગ અસુખાકારી ભર્યો છે.

બ્રિટિશ મધ્ય આફ્રિકા.

આ ભાગ રાજકિય રીતે રોડેસીઆ અને બ્રિટિશ મધ્ય આફ્રિકા વચ્ચે વહેંચાયલો છે બધા ભાગપર અંગ્રેજની સત્તા છે.

રોડેસીઆમાં વસવાટ કરવાની આગો હવા છે તથા જમીન ફળદ્રુપ છે. સોનાની અને કોયલાની ખાણો છે. સોનાંની મુખ્ય નિકાશ છે. સેલીસબરી મુખ્ય શેહેર છે અને બુલવાયો, ખાણના ઉદ્યોગનું-સ્થાન છે.

બ્રિટિશ મધ્ય આફ્રિકાને નીઆસ્સા લેન્ડ પણ કહે છે કેમકે એ નીઆસ્સા સરોવરની દક્ષિણે તથા પશ્ચીમે છે. રૂંદ ને તંબાકુની મુખ્ય નિકાશ છે. મુખ્ય શહેર બ્લેનટાયર છે.

દક્ષિણ આફ્રિકા.

હકીકત.—ઉત્તરનો ભાગ ગરમ અને સુક્કો છે પણ દક્ષિણ અને મધ્ય ભાગો સુખાકારી ભરેલા છે. જુન અને જુલાઈ માસમાં ત્યાં ઠંડી પડે છે તથા ડીસેમ્બર અને જાનેવારી માસમાં ગરમી પડે છે. આ આખો દેશ અંગ્રેજને તાબે છે અને તે પાંચ મોટા વિભાગો: કેપકોલોની, નેટલ, ઓરેંજ રીવર કોલોની, ટ્રાન્સવાલ અને બેસુટોલેન્ડમાં વહેંચાયલો છે. લોકો કાફીર, ઝુલુ, હોટેનટોટ વગેરે જાતના છે. તેઓ અજ્ઞાનો છે પણ સુધરતા જાય છે. આ ભાગમાં વેપાર વગેરેની સગવડ સારી હોવાથી સાહસિક યૂરોપિયનો આજ કેટલાં વર્ષ થયાં અહિંયાં વસેલા છે. મુખ્ય કરીને ડચ અને અંગ્રેજ લોકો છે. હિંદુસ્તાનના વતનીઓ પણ વેપાર અર્થે આ ભાગોમાં મોટી સંખ્યામાં ઉતરી પડેલા છે. વેપારમાં હિંદીઓ ઠીક પગ પેસારો કરી રહ્યા છે; પણ સરકારને તેઓ રૂચતા જણાતા નથી. અહિં રેલવેની સારી સગવડ છે અને ઈજીપ્ત સુધી રેલવે લાઈન લઇ જવાનો વિચાર હોવાથી લાઇનો લંબાતી જાય છે.

કેપકોલોની.

હકીકત—આ ભાગ આફ્રિકાની છેક દક્ષિણે આવેલો છે. એનું નામ કેપ ઓફ ગુડ હોપ પરથી પડેલું છે. એમાં બેચુઆના લેન્ડનો ભાગ પણ સમાઈ જાય છે. વિસ્તાર ૨,૭૬,૦૦૦ ચો૦ માઈલ છે. અહિંયાંની હવા ખુલ્લી અને સુખકારી છે.

અને કે ઉનાળામાં ગરમી પડે છે. અહિયાં અંગ્રેજ ગવર્નર, પાર્લામેંટની મદદથી રાજ્ય કરે છે.

ભૂશિર—ગુડહોપ અને એગ્યુલાસ, દક્ષિણે છે.

ઉપસાગર—ટેબલ. પશ્ચિમે છે. ફોલ્સ અને એલ્ગોઆ, દક્ષિણે છે.

પર્વત—ન્યુ વેલ્ડ અને ન્યુબર્ગન, મુખ્ય પર્વતો છે.

પેદાશ અને વેપાર—ઘેંટાં તથા બકરાં ઉછેરવાનો ધંધો મુખ્ય છે. હીરાની ખાણો છે તથા ઉનનો ધંધો કિમતી છે. શાહમૃગના પીછાં, ચામડાં અને તાંબાની કાચી ધાતુનો નિકાશ હીરા અને ઉનની સાથે છે. રેલ્વેની સારી સવડ, વેપાર અર્થે, આ ભાગમાં છે.

લોકો—વસ્તિ ૨૫ લાખની છે. લોકોનો મોટો ભાગ કાફીર અને હોટેનટોટોનો છે. ત્રીજો ભાગ ડચ, અંગ્રેજ, ફ્રેંચ અને જર્મન જાતના ખ્રિસ્તિઓનો છે.

શેહેરો—કેપટાઉન, મુખ્ય શેહેર તથા વેપારી મથક. કીમબર્લી, સૌથી સરસ હીરાઓનું મથક. પોર્ટ ઈલીઝાબેથ, ઉન, ચામડાં ને શાહમૃગના પિછાંના નિકાશનું બંદર.

નેટલ.

હકીકત—આ ભાગ ડ્રેકનબર્ગ પર્વતની પૂર્વે તથા કેપકોલોનીની ઈશાને છે. એની પૂર્વે હિંદીમહાસાગર છે. ઈ૦ સ૦ ૧૪૯૭ માં વાસ્કોડીગામાને આ ભાગ નાતાલના તેહવારોમાં નજરે પડવાથી તેણે એનું નામ નેટલ રાખ્યું હતું. અહિયાં વલંદાઓએ પહેલાં સ્થાન કર્યું હતું પણ તે કેપકોલોનીની સાથે જોડાયું

ગયું હતું. ત્યાર બાદ ફરી જુદું સંસ્થાન થયું હતું. વસ્તિ ૧૧,૦૮,૦૦૦ ની છે અને તેમાંના ૫૭,૦૦૦ ખ્રિસ્તિઓ છે. આ ભાગ સાથે ઝુલુલેન્ડનો ભાગ જોડી દેવામાં આવ્યો છે. આ ભાગ અંગ્રેજોનો છે.

પેદાશ—આ ભાગ ઘણો ફળદ્રુપ છે તથા જંગલો ઘણાં છે. શેરડી, ઘઉં, તંબાકુ, ગળી, ચોખા અને કપાસનો સારો પાક થાય છે. મેંઢાં, બકરાં ઉછેરવાનો તથા તેનાં ઊનનો મુખ્ય ધંધો છે અને તેથી ઉતરતો ધંધો શેરડીનો છે. પાસેનાં સંસ્થાનોનું સોનું, હીરા, હાથીદાંત, શાહમૃગનાં પીછાં વગેરે અહિંયાંથી પરદેશ જાય છે. વેપાર માટે રેલવેની સવડ છે.

શેહેરો.—પીટરમેરીટઝબર્ગ, મુખ્ય શેહેર. દરબન, બંદર અને વેપારનું મથક.

ઓરેંજ રીવર કોલોની.

હકીકત—આ ભાગ કેપ કોલોનીના ઉત્તરે અને નેટલની પશ્ચિમે છે. નેટલ અંગ્રેજ સત્તામાં આવ્યા પછી ત્યાંના ડચ રહિશોએ અહિં આવી સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું; પણ પાછળથી તેઓ અંગ્રેજ સત્તાની સામે થવાથી આ ભાગ અંગ્રેજોએ જીતી લીધો છે, છતાં તેમને સ્થાનિક સ્વરાજ્યના હક આપવામાં આવેલા છે. આબો હવા સુક્કી અને સારી છે. વસ્તિ ૩,૮૭,૦૦૦ ની છે અને તેમાં ૬૦ હઝાર ડચલોકો છે.

પેદાશ, વેપાર—મેંઢાં, બકરાં ઉછેરવાનો તથા તેના ઊનનો નિકાસ કરવાનો ધંધો મુખ્ય છે. શાહમૃગનાં પીછાં તથા ચામડાંની

પણ મોટી નિકાશ છે. હીરા પણ ઠીક જથ્થામાં મળે છે અને પરદેશ જાય છે. સોનાંની પણ ખાણો છે તથા કોયલાની ખાણો ઘણી કિમતી છે. વેપાર માટે રેલવેની સવડ છે.

શેહેર—બ્લોમફોનટીન, મુખ્ય શેહેર અને વેપારનું મથક.

ટ્રાન્સવાલ.

હકીકત—આ ભાગ ઓરેંજરીવરકોલોનીની ઉત્તરે લીમપોપો નદી-સુધીનો છે. આ ભાગ ડચ લોકોનો સ્વતંત્ર હતો પણ ઓરેંજ-રીવર કોલોની સાથે અંગ્રેજ સત્તા સામે સરકશી કરવાથી એને પણ અંગ્રેજ રાજ્યમાં જોડી દઇ સ્થાનિક સ્વરાજ્યનો હક આપવામાં આવેલો છે. એની આબો હવા મધ્યમ અને સારી છે તથા અહિંની જમીન ફળદ્રુપ હોવાથી એનું ભવિષ્ય ઉજ્વળ છે. વસ્તિ ૧૩,૫૪,૦૦૦ છે જેમાંના ત્રણ લાખ ખ્રિસ્તિઓ છે.

પેદાશ, ધંધો—જમીન તથા આબો હવા ખેતી માટે ઘણી સારી છે, પણ તે પર ઝાઝું ધ્યાન અપાતું નથી. આ દેશની મુખ્ય પેદાશ સોનું છે. દુનિયાના કોઇપણ ભાગ કરતાં અહિંથી સોનું વધુ નીકળે છે. સોના ઉપરાંત કોયલો, લોઢું હીરા, રૂપું અને કલાઇની ખાણો પણ ઘણી છે. લોકો ખાણના ધંધાપર વળગેલાં છે.

શેહેરો—પ્રીટોરિયા, મુખ્ય શેહેર. જોહાન્સબર્ગ, હીરાની તથા સોનાંની ખાણો માટે. પોચેફસ્ટ્રોમ, તંબાકુના ઉદ્યોગ માટે.

બેસુટો લેન્ડ.

આ ભાગ કેપકાલોનીની ઇશાને આવેલો છે. આફ્રિકાના કોઇપણ ભાગ કરતાં અહિંયાં વધુ ખેતી થાય છે. ઘઉં અને મકાઇનો મુખ્ય પાક છે. વસ્તિ અઢી લાખ છે.

મુખ્ય શેહેર, મેસેરૂ.

આફ્રિકાના દ્વીપો.

આટલાંટિક મહાસાગરમાં:—મદીરા, કેપવર્ડ અને સેંટ ટોમસ, પોર્ટુગીઝોના છે. મદીરાની હવા ખાસ વખણાય છે અને તેનું મુખ્ય શેહેર, ફનશાલ છે. કેપવર્ડ ટાપુઓ વેરાન છે પણ ફળો પુષ્કળ થાય છે મુખ્ય શેહેર, સેંટજાગો. સેંટ ટોમસ, ગીનીના અખાતમાં નાનો દ્વીપ છે.

કેનેરી અને ફર્નાનડોપો, સ્પેનના છે. કેનેરીમાં દ્રાક્ષ અને ફળો થાય છે મુખ્ય શેહેર, સાંટાક્રુઝ. ફર્નાનડોપો, બિયાફ્રાન-ઉપસાગરમાં નાનો દ્વીપ છે.

એશનસન અને સેંટ હેલીના, અંગ્રેજના છે. એશનસનનું મુખ્ય શેહેર, જ્યોર્જટાઉન અને સેંટ હેલીનાનું, જેમ્સ ટાઉન છે. સેંટ હેલીનામાં નેપોલિયન બોનાપાર્ટને કેદ રાખવામાં આવ્યો હતો આટલાંટિક મહાસાગરના દ્વીપો સઘળા જ્વાલામુખી પર્વતોવાળા છે.

હિંદી મહાસાગરમાં:—મડાગાસ્કર અને બુર્બો, ફ્રેંચના છે. મડાગાસ્કર મોટો ટાપુ છે. મુખ્ય શેહેર, એન્ટેનેરીવો છે.

બુર્બોનું મુખ્ય શેહર, સેંટડેનીસ છે. આ બંન્ને ઠેકાણેથી ગુંદ, ખાંડ, મસાલો, રબર, ચામડાં વગેરે પરદેશ જાય છે. મોરીશિયસ, સેશલ્સ અને સોકોટ્રા, અંગ્રેજના છે. મોરીશિયસનું મુખ્ય શેહર, પોર્ટ લુઇ છે. મોરીશિયસની ખાંડ અને સેશલ્સનાં નાળિયેર વખણાય છે. આ પેદાશ પરદેશ જાય છે.

અમેરિકા ખંડ (America.)

હકીકત—અમેરિકાને બે ભાગમાં વહેંચી નાંખવામાં આવ્યો છે. ૧ ઉત્તર અમેરિકા, ૨ દક્ષિણ અમેરિકા. આ બંન્ને ભાગો પનામાની સંયોગીભૂમિથી જોડાયલા છે. આ બંન્ને ભાગો મળીને નવી દુનિયા થઇ છે. વિસ્તાર એક કરોડ ને ૬૦ લાખ ચોરસ માઇલ નો છે, જ્યારે વસ્તિ ૧૪ કરોડની ગણાય છે. એ ખંડના વાયવ્યકોણુની પાસે એશિયા ખંડ છે. આ બે ખંડોની વચ્ચે બેહરિંગની સામુદ્રધુની છે. આ ખંડ યૂરોપ અને આફ્રિકા કરતાં મોટો છે. દુનિયામાં જલદીથી ઉંચ દરજ્જે આ ખંડ પામ્યો છે અને એનું ભવિષ્ય એની આબાદીને લીધે અતી ઉજવળ જણાય છે.

ઉત્તર અમેરિકા.

હકીકત—આ ભાગ દક્ષિણ અમેરિકા સાથે પનામાની સંયોગીભૂમિથી જોડાયલો છે. આ ભાગ દક્ષિણ ભાગના જેવો નથી, છતાં થોડીક બાબતમાં તેને મળતો આવેછે.

સીમા—ઉત્તરે, આરટિક મહાસાગર, પૂર્વે મેકિસકોનો અખાત અને આટલાંટિક મહાસાગર, દક્ષિણે પાસિફિક મહાસાગર અને પનામાની સંયોગીભૂમિ. પશ્ચિમે પાસિફિક મહાસાગર.

વિસ્તાર—આ ભાગનો આકાર ખડબચડો ત્રિકોણ છે. એનો વિસ્તાર ૮૬ લાખ ચો૦ માઇલ છે તથા એની વધતામાં વધતી લંબાઈ ૪૫૦૦ માઇલ છે.

અખાતો— **ઉત્તરમાં.**

બુથિયા (Boothia)—કેનેડાની ઉત્તરે છે.

પૂર્વમાં

સેંટ લૉરેન્સ (St. Lawrence)—બ્રિટિશ અમેરિકાની પૂર્વે છે.

દક્ષિણમાં.

મેક્સિકો (Mexico)—યૂનાઇટેડસ્ટેટ્સની દક્ષિણે છે.

પશ્ચિમમાં.

કેલીફોર્નિયા (California)—મેક્સિકોની પશ્ચિમે છે.

ઉપસાગરો— **ઉત્તરમાં.**

હડસન (Hudson)—બ્રિટિશ અમેરિકાની પૂર્વે છે.
બેફીન (Baffin)—ગ્રીનલેન્ડના પશ્ચિમે છે.

પૂર્વમાં.

ફંડી (Fundy)—નોવાસ્કોશિયાની પશ્ચિમે છે.

સામુદ્રધુનીઓ— **ઉત્તરમાં.**

બેહરીંગ (Behring)—આરટિક મહાસાગર અને બેહરીંગ સમુદ્રને જોડે છે.
હડસન (Hudson)—હડસન ઉપસાગર અને આટલાંટિક મહાસાગરની વચ્ચે છે.
ડેવીસ (Davis) } આટલાંટિક મહાસાગર અને બેફીન
બેરો (Barrow) } ઉપસાગરને જોડે છે

પૂર્વમાં.

બેલાઈલ (Belle-Isle)—ન્યુફાઉન્ડલૅન્ડનીઉત્તરે આટ-લાંટિક મહાસાગર અને સેંટલૅારેન્સના અખાતને જોડે છે.

ભૂશિરો—

બેરો અને બેથર્સ્ટ (Barrow and Bathurst)	ઉત્તરમાં છે.

પૂર્વમાં.

ફેરવેલ (Farewell)—ગ્રીનલૅન્ડની દક્ષિણે છે.

રેસ (Race)—ન્યુફાઉન્ડલૅન્ડની અગ્નિએ છે.

સેબલ (Sable)—નોવાસ્કોશિયાની નૈરૃત્યે છે.

કોડ અને હૅટેરાસ (Cod ; Hattaras)—યુનાઇટેડ સ્ટેટસની પૂર્વે છે.

સેબલ (Sable)—ફ્લોરિડાની દક્ષિણે છે.

કેટોચ (Catoche)—યુકટાનની ઇશાન કોણમાં

પશ્ચિમમાં.

પ્રીન્સ ઑફ વેલ્સ (Prince of Wales)—બેહરિંગની સામુદ્રધુની આગળ

સેંટ લ્યુકાસ (St. Lucas)—કેલીફોરનિયાની દક્ષિણે છે.

દ્વીપો—

ઉત્તર મહાસાગરમાં.

પેરી (Parry) પ્રીન્સ આલ્બર્ટ લેન્ડ (Prince Albert Land) કોકબર્ન (Cockburn) મેલવીલ (Melville)	કેનેડાની ઉત્તરે છે

આટલાંટિક મહાસાગરમાં.

ગ્રીનલેન્ડ (Green Land)–કેનેડાની ઇશાન કોણમાં છે.
ન્યુફાઉન્ડલેન્ડ (New Found Land)—,, ,, ,,
એન્ટિકોસ્ટી (Anticosti)—સેંટ લોરેન્સ નદી આગળ.
પ્રીન્સ એડવર્ડ અને કેપ બ્રિટન (Prince Edward Cape Briton)—સેંટ લોરેન્સના અખાતમાં.

બર્મુડાસ (Bermudas)–યુનાઇટેડ સ્ટેટસની પૂર્વે છે.
પશ્ચિમ હિંદી દ્વીપો (West Indese)—યુનાઇટેડ સ્ટેટસની અગ્નિ કોણે છે.

પાસિફિક મહાસાગરમાં.

વેંકુવર અને ક્વીનચારલોટ (Vancouver; Queen Charlotte)–કેનેડાની પશ્ચિમે છે.

પ્રીન્સ ઓફ વેલ્સ અને સીટકા (Prince of Wales Sitka)–એલાસ્કાની નૈરૂત્યે છે.

દ્વીપકલ્પો— ઉત્તરમાં.

એલાસ્કા (Alaska) લેબ્રાડોર (Labrador) નોવાસ્કોશિયા (Nova Scotia)	— બ્રિટિશ અમેરિકાની પૂર્વે છે.

ફ્લોરિડા (Florida)—યુનાઇટેડ સ્ટેટસની અગ્નિ કોણે છે
યૂકેટાન (Yucatan)—મધ્ય અમેરિકામાં છે.
કેલીફોર્નિયા (California)—મેક્સિકોની પશ્ચિમે છે.

સંયોગીભૂમિ—

પનામા (Panama)-ઉત્તર અને દક્ષિણ અમેરિકાને જોડે છે.

પર્વતો—

રોકી (Rocky)-પશ્ચિમમાં, મૅકનઝી નદીથી મધ્ય અમેરિકા સુધી છે.

એપેલેચીઅન (Appalachian)—યુનાઇટેડ સ્ટેટસની પૂર્વે છે. એમાં એલીઘની અને બ્લુ પર્વતોની મુખ્ય હાર છે.

જ્વાળામુખી પર્વતો—

ઓરીઝાબા (Orizaba) }
પોપોકેટપેટલ (Popocatapetl) } —મેક્સિકોમાં છે.

સેંટ એલીઆ (St. Elias)—એલાસ્કામાં છે.

નદીઓ—

ઉત્તરમાં.

મૅકેનઝી (Mackenzie)—ગ્રેટ સ્લેવ સરોવરમાંથી નીકળી ઉત્તર મહાસાગરમાં પડે છે.

સસ્કેચીવન (Saskatchewan)—રાકી પર્વતમાંથી નીકળી વીનીપેગ સરોવરમાં પડે છે.

પૂર્વમાં.

સેંટ લોરેન્સ (St. Lawrence)—કેનેડામાંથી વહીને સેંટ લોરેન્સના અખાતમાં પડે છે. આ નદીનાં જુદાં જુદાં નામો પણ છે. એરી અને ઓનટેરીઓ સરો-

વેરા વચ્ચેનું તેના ભાગને નાયગારા કહેછે અને ત્યાં નાયગારાના વિખ્યાત ધોધ છે.

દક્ષિણમાં.

મિસિસિપી (Mississippi)
રીઓ ગ્રાન્ડીડેલનોર્ટ (Rio Grandedelnorte)
} યૂનાઇટેડ સ્ટેટસમાંથી વહીને મેક્સિકોના અખાતમાં પડે છે.

પશ્ચિમમાં.

ફ્રેસર (Freser)—રોકી પર્વતમાંથી નીકળી કેનેડામાંથી વહીને પાસિફિક મહાસાગરમાં પડે છે.

સેક્રેમેન્ટો (Sacremento)
કોલંબિયા (Columbia)
} યૂનાઇટેડ સ્ટેટસમાંથી વહીને પાસિફિક મહાસાગરમાં પડે છે.

યૂકોન (Ukon)—એલાસ્કામાંથી વહીને કામચાટકાના સમુદ્રમાં પડે છે.

સરોવરો.

ગ્રેટ બેર (Great Bear)
ગ્રેટ સ્લેવ (Great Slave)
એથાબાસ્કા (Athabasca)
વીનીપેગ (Winnipeg)
}—કેનેડામાં છે.

સુપીરીઅર (Superior)
હુરોન (Huron)
એરી (Erie)
ઓનટેરીઓ (Ontario)
} યૂનાઇટેડ સ્ટેટસ અને કેનેડાની વચ્ચે છે.

મીચીગાન (Michigan)
સોલ્ટ (Salt)
}—યૂનાઇટેડ સ્ટેટસમાં છે.

ઋતુ:—નવી દુનિયામાં આ ભાગ ઘણોજ ઠંડો છે. અહિંયાંની આબો હવામાં જલદી ફેર પડે છે. કેમકે ઉત્તર અને દક્ષિણ તરફ કોઇપણ જાતના પહાડો નથી. દક્ષિણ તરફ સૌથી વધુ વરસાદ પડે છે. પૂર્વ કરતાં પશ્ચિમ બાજુ વધુ ગરમ અને ભીની હવાવાળી છે.

પેદાશ—જમીન ઘણી ફળદ્રુપ છે. ઘઉં, જવ, ઓટ અને મકાઇ, કેનેડા અને દક્ષિણ ભાગમાં મોટાં પ્રમાણમાં થાય છે. ચોખા, શેરડી, તંબાકુ ને રૂ, દક્ષિણમાં થાય છે. પાઇન, ઓક, શેબફળ તથા ફળો વગેરેનાં ઝાડો મુખ્ય છે. મધ્યમાં મોટાં જંગલો છે. જાનવરોમાં બીઝન, મુઝ, વરૂ, જુદી જુદી જાતનાં રીંછો, બીવર, મગરમચ્છ, સીલ, સાંપ, વગેરે પુષ્કળ છે. ઘોડા, ઢોર, ઘેટાં સંખ્યાબંધ છે.

ખનિજ—દુનિયાના કોઇપણ પ્રદેશ કરતાં અહિંયાં ખનિજ પદાર્થો ઘણી જાતના અને પુષ્કળ અહિંયાંના નીકળે છે. જેટલો કોયલો દુનિયામાં કયે નથી. લોઢું પુષ્કળ છે. સોનું, રૂપું ઘણે સ્થળેથી નીકળેછે. તાંબુ, સીસું, કલાઇને પારો પણ ઠીક નીકળે છે.

લોકો--વસ્તિ લગભગ સાડાનવ કરોડ જેટલી છે. આમાંથી સાડાસાત કરોડ ગોરી પ્રજા છે, જે યૂરોપના જુદા જુદા દેશોમાંથી આવેલી છે. બાકીના સીધીઓ, અમેરિકાના મૂળવતનીઓ અને વર્ણશંકરો છે. ગોરી પ્રજાનો મોટો ભાગ પ્રોટેસ્ટંટ પંથી છે. સીધીઓની સંખ્યા એક કરોડ અને મૂળ વતનીઓ પાંચ લાખ ને સુમારે છે, પણ તેમની સંખ્યા ઘટતી જાય છે. ગોરી પ્રજાની ભાષા અંગ્રેજી અને સ્પેનીશ છે.

ઈતિહાસ—ઇ. સ. ૧૪૯૨ માં કોલમ્બસે આ ખંડ શોધી કાઢ્યો હતો. સ્પેનના લોકોએ પ્રથમ આ દેશ જીતવાનો ઇરાદો રાખી, મેક્સિકો અને પશ્ચિમ હિંદી દ્વીપો જીત્યા હતા. ઇ. સ. ૧૫૩૪ માં તેમની પાછળ ફ્રેંચો આવ્યા અને તેઓએ સંસ્થાનો વસાવવા માંડ્યાં. તેમની પછી અંગ્રેજો આવ્યા. આ લોકોએ ફ્રેંચોને હરાવી સંસ્થાનો વસાવ્યાં, પણ તેઓ ઇંગ્લેન્ડને તાબે રહ્યા હતા. ઇ. સ. ૧૭૭૬માં તેઓ ઇંગ્લેન્ડથી સ્વતંત્ર થયાં; પણ ઇંગ્લેન્ડના હાથમાં ઉત્તર ભાગ રહ્યો. શરૂઆતમાં તેર સંસ્થાનો થયલાં હતાં પણ તે બધાં એકત્ર થઇ ગયલાં છે. મેક્સિકો ઇ. સ. ૧૮૩૦ માં સ્પેનથી સ્વતંત્ર થયું હતું.

રાજકિય વિભાગો—

ભાગો.	મુખ્ય શહેરો
૧ બ્રિટિશ ઉત્તર અમેરિકા અથવા કેનેડા (Br. America or Canada)	ઓટાવા. (Ottawa)
૨ યુનાઇટેડ સ્ટેટસ એલાસ્કા સાથે (United States)	વોશિંગટન (Washington)
૩ મેક્સિકો (Mexico)	મેક્સિકો (Mexico)
૪ મધ્ય અમેરિકા (Central America)	ન્યુ ગ્વાટેમાલા (New Guatemala)
૫ પશ્ચિમ હિંદી દ્વીપો (West India Islands)	હેવાના (Havana)

કેનેડા અથવા બ્રિટિશ અમેરિકા

હકીકત—સાધારણ રીતે માન્યતા એવી છે કે આ ભાગ ઉજ્જડ અને બરફથી ઢંકાયલો છે પણ તે ખોટું છે. આ ભાગ એક નાની સરખી દુનિયા છે. અહિંયાં બધાં પ્રકારની આબોહવા છે. દરેક જાતની વસ્તુ પાકે છે તથા અનેક પ્રકારની ખનિજો નીકળે છે. અંહિની પ્રજાની સ્થિતી અદભુત ઝડપે સુધરતી જાય છે તથા આ ભાગનું ભવિષ્ય ઘણુંજ ઉજ્વળ છે. એનું ક્ષેત્રફળ ૩૫ લાખ ચો. માઈલ છે.

સીમા—ઉત્તરે, આરટિક મહાસાગર; પૂર્વે, આટલાંટિક મહાસાગર; દક્ષિણે, યુનાઇટેડસ્ટેટસ અને પશ્ચિમે, એલાસ્કા અને પાસિફિક મહાસાગર.

પર્વત—રોકી પર્વતની હાર મુખ્ય છે. બ્રાઉન અને હુકર, મુખ્ય શિખરો છે.

નદીઓ—સેંટ લોરેન્સ, મેકેનઝી, ફ્રેસર, લાલ નદી અને સસ્કેચીવન, મુખ્ય નદીઓ છે.

સરોવર—ગ્રેટબેર, સુપરીઅર, હુરોન, એરી, ઓનટેરીઓ, વીનીપેગ અને માનીટોબા, મુખ્ય સરોવરો છે.

આબોહવા—અહિંયાં યુરોપના જેવી દરેક જાતની આબોહવા જણાય છે. ઉનાળામાં લગાર વધારે તાપ તથા શિયાળામાં વિશેષ ઠંડી પડે છે. દરેક મોસમમાં અહિંયાંની હવા યુરોપ કરતાં વધારે સુક્કી છે. આ ભાગની આબો હવા જુદા જુદા પાક પરથી સહેજ માલમ પડી આવે છે.

શિયાળો ઓછામાં ઓછો ચાર મહિના ચાલેછે તથા ઘણે ઠેકાણે બરફ પડેછે.

પેદાશ—ઇમારતી લાકડું, અનાજ અને કોહાળ આ દેશનું મુખ્ય ઉત્તપન્ન છે. કૉડ અને સામાન નામની માછલીઓનો મોટો વેપારછે. આ વેપારથી કેટલાકો આ દેશને 'મચ્છીમારનુ સ્વર્ગ' ગણેછે. જંગલો ઘણાંછે અને ઘણાં કપાયછે પણ દર વર્ષે આદેશમાં નવાં ઝાડો રોપાતાં રહેછે. નરમ રૂવાંટીવાળાં જાનવરોનો તેમનાં ચામડાં માટે શિકાર થાયછે.

ખનિજ—આ દેશમાં ખનિજ પદાર્થો ઘણાછે પણ હજી વધુ ખાણો ખોદાઈ નથી. સોનાં લોઢાં. સીસાં, તાંબાં અને કોયલાની ખાણો બધે દીઠામાં આવેછે.

વેપાર, હુન્નર—મુખ્ય ધંધો ખેતી કરવાનો અને જંગલો વાઢવાનો કે રાખવાનોછે. બનાવટો અને કારખાનાંઓ હજી ઘણાં નથી પણ જેમ જેમ લોકોની સ્થિતિ સુધરતી જશે અને વસ્તિ આબાદ થશે તેમ તેમ દરેક હુન્નર દાખલ થતો જશે. અહિંયાંનો વેપાર દિન પ્રતિદિન વધતોજ જાયછે. મુખ્ય **આયાત**, ઉન, ઉનનાં કપડાં, લોઢું, લોઢાંનો સામાન, કપાસ, સુતરાઉ કાપડ, ચા, કાફી, ખાંડ, કોયલો વગેરેની છે. **નિકાશમાં** ઇમારતી લાકડાં મુખ્ય આવેછે અને તે પછી ઢોર, ઘંઉ, માછલી અને પનીર છે. વેપાર માટે આ દેશમાં ઘણા સરળ માર્ગો છે.

લોકો—કુલ્લે વસ્તિ ૫૫ લાખની છે. મોટો ભાગ અંગ્રેજી બોલેછે તથા તેઓ અગ્રેજ કે સ્કોચ જાતનાછે. ફ્રેંચોની વસ્તિ પણ

ઠીક છે અને તેઓ વધતા જાય છે. હિંદુસ્તાનના થોડાક વતનીઓ પણ ત્યાં ખેતી અને વેપાર અર્થે જઇ વસેલા છે.

રાજ્ય બંધારણ.—રાજધાનીમાં રાજ સભા મળે છે. દરેક પ્રાન્તની પોતાની પાર્લામેંટ છે. ઇંગ્લેન્ડના શેહનશાહનો પ્રતિનિધિ આ મુલકનો વાઇસરોય છે. કેળવણીની બાબદમાં આ દેશ ખાસ કાળજી રાખેછે અને તે પર મોટી રકમ ખરચાય છે.

શેહેરો—ઓટાવા, રાજધાની. ટરંટો, કેળવણીમાં આગળ વધેલું તથા પાઠશાળા માટે જાણીતું. કિંગ્એક, ઇતિહાસિક શેહેર તથા રમણીક દેખાવ માટે. મોનટ્રીલ, વેપારનું મોટું મથક. હેમીલટન, ફળોનો મોટો વેપાર. હેલીફાકસ, દરિયાઇ લશકરનું મથક. સેંટ્જોન, મોટું બંદર તથા વહાણ બાંધવાનો મોટો હુન્નર છે. લંડન, શ્રીમંત શેહેર છે.

યૂનાઇટેડ સ્ટેટસ

હકીકત—આ દેશ વેપાર અને શાસ્ત્ર નિયમિત ખીલવણીથી અજબ જેવી રીતે આબાદ થઇ, દુનિયાની હરોળમાં આવી ગયો છે. ખેતી, બનાવટ તથા ખનિજોએ આ દેશને દુનિયામાં હરીફાઈ વિનાનો કીધો છે. સો વરસની અંદર આ દેશે સુધારા તરફ ન કલ્પિ શકાય તેવાં પગલાં ભર્યાં છે. એનો વિસ્તાર ૩૫ લાખ ૫૭ હજાર ચો. માઇલ છે. એ લગભગ યૂરોપખંડ જેટલો છે.

સીમા—ઉત્તરે બ્રિટિશ અમેરિકા, પૂર્વે આટલાંટિક મહાસાગર, દક્ષિણે મેક્સિકો અને તેનો અખાત, પશ્ચિમે પાસિફિક મહાસાગર.

અખાત—મેક્સિકોનો અખાત દક્ષિણે તથા કેલીફોર્નીયાનો અખાત પશ્ચિમે છે.

ઉપસાગર—ડેલાવર ને ચેસાપીક, પૂર્વે; તથા સેન ફ્રાન્સીસ્કો, પશ્ચિમે છે.

ભૂશિર—કોડ, હેટેરાસ અને સેબલ. પુર્વમાં છે. પ્રીન્સ ઓફ વેલ્સ, પશ્ચિમમાં છે.

સામુદ્રધુની—જુઆનડી ફ્યુકા, વેંકુવર બેટ અને યૂનાઇટેડસ્ટેટસની વચ્ચે છે.

દ્વીપ—રોડ અને લોંગ, પૂર્વે અને સાનજુઆન પશ્ચિમે છે.

પર્વત—રોકી અને એપેલેચીઅનની હારો, પશ્ચિમે અને પૂર્વે છે.

નદી—હડસન, સસક્વેહાના અને પોટોમેક, આટલાંટિક મહાસાગરમાં પડે છે. મિસિસિપી, મેક્સિકોના અખાતમાં પડે છે. કાલોરેડો, કેલીફોર્નિયાના અખાતમાં પડે છે. સેક્રેમેન્ટો અને કોલંબિયા, પાસિફિક મહાસાગરમાં પડે છે.

આબોહવા—આ દેશમાં પણ દરેક પ્રકારની આબો હવા, સખત ઠંડીથી સખત ગરમી સુધીની, ભેજવાળી તથા તદ્દન સુક્કી, નજરે આવે છે. પૂર્વ ભાગમાં સખત ઉનાળો અને શિયાળો છે. પશ્ચિમ બાજુની હવા સુકકી અને ગરમ છે. પાસિફિક મહાસાગરના કિનારા તથા મેક્સિકોના અખાત તરફ ઘણો વરસાદ પડે છે. અહિંયાંની આબો હવામાં એકાએક ફેરફાર થઇ જાય છે.

પેદાશ—જવ, રાઈ, બાજરી, મકાઈ, ઘઉં, ચોખા, રૂ, અને ખાંડ મુખ્ય થાય છે. દરેક જાતનાં ઝાડો અહિંયાં પુષ્કળ છે તથા ફળોના ઝાડો તથા સુગંધી ઝાડો પણ ઘણાં છે.

ખનિજ—આ દેશના ખનિજની પેદાશ નહિ કલ્પિ શકાય તેવી છે કોયલાની ખાણો બહોળા વિસ્તારમાં છે. લોઢાંની ખાણના તો પહાડોના પહાડો છે; સોના અને રૂપાં ની ખાણો ઘણી છે અને તેમાંથી સારો જથ્થો નીકળે છે.

હુન્નર, વેપાર—ખેતી એ આ દેશનો મુખ્ય ધંધો છે. ઢોર ઉછેરવાનો, ખાણ ખોદવાનો તથા સુતરાઉ ગરમ કાપડ બનાવવાનો, સાંચાકામ તથા લાકડ કામ બનાવવાનો ઉદ્યોગ મોટા પાયા પર ચાલે છે. માછલી મારવાનો ધંધો પણ ઠીક ફેલાતો જાય છે. વેપાર કરવાનાં દરેક સાધનો હોવાથી મોટો વેપાર ચાલે છે. પરદેશ ખાતેનો વેપાર વધતોજ જાય છે. ચા, કાફી, દારૂ, રેશમ, તથા સુકા માલની મુખ્ય **આયાત** છે. મુખ્ય **નિકાશ** રૂ, અનાજ, લોખંડ અને પોલાદની ચીજો, તાંબુ, તંબાકુ તથા કેરોસીન તેલની છે.

લોકો ને રાજ્ય—કુલ્લે વસ્તિ સાત કરોડ ને સહાઠ લાખની છે. ઘણા ખરા લોકો અંગ્રેજ અને જર્મન જાતના છે. અંગ્રેજી ભાષા બોલાય છે. લગભગ ૮૦ લાખ સીધીઓ છે અને ત્રણ લાખ આ દેશના મૂળ વતનીઓ છે. ગોરી પ્રજામાં મોટો ભાગ પ્રોટેસ્ટંટ પંથી છે. કેળવણીપર મોટું ધ્યાન અપાય છે. જુદી જુદી વિશ્વ વિદ્યાલયો નામાંકિત છે. કેળવણીમાં આ દેશ હાલ આગળ વધતો જાય છે. રાજ્ય

પ્રજાસત્તાક છે. લોકોના ચુંટેલાઓ અને સેનેટ નામની બે સંસ્થાઓ કારોબાર ચલાવે છે. રાજ્યના વડાને પ્રેસીડેન્ટ કહે છે.

શેહેરો—વોશીંગટન, મુખ્ય શેહેર, દુનિયાના સૌથી સુંદર શેહેરોમાંનું એક અને વેપારનું મથક. ન્યુયોર્ક, દુનિયામાં વેપારનું બીજું શેહેર. ચીકાગો, અનાજ અને માંસનું દુનિયામાં મોટું મથક. ફીલાડેલફીઆ, ગરમ કપડાંના અને કોયલા તથા કેરોસીન તેલના મોટા વેપાર માટે. સેંટ લુઇ, આટો, લોઢું ને સાંચા કામનું વેપારી મથક. બોસ્ટન, વેપાર અને કેળવણીનું મોટું ધામ. બાલ્ટીમોર, રૂ, તંબાકુ અને કેરોસીન તેલની નિકાશ માટે. કલીવલેન્ડ, લોખંડ કામ તથા કેરોસીન તેલ સુધારવાનું મથક. બફેલો, અનાજ અને ઇમારતી લાકડાનું મથક. સેન ફ્રાનસીસ્કો, અનાજ, ફળો અને સોનાંની નિકાશ માટે. સિનસિનેટી, ડુક્કરનાં માંસ અને ખેડુતોનાં ઓજારો માટે. પીટસબર્ગ, લોઢાંના કામ માટે. ન્યુઓર્લીન્સ, રૂ અને ખાંડનું સૌથી મોટું બજાર.

મેકિસકો.

હકીકત—આ ભાગ આગળ એક મોટું રાજ્ય હતું અને તે સ્પેનને તાબે હતો પણ તે સ્પેનની ઝુસરી ફેંકી દઇ સ્વતંત્ર થએલો છે. આ મુલક બહુ પહાડી છે અને દુનિયાના સૌથી ઉંચા જ્વાળામુખી પર્વતો એમાં આવેલા છે. ગરમ, નમ અને

સુક્કી તથા ઠંડીવાળી ત્રણુ જાતની આબો હવા એ ભાગમાં છે, પણ ફક્ત બે મોસમો ગરમી અને વરસાદની છે.

સીમા—ઉત્તરે યુનાઇટેડસ્ટેટસ, પૂર્વે મેક્સિકોનો અખાત, દક્ષિણે મધ્ય અમેરિકા અને પશ્ચિમે પાસિફિક મહાસાગર.

પર્વત—ઓરીઝાબા અને પોપોકેટેપેટલ, મુખ્ય જ્વાળામુખી પર્વતો છે.

પેદાશ—જાત જાતનું ઇમારતી લાકડું પુષ્કળ છે, કેમકે જંગલો ઘણાં છે ખાંડ, કેળાં, વેનીલા અને કોકો મોટા જથ્થામાં થાય છે. રૂ, ગુંદ, તંબાકુ, ઘઉં, બાજરી તથા મકાઈ પણ સારાં પ્રમાણુમાં ઉગે છે.

ખનિજ—ખનિજની બાબતમાં આ ભાગ દુનિયામાં સૌથી શ્રીમંત છે. અહિંયાં રૂપાંની મોટી ખાણો ઉપરાંત સોનાંની ઘણી ખાણો છે. તાંબુ પણ થોડું મલે છે.

ઉદ્યોગ, વેપાર—મુખ્ય ઉદ્યોગ ખાણુ ખોદવાનો તથા ખેતીનો છે. વેપાર માટે રેલવેનું સાધન બહોળા પ્રમાણુમાં નથી. રૂપું, શણુ, ગુંદ, ચામડાં અને અબનુસના લાકડાંની મુખ્ય નિકાશ છે, જ્યારે પરદેશથી સુતરાઉ કાપડ ને સાંચા કામ મુખ્ય આવે છે.

લોકો—વસ્તિ લગભગ એક કરોડ ને ચાલીસ લાખની છે. લોકો સ્પેનીશ જાતના અથવા વર્ણશંકરો છે. ભાષા સ્પેનીશ છે. અસલના વતનીઓની સંખ્યા ઘટતી જાય છે.

શહેરો—મેક્સિકો, મુખ્ય શહેર, ઘણું સુંદર તથા શ્રીમંત છે. ગુઆડલજારા, સુતરાઉ, ગરમ કાપડની બનાવટ માટે. પ્યુબલા, ઉદ્યોગ હુન્નરનું મથક. વેરાક્રુઝ, બંદર.

મધ્ય અમેરિકા.

હકીકત—જમીનનો આ નાનો ભાગ મેક્સિકો અને પનામાની સંયોગી-ભૂમિ વચ્ચે આવેલો છે. એમાં નાનાં નાનાં પ્રજાસતાક રાજ્યો છે. નાના નાના જ્વાળામુખી પર્વતો પણ અહિંયાં ઘણા છે, ફાટી વારંવાર મોટું નુકશાન થાય છે. અહિયાંની ઋતુ મેક્સિકોના જેવી છે.

પેદાશ અને વેપાર—આખો ભાગ ઘણો ફળદ્રુપ છે. મુખ્ય પેદાશ, બુંદ, કોકો, ખાંડ, ગળી, તંબાકુ અને કેળાંની છે.

જંગલોમાં અબનુસનાં ઝાડો અને સુગંધી ઝાડો પુષ્કળ થાયછે. ખનિજમાં રૂપાંની અને સોનાંની ખાણોછે. મુખ્ય નિકાશ, ગળી, કેળાં, બુંદ અને અબનુસનાં લાકડાંની છે.

શેહેરો—ન્યુગ્વાટેમાળા, આગળ મોટું શેહેર હતું. સેનસેલવેડોર અને સાનજોસી, બુંદના વેપાર માટે; મેનેગુઆ, સોનાંની ખાણ માટે. ટ્રુકઝીલો, બંદર છે.

પશ્ચિમ હિંદી દ્વીપો.

હકીકત—એ ઘણાં દ્વીપોનાં ગુચ્છળાં મળીને થયલો છે. એ ઉત્તર અને દક્ષિણ અમેરિકાની વચ્ચે છે. આ દ્વીપો વેપારની સારી સગવડો ધરાવેછે તથા ફળદ્રુપછે. બધે બધે પહાડોછે તથા અહિંયાં જ્વાળામુખી પર્વતો પણ છે. સખત ગરમી

પડેછે પણ પવનની લેહેકી તેની સખતાઇ લગાર ઓછી કરેછે. સુકી અને ચોમાસાંની ફકત બે મોસમો છે.

વિભાગો—હાઇટી સિવાય બધા ટાપુઓ યુરોપિયનોના છે. હાઇટીમાં બે પ્રજાસત્તાક રાજ્યો છે, જેમાંનું એક સીધીઓનું છે. અંગ્રેજોના ટાપુઓ: જમેકા, લીવર્ડ, વીન્વર્ડ, ટ્રીનીડાડ, બહામા છે. ફ્રેંચના: માર્ટિનીક અને ગ્વાડેલુપ છે. ડચ અને ડેન લોકોના નાના નાના થોડાક ટાપુઓ છે. યુનાઇટેડ સ્ટેટ્સનો પોર્ટોરિકોજ તથા કયુબાપર પણ તેની સત્તા છે.

પેદાશ—સઘળી જાતની વનસ્પતિ થાય છે. રૂ, કોકો અને તંબાકુ સારો થાયછે. શેરડી અને બુંદ ઘણાજ ઉંચા પ્રકારની થાય છે. ફળફળાદીમાં આ ભાગ આબાદ છે. અબનુસના લાકડાં મુખ્ય દોલત ગણાય છે.

વેપાર અને લોકો—મુખ્ય નિકાશ, ખાંડ, તંબાકુ, બુંદ, કોકો, રૂ, ફળાં અને મસાલાની છે. શેરડીના રસમાંથી રમ જાતનો દારૂ બનાવવામાં આવે છે. વસ્તિ ૬૫ લાખની છે. મુખ્ય જાત સીધીઓની છે. ભાષા સ્પેનીશ છે.

શેહેરો—હવાના, મોટું સુંદર શેહેર. સેનશિયાગો, બીજું મોટું શેહેર. કીંગ્સટન, વેપારી મથક. નસાઉ, માંદા માણસોને હવા ખાવાનું મોટું મથક. હેમીલટન, એરારૂટની મોટી પેદાશ માટે.

દક્ષિણ અમેરિકા.

હકીકત—આ ખંડ મોટો દ્વીપકલ્પ છે. જેમ જુની દુનિયામાં આફ્રિકા ખંડ મોટો દ્વીપકલ્પ તેમ નવી દુનિયામાં એ તેવો છે. એનો આકાર ત્રિકોણ છે; પણ તે ઘણોજ સાદો અને સહેલો છે. ઉત્તર અમેરિકા સાથે તે થોડો ઘણો મળતો આવે છે.

સીમા—ઉત્તરે આટલાંટિક મહાસાગર અને કેરેબિયન સમુદ્ર, પૂર્વે આટલાંટિક મહાસાગર, દક્ષિણે અને પશ્ચિમે પાસિફિક મહાસાગર.

વિસ્તાર—એની વધતામાં વધતી લંબાઇ ૪૫૫૦ માઇલ છે અને પહોળાઈ ૩૨૦૦ માઇલ છે. એનું ક્ષેત્રફળ ૬૫ લાખ ચો૰ માઇલ છે.

અખાતો—વેનેઝુએલા (Venezuela)—ઉત્તરમાં છે.
ડેરિયન (Darien)—કોલોંબિયાની વાયવ્યે છે.
પારિયા (Paria)—ટ્રીનીડાડ અને વેનેઝુએલાની વચ્ચે છે.
ગાયાકિવલ (Guayaquil)—એકવેડોરની પશ્ચિમે છે.

ઉપસાગરો—પનામા (Panama)—કોલોંબિયાની પૂર્વે છે.
બાહીઆ (Bahia) }
રીઆજેનેરો (Rie janeiro) } બ્રાઝીલની પૂર્વે છે.

સંયોગીભૂમિ—
મેગેલન (Magellan) દક્ષિણમાં ટેરાડેલફ્યુએગો અને ખંડની વચ્ચેછે.

દ્વીપો— **આટલાંટિક મહાસાગરમાં.**

ફૉકલૅન્ડ (Falkland)–પેટગાગોનિયાની પૂર્વે છે.

ટીએરાડેલફ્યૂએગો (Tierradel Fuego)—પેટગોનિયાની દક્ષિણે છે.

મેરેજો (Marajo)–પૂર્વ કિનારે, એમેઝોન નદી આગળ.

પાસિફિક મહાસાગરમાં.

જુઆન ફર્નાન્ડીઝ (Juan Fernandez)—ચીલીની પશ્ચિમે છે.

ગેલેપાગોસ (Galapagos)–એક્વેડોરની પશ્ચિમે છે.

ચીંચા (Chincha)–પેરૂની પશ્ચિમે છે.

ભૂશિરો—ગેલીનાસ (Gallinas)–કોલંબિયાની ઉત્તરે છે.

હોર્ન (Harn)–પેટગોનિયાની દક્ષિણે છે.

સેંટ રોક (St. Roque)—બ્રાઝીલની પૂર્વે છે.

પેરીના (Parina)–પેરૂની પશ્ચિમે છે.

પર્વતો—

એનડીઝ (Andes)—એ પનામાની સંયોગીભૂમિથી હોર્ન ભૂશિર સુધી છે. મુખ્ય શિખરો.

સોરાતા (Sorata)—બોલીવિયામાં છે.

પેરીમે (Parime)–એમેઝોન નદીથી ઓરીનોકો નદી સુધી છે.

જ્વાળામુખી પર્વતો—

ચીમબોરાઝો	(Chimborozo)	—એક્વેડોરમાંછે
કોટોપેક્ષી	(Cotopaxi)	

એકોંકાગુઆ (Aconcagua)—ચીલીમાં છે.

નદીઓ—મેગ્ડેલેના (Magdalena)—એનડીઝ પર્વતમાંથી નીકળી કોલોંબિયામાંથી વહી, કેરેબિયન સમુદ્રમાં પડે છે.

આટલાંટિક મહાસાગરમાં પડતી નદીઓ:

ઓરીનોકો (Orinoco)—વેનેઝુએલામાંથી વહે છે.

એમેઝોન (Amazon)—દુનિયામાં સૌથી મોટી નદી છે. એનડીઝ પર્વતમાંથી નીકળી, પેરૂ અને બ્રાઝીલમાંથી વહેછે.

સેન ફ્રાન્સીસ્કો (San Francisco)—બ્રાઝીલમાંથી વહેછે.

લાપલાટા (La Plata)—આરજેનટાઇનમાંથી વહે છે.

મદીરા (Madeira)—	બ્રાઝીલમાંથી વહી એમેઝોન નદીને મળે છે.
નીગ્રો (Negro)	

સરોવરો—

મેરેકાઇબો (Maracaybo)—વેનેઝુએલામાં છે.

ટિટિકાકા (Titicaca)—પેરૂની આગ્નિએ છે.

આબોહવા—આ ખંડમાં હવા, પવન અને ગરમી તેની આબોહવાને ફાંકડી બનાવવાને કાર્યભુત થઇ પડે છે. અહિંયાંની હવા

ગરમી અને ઠંડકની સમધારણ ભરી છે. ઉંચાઇના પ્રમાણમાં હવામાં ફેરફાર થાય છે દક્ષિણે ભારી વરસાદ પડે છે.

પેદાશ—શેરડી, ગુંદ, કોકો, તંબાકુ તથા કેળાં ઘણા મોટા જથ્થામાં થાય છે. દુનિયાંના કોઇપણ ભાગ કરતાં આ દેશ વનસ્પતિની પેદાશમાં ઉત્તમ છે. તાડ, ફુલનાં ઝાડો વિગેરે પુષ્કળ થાય છે. વહાણ બનાવવાનાં લાકડાંના ઝાડોની અસંખ્ય ઘટા છે. સીંકોના નામના ઝાડમાંથી કવીનીન બને છે. અહિંયાં વિક-ટોરયા રેજીના નામનું કમળનું ફુલ થાય છે તે દુનિયામાં સૌથી મોટું છે. જાનવરોમાં ટાપીર, લામા, આલપકા, પ્યુમા, જે-ગુઆર તથા વાંદરા મુખ્ય છે.

ખનિજ—ખનિજમાં આ દેશ આબાદ છે. સોનું, રૂપું, તાંબુ, કલાઇ અને બીજી ધાતુઓ સારા જથ્થામાં નીકળે છે. લગભગ નવ અબજ રૂપૈયાનું રૂપું આ દેશમાંથી નીકળી ચુકયું છે આ ખંડ કિમતી પથરાઓમાં પણ આબાદ છે. હીરા, લીલમ, વગેરે ઠીક નીકળે છે.

લોકો અને સુધારો—આ દેશની વસ્તિ આશરે સાડાત્રણ કરોડને આશરે છે. ખંડ પ્રમાણે વસ્તિ ઝાઝી નથી. અહિંના અસલ વતનીઓની સંખ્યા હવે ઝાઝી નથી. વસ્તિ લગભગ ખ્રિસ્તીઓ, વર્ણશંકરો, સીધીઓ અને અસલ વતનીઓની બનેલી છે. ખ્રિસ્તી પ્રજામાં સ્પેનીશ અને પોર્ટુગીઝ લોકો મુખ્ય છે. દક્ષિણ આફ્રિકાનાં બધાં રાજયો પ્રજા સતાક છે.

-રાજકિય વિભાગો.

ભાગો. મુખ્ય શહેર.

૧ કોલોમ્બિયા (Colombia)-બોગોટા (Bogata)

૨ વેનેઝુએલા (Venezuela)-કેરેકસ (Caracus)

૩ ગાયેના:

બ્રિટિશગાયેના (Br. Guiana)-જયોર્જ ટાઉન (George Town)

ફ્રેંચ ગાયેના (Fr. Guiana)-કાયેન (Cayenne

ડચ ગાયેના (Dutch Guiana)-પેરેમેરીબો (Para Maribo)

૪ બ્રાઝીલ (Brazil)-રીઓજેનેરો (Rio Janeiro)

૫ એક્વેડોર (Ecquador)—ક્વીટો (Quito)

૬ પેરૂ (Pero)—લીમા (Lima)

૭ બોલીવિયા (Bolivia) - સુક્રર (Sucre)

૮ ચીલી (Chili)—સેનટિયાગો (Santiago)

૯ પેરગ્વે (Paraguay)—એસનશન (Asuncion)

૧૦ ઉરૂગ્વે (Uraguay)—મોંટીવિડયો (Monte Video)

૧૧ આરજેનટીના (Argentina)—બોનસએરીઝ (Buenos Ayres)

કોલોંબિયા.

હકીકત—આ ભાગ દક્ષિણ અમેરિકામાં સૌથી ઉત્તરે આવેલો છે. એની પશ્ચિમે આવેલી પનામાની નેહેર બાંધવાનો વિચાર રાખવામાં આવ્યો છે. તે થતાં દુનિયાના વેપારને મોટો ફાયદો થશે. આ ભાગને કોલંબ્મસ જેણે અમેરિકા ખંડ શોધી કાઢયો હતો તેનાં નામપરથી કોલોંબિયા કહેવામાં આવેછે. અહિં જુદી જુદી આબોહવા છે. વિસ્તાર ૫ લાખ ચો. માઇલ છે અને વસ્તિ ૪૦ લાખની છે.

વેપાર—સીંકોનાના ઝાડની છાલ, તંબાકુ, રૂ, ખુંદ, કોકો અને રૂપાંની કાચી ધાતુની મુખ્ય નિકાશ છે; અબનુસ અને સેડારના ઝાડો પુષ્કળ થાય છે.

શેહેરો—બોગોટા, સુંદર મુખ્ય શેહેર. બેરેનક્વીલા, મુખ્ય બંદર. મેડેલીન, ખાણ ખોદવાનું મથક.

વેનેઝુએલા.

હકીકત—એ ભાગ કોલોંબિયાની પૂર્વે હોઇ, કેરેબિયન સમુદ્ર અને બ્રાઝીલની વચ્ચે છે. એમાં કાસીક્વીએરની કુદરતી નેહેરછે. વિસ્તાર છ લાખ ૩૨ હજાર ચો. માઇલ છે. વસ્તિ ૨૦ લાખની છે. લોકો, સ્પેનીશો, સીધીઓ અને અસલના વતનીઓ છે.

પેદાશ અને વેપાર—બુંદ, કોકો, રૂ, તંબાકુ ને ખાંડનો મુખ્ય પાક છે. જંગલોમાંથી અબનુસ, સીસમ અને લોખંડી લાકડું પુષ્કળ મળે છે. બુંદ, કોકો અને ચામડાંની મુખ્ય નિકાશ છે.

શેહેરો—કેરેકસ, મુખ્ય શેહેર. ઇ. સ. ૧૮૧૨ માં ધર્તીકંપથી એ નાશ પામ્યું હતું. વેલેનશિયા, મોટું શેહેર. મેરેકાઇબો, મુખ્ય બંદર.

ગાયેના.

હકીકત—આ ભાગ બ્રાઝીલની ઉત્તરે અને આટલાંટિક મહાસાગરની દક્ષિણે છે. વિસ્તાર ૧ લાખ ૮૦ હજાર ચો. માઇલ છે. એ ત્રણ ભાગમાં વહેંચાયલો છે. એનો પૂર્વ ભાગ ફ્રેંચો ને, મધ્ય ડચ લોકોને તથા પશ્ચિમ અંગ્રેજોને તાબે છે. અહિંયાં વરસાદ ઘણો પડે છે. વસ્તિ સાડા   લાખની છે.

પેદાશ ને વેપાર—જંગલોમાં કિંમતી ઝાડો   માછલી ઘણી મળે છે તથા જંગલી જાનવરો પુષ્કળ છે. ખાંડ તથા મસાલાની મોટી પેદાશ છે અને તે પરદેશ જાય છે. સોનાંની ખાણો છે અને તેની પણ સારી નિકાશ છે.

શેહેરો—જ્યોર્જ ટાઉન, અંગ્રેજોનું મથક. પેરેમેરીબો, ડચ લોકોનું વેપારી શેહેર. કાયેન, ફ્રેંચોનું મુખ્ય શેહેર. ફ્રેંચ લોકોનો ભાગ અસુખાકારી ભર્યો છે અને અહિંયાં ફ્રાન્સના દેશ નિકાળ થયલાઓને રાખવામાં આવે છે.

બ્રાઝીલ.

હકીકત—આટલાંટિક મહાસાગરની પશ્ચિમે થતા વેનેઝુએલા અને ગાયેનાની દક્ષિણે આ ભાગ છે. આગળ એ પોર્ટુગીઝોને તાબે હતો પણ હાલ પ્રજાસત્તાક છે. ઋતુ ગરમ છે પણ ઉનાળો ઘણો ગરમ નથી. વિસ્તાર ૩૨,૨૦,૦૦૦ ચો૦ માઈલનો છે. વસ્તિનો છઠ્ઠો ભાગ ખ્રિસ્તીઓ છે.

પેદાશ ને વેપાર—બુંદ, રૂ, રબર, તંબાકુ ને ગુંદર મુખ્ય થાય છે. દુનિયામાં થતી બુંદનો અડધો ભાગ અહિંયાં થાય છે. કરેનુંબા તાડ નામનું ઝાડ અહિં થાય છે કે જેનો તેરથી ચૌદ રીતે ઉપયોગ થાય છે. ખનિજમાં પણ આ ભાગ આબાદ છે. હીરા અને સોનાંની ખાણો સારી છે તથા પારો અને તાંબુ પુષ્કળ નિકળે છે. મુખ્ય **નિકાશ** બુંદ, કોકો, કવીનીન, વેનીલા અને સારસાપેરીલાની છે.

શેહેરો—રીઓડીજાનેરો, મોટું વેપારી શેહેર. બાહિયા અને પર્નામબ્યુકો, મુખ્ય બંદરો છે.

એકવેડોર.

હકીકત—એ ભાગ સમતોષ કટિબંધ આગળ હોવાથી આ નામ પડ્યું છે. એ પાસિફિક મહાસાગરની પૂર્વે અને કોલોંબિયાની દક્ષિણે છે. વિસ્તાર એક લાખ ને વીસ હજાર ચોરસ માઇલનો છે. વસ્તિ ૧૦ લાખની છે. મુખ્ય વસ્તિ ઈંડયનોનીછે.

પર્વતો—પશ્ચિમે એંડીઝની હાર છે. ચીમબોરાઝો અને કોટોપેકસી જ્વાળામુખી પર્વતો છે, જેમાંનો છેલ્લો દુનિયામાં સૌથી ભયાનક જ્વાળામુખી છે.

પેદાશ ને વેપાર—મુખ્ય ઉદ્યોગ ખેતીનો છે. કોકો, રબર, ગુંદ, તથા સીંકોનાની છાલ ઠીક થાય છે. આ બધું પરદેશ જાય છે. સૌથી મોટી નિકાશ કોકોની છે.

શેહેરો— ક્વીટો મુખ્ય શેહેર અને સુંદર હવાનું મથક. ગાયાક્વીલ, મુખ્ય બંદર.

પેરૂ.

હકીકત—એ એકવેડોરની દક્ષિણે અને બ્રાઝીલની પશ્ચિમે છે. અહિ જુદી જુદી જાતની આબો હવા છે. વિસ્તાર છ લાખ ૯૫ હઝાર ચો. માઇલનો છે. વસ્તિ ૩૦ લાખની છે, જેમાં મુખ્ય જાત ઇંડયનોની છે.

પેદાશ ને વેપાર—સીકોના ઝાડની છાલ મોટા જથ્થામાં મળે છે. પણ રૂપું, સુરોખાર અને દરિયાઇ પક્ષીઓના હગારના ખાતરની મુખ્ય કિમતી પેદાશ છે. આ બધું પરદેશ જાય છે. મેંઢાં અને આલપકા નામનાં હરણનું ઉન ઘણું મળે છે.

શેહેરો—લીમા, મુખ્ય શેહેર, સર્વથી જુનું અને મોટું વેપારી મથક. આરકવેપા, ઇ. સ. ૧૮૬૮ના ધર્તિકંપમાં નાશ પામ્યું હતું. કેલાઓ, બંદર છે. કુઝકો, અસલની રાજ્યધાની. અહિયાં સૂર્ય નારાયણનાં મંદીરનું રમણીક ખંડિયેર છે.

બોલીવિયા.

હકીકત—એ પેરૂની અગ્નિએ આવેલો છે. વિસ્તાર ૫૯,૫૦૦ ચો. માઇલનો છે. વસ્તિ સાડા અઢાર લાખની છે. લોકોનો અડધો ભાગ ઇંડયનો છે.

પર્વત—એંડીઝનું મુખ્ય શિખર સોરેટા અહિંયાં છે.

પેદાશ ને વેપાર—મુખ્ય ઉદ્યોગ ખેતી અને ખાણુ ખોદવાનો છે. ચોખા, જવ, મકાઇ, રૂ, ખુંદ, કોકોને ગળી સારા જથ્થામાં થાય છે. ખનિજમાં મુખ્ય રૂપાંની ખાણુછે. સુરોખાર અને તાંબુ પણ ઠીક મળી આવે છે. દરેક પેદાશની નીકાશ છે.

શેહેરો—સુક્રર, મુખ્ય શેહેર અને વેપારનું મથક. લાપાઝ, મોટું વેપારી શેહેર, પોટોસી. આગળ અહિંયાંની રૂપાંની ખાણો વખણાતી હતી

ચીલી.

હકીકત—આ ભાગ એંડીઝ પર્વત અને પાસિફિક મહાસાગરની વચ્ચે પેરૂથી હોર્ન ભૂશિર સુધી છે. વિસ્તાર ૨,૯૭,૦૦૦ ચો૦ માઇલનો છે. વસ્તિ ૩૦ લાખની છે. ઉત્તરમાં ભાગ્યેજ વરસાદ પડે છે. અહિંયાં ઘણી ઠંડી ઋતુ છે તથા લોકો ઘણા ઉદ્યોગી છે.

પર્વત—એકોંકાગુઆ, જ્વાળા મુખી પર્વત છે.

પેદાશ ને વેપાર—મુખ્ય ઉધ્યોગ ખેતીનો અને ખાણુ ખોદવાનો છે. ઘઉં, બાજરી, શેરડી અને રૂ ઠીક પાકે છે. સુરો ખાર,

તાંબુ ને ઘઉંનો મુખ્ય નિકાશ છે. આ ભાગ વેપારથી વધુ સાહસીક અને આબાદ છે.

શેહેરો—સેનશિયાગો, મુખ્ય શેહેર અને વેપારી મથક. વાલપરીસો, મુખ્ય બંદર.

પેરેગ્વે.

હકીકત—પરાના નદી આગળ, દક્ષિણ અમેરિકાની મધ્યમાં આવેલું આ નાનકડું રાજ્ય છે. એનો વિસ્તાર ૧ લાખ ૪૦ હજાર ચો૦ માઇલનો છે. વસ્તિ લગભગ છ લાખની છે. હાલમાં અહિંયાંની સરકાર પરદેશ ગમન કરનારાઓને ઠીક લલચાવે છે.

પેદાશ ને વેપાર—પેરેગ્વેમાં ચાનો સારો પાક છે. મુખ્ય નિકાશ ચામડાં, ચોખા, ઘઉં, ખાંડ અને મેટી નામનાં પાંદડાંના ભુકા ની છે.

શેહેર—એશેનશન, મુખ્ય શહેર છે.

ઉરૂગ્વે.

હકીકત—આટલાંટિક મહાસાગર અને ઉરૂગ્વે નદીની વચ્ચે મધ્યમાં આવેલો આ નાનો પ્રદેશ છે. વિસ્તાર ૭૪,૦૦૦ ચો. માઇલનો છે. વસ્તિ લગભગ દશ લાખ જેટલી છે. લોકો મુખ્ય ભાગે વર્ણશંકરો છે.

પેદાશ ને વેપાર—ઢોર ઉછેરવાનો ધંધો મુખ્ય છે, પણ હાલમાં ખેતી તરફ સારૂં ધ્યાન અપાય છે. અહિંયાંનો પાક પરદેશ જાય છે

અને તેમાં ઉન, ચામડાં, ચરબી અને આંથેલું માસ મુખ્ય છે. અનાજમા ઘઉં અને મકાઇ પાકે છે.

શેહેરો—મોંટીવિડયો, મુખ્ય શેહેર અને બંદર. પયસેનડુ, આંથેલા માંસનો મોટો વેપાર.

આરજેનટીના.

હકીકત—એંડીઝ પર્વતના પૂર્વ ઢળાણ તરફ, ખંડની દક્ષિણે આવેલા નાનકડાં રાજયોનું આ એક રાજય બનેલું છે. જમીન મોટે ભાગે સપાટ છે. વિસ્તાર પાંચ લાખ ચોરસ માઇલનો છે તથા વસ્તિ ૫૦ લાખની છે. આ રાજ્યમાં પેટેગોનિયાનો ઉજ્જડ અને વેરાન પ્રદેશ પણ સામેલ કરવામાં આવેલો છે.

પદાર્થ ને વેપાર—ઢોર અને ઘેટાં ઉછેરવાનો ધંધો મુખ્ય છે. અહિંયાંથી ઉન પરદેશ ખાતે પુષ્કળ જાય છે. ઘઉં પણ ઠીક પાકે છે. ઉન, ઘઉં ચામડાં, આંથેલું માસને ચરબીની મુખ્ય **નિકાશ** છે.

શેહેરો—બોનસએરીઝ, મુખ્ય શેહેર. રોઝારિયો, મોટું બંદર. કારડોવા, મોટું શેહેર.

ઓશિયાનિયા. (Oceania)

હકીકત—ઓશિયાનિયાને દુનિયાનો છટ્ઠો ખંડ કહેવામાં આવે છે. એ ખંડ પાસિફિક મહાસાગરના ટાપુઓના ગુચ્છાઓ મળીને થયલો છે.

ભાગો—એનાં ત્રણ ભાગો છે.

૧ ઓસ્ટ્રેલેશિયા (Australasia) ૨ પોલીનેશિયા Polynesia) ૩ મલાયશિયા (Malaysia).

---

૧ ઓસ્ટ્રેલેશિયા.

ભાગો—એ મુખ્ય ત્રણ ટાપુઓ મળીને થયલો છે ૧ ઓસ્ટ્રેલિયા. ૨ ટેસ્મેનિયા અને ૩ ન્યુઝીલંડ.

ઓસ્ટ્રેલિયા. (Australia)

હકીકત—આ ટાપુ દુનિયામાં સૌથી મોટો છે. એ તદ્દન વિચિત્ર છે કેમકે અહિંયાની ચીજો દુનિયાની બીજી ચીજોથી ઉલટી છે એનો વિસ્તાર ટેસમેનિયા સાથે ૩૦ લાખ ચો. માઇલ છે આકાર સાદો છે તથા હવા સુકી ગરમ છે. વસ્તિ લગભગ ૩૮ લાખ જેટલી છે. યૂરોપખંડમાંથી આવેલા ખ્રિસ્તીઓએ આ ભાગ વસાવેલો છે. અસલના વતનીઓની સંખ્યા ઘટતી જાય છે.

સીમા—ઉત્તરે ટોરેસની સંયોગીભૂમી; પૂર્વે પાસિફિક મહાસાગર દક્ષિણે દક્ષિણ મહાસાગર અને પશ્ચિમે હિંદી મહાસાગર.

વિભાગો—એના પાંચ વિભાગો કરવામાં આવેલા છે. ૧. વિક્ટોરિયા, ૨. ન્યુસાઉથવેલ્સ, ૩. ક્વીન્સલેન્ડ, ૪. દક્ષિણ ઓસ્ટ્રેલિયા, ૫. પશ્ચિમ ઓસ્ટ્રેલિયા.

અખાતો—

કારપેન્ટેરિયા (Carpentaria)—ઉત્તરમાં છે.

કેમબ્રીજ (Cambridge)—વાયવ્યે છે.

એક્સમાઉથ (Exmouth)—પશ્ચિમમાં છે.

સ્પેનસર (Spencer)—દક્ષિણમાં છે.

ઉપસાગરો—

શોર્ક (Shork)—પશ્ચિમમાં છે.

ગ્રેટ ઓસ્ટ્રેલિયન (Great Australian)—દક્ષિણમાં છે

હેલીફાક્સ (Halifax)—ઉત્તરમાં છે.

સામુદ્રધુની—

બાસ (Bass)—ઓસ્ટ્રેલિયા અને ટસમેનિયાની વચ્ચે.

ટોરેસ (Torres)—ઓસ્ટ્રેલિયા અને ન્યુ ગીનીની વચ્ચે.

ભૂશિરો—

યોર્ક (York)—ઉત્તરમાં છે.

બાયરન (Byron)—પૂર્વમાં છે.

વીલસન (Wilson)—દક્ષિણમાં છે.

સ્ટીપ (Steep)—પશ્ચિમમાં છે.

પર્વતો—

બ્લુ (Blue)—ન્યુ સાઉથ વેલ્સની પૂર્વે છે.

ઑસ્ટ્રેલીઅન આલ્પસ As. Alps } વિક્ટોરિયાની પૂર્વે છે.

નદીઓ—

ફ્લીનડર્સ (Flinders)—કાર્પેન્ટેરિયાના અખાતમાં પડે છે.

મરે (Murray)—એન્કાઉન્ટર ઉપસાગરમાં પડે છે.

બ્રિસબેઇન (Brisbane)—મોરેટન અખાતમાં પડે છે.

સરોવરો

આયર (Eyre)—ઉત્તરમાં છે.

ટોરેન્સ (Torrens)—દક્ષિણમાં છે.

ગેર્ડનર (Gairdner)—પશ્ચિમમાં છે.

પેદાશ—જુદી જુદી જાતનાં અનાજો, ઝાડો પુષ્કળ થાય છે. દરેક જાતનાં જાનવરો ઘણાં છે. સોનાની, કોયલાની, કલાઇની અને તાંબાની ખાણો છે.

વેપાર—મુખ્ય ધંધો ઘેટાં ઉછેરવાનો, ખેતી કરવાનો તથા ખાણુ ખોદવાનો છે, ઉન, ઘઉં, સોનાં અને તાંબાની મુખ્ય **નિકાશ** છે. મુખ્ય **આયાત** સુતરાઉ ગરમ કાપડ, લાકડાં અને લોઢાંની છે.

શેહેરો—મેલબોર્ન સૌથી મોટું શેહેર. પાઠશાળા અને મોટી ઇમારતો માટે, સીડની, સૌથી જુનું પ્રખ્યાત શેહેર. બ્રિસબેર્ન, બંદર. એડીલેડ, વેપાર, ઉદ્યોગનું મથક પર્થ, સોનાંની ખાણનું મથક છે.

ટેસમેનીઆ. (Tasmania.)

હકીકત—આ ટાપુ આગળ દેશનિકાલ થયલાઓને માટે રાખવામાં આવ્યો હતો. ઇ૦ સ૦ ૧૬૪૨ માં ટેસમેન નામના એક ડચે તે શોધ્યો હતો. તેનાપરથી આ નામ પડ્યું છે. આ પહાડી મુલક છે. હવા સાધારણ છે. વસ્તિ ૧ લાખ ૮૦ હઝારની છે. મુખ્ય નિકાશમાં તાંબુ, ઉન, કલાઇ, સોનું રૂપું છે

શેહેર—હોબર્ટ, મુખ્ય શેહેર છે.

ન્યુઝીલાંડ (New Zealand.)

હકીકત—આ ભાગ પણ ટેસમેન શોધ્યો હતો. એ બે ભાગો મળીને થયલો છે. મુલક પહાડી છે. જ્વાળામુખી પર્વતો તેમજ ગરમ પાણીના ઝરા ઘણા છે. હવા સારી છે અને જમીન ફળદ્રુપ છે. કોયલાની ખાણો ઘણી છે. મધ્ય ભાગમાંથી સોનું મળે છે. આ ટાપુનું એક જાતનું ઉન વખણાય છે. અસલ વતનીઓ મલાય જાતનાં છે. હાલમાં ઘણા યુરોપિયનો છે. અસલ વતનીઓ પોતાના

શરીરપર છુંદણાં પાડતાં હતા, પણ હાલમાં સુધારો થવા લાગ્યો છે. રાજ્ય પ્રજાસત્તાક છે. ઉન, આંથેલું માંસ અને સોનાની મુખ્ય નિકાશ છે.

શેહેરો—વેલીંગ્ટન, રાજધાની છે. ઓકલેન્ડ, આગળની રાજધાની.

---

૨ પોલીનેશિયા.

હકીકત— એમાં મેલેનશિયા, માઇક્રોનેશિયા તથા [illegible]ના દ્વીપો આવેલા છે ઋતુ ખુશનુમાં છે. તાપ સખત નથી. જમીન ફળદ્રુપ છે. લોકો મલાય જાતના કદાવર અને જબરા છે. નાળિયેર, આદુ, કંદ, કેળાં વગેરે મુખ્ય થાય છે. ડુક્કરો, કુતરાં, ઉંદરો મુખ્ય જાનવરોમાં છે.

ટાપુઓ—સેન્ડવીચ ટાપુઓ છે. જેમાં હવાઇ, મુખ્ય છે.

મુખ્ય શહેર હોનોલુલુ, મોટું વેપારી શહેર છે.

ફ્રેન્ડલી ટાપુઓ ઓસ્ટ્રેલિયાની પૂર્વે અને સેમાંઓ, ફ્રેન્ડલી ટાપુની ઇશાને છે.

સોસાયટી ટાપુઓમાં ટાહિટી, મુખ્ય છે.

મારકેસસ, સોસાયટી ટાપુની ઇશાને, ફ્રેંચને તાબે છે.

મેલેનશિયાના ટાપુઓ ઓસ્ટ્રેલિયાની ઇશાને છે અને ત્યાંના કાળા રહેવાસીઓ પરથી આ નામ પાડયું છે.

ન્યુ ગીની ઓસ્ટ્રેલિયાની ઉત્તરે છે. આ ભાગ દુનિયામાં સર્વથી ઓછો જણાયલો છે, અહિંનાં ખુબસુરત પક્ષીઓ ઘણાં વખણાય છે. ડચને તાબે પશ્ચિમ, ઇંગ્લાંડને તાબે અગ્નિ અને જર્મનીને તાબે ઈશાન બાગો છે.

બીસમાર્ક આર્કિ પેલેગો, ન્યુ બ્રિટનનું નવું નામ છે. એ જર્મનીના હાથમાં છે. અહિંના રહીશો જંગલીઓ છે.

સોલોમોન ટાપુઓમાં જવાળા મુખી પર્વત છે. અહિંનાં ઝાડો ઘણાં મોટાં અને સારાં થાય છે. આખો ભાગ એક ટાપુ સિવાય અંગ્રેજોને તાબે છે.

ફીજી ટાપુઓ, ઉત્તર તરફ છે અને અંગ્રેજોના હાથમાં છે. અહિયાં જંગલો ઘણાં છે તથા જમીન ફળદ્રુપ છે.

માઇક્રોનેશિયા. નાના નાના ટાપુઓ મળી થયલો છે. જેમાંના ગીલબર્ટ, માર્શલ, કેરોલાઇન્સ અને મેરીઅના, મુખ્ય છે. આ ટાપુઓ ઇંગ્લાંડ, જર્મની અને યુનાઇટેડ સ્ટેટસને તાબે છે. અહિયા નાળિયેરનો પાક સારો થાય છે.

---

૩ મલાયશિયા

હકીકત—આ ટાપુઓને ઘણાકો એશિયાને લગતા ધારે છે, કેમકે એ એશિયા અને આસ્ટ્રેલિયાની વચ્ચે છે. આ ટાપુઓનું નામ ત્યાંના રહેવાસીઓની જાતપરથી પડયું છે. આ ટાપુઓ મસાલાની ઉત્તમ પેદાશ માટે જાણીતા છે.

દ્વીપો—એ ભાગ પાંચ ટાપુઓનું ગુંચ્છળું મળીને થયલો છે.

૧ સંડાદ્વીપો—એમાં સુમાત્રા, જાવા, અને બેંકા મુખ્ય દ્વીપો છે. સુમાત્રામાં, મરી, તથા જાવામાં, ચોખા, કાફી, ખાંડ ને સાગેલાલાકડાં મુખ્ય થાય છે. આ બધા ડચ લોકોને તાબે છે. ફક્ત સુમાત્રાનો થોડોક ભાગ ત્યાંના દેશીઓને તાબે છે.

૨ બોર્નિયો, એમાં સેરવેક અને લેબુઅન ટાપુઓ અંગ્રેજના છે. અને પોનટીએનેક, ડચનો મુખ્ય છે. આ ટાપુમાંથી હીરા અને સોનું નીકળે છે.

૩ ફીલીપાઇન-આ ટાપુઓ ઘણા છે. મોટો ટાપુ લુઝોનનો છે. એ આગળ સ્પેનને તાબે હતો. લુઝોનનું મુખ્ય શેહેર મનીલા છે. જ્યાંની ચીરૂટ વખણાય છે. ચોખા, ખાંડ, તંબાકુ, અને શણ મુખ્ય નિકાશ છે.

૪ સેલીબીસ-એમાં મેકેસરનું મોટું સંસ્થાન ડચ લોકોનું છે. ચોખાનો પાક મુખ્ય છે અને ચીનાઓ જે પક્ષિઓના માળા ખાય છે, તે અહિંથી જાય છે.

૫ મોલક્કા અથવા મસાલાના દ્વીપો ડચને તાબે છે. અહિં તેજાનો પુષ્કળ અને સારા ઉગે છે. એમબોયના અને બનડા, મુખ્ય ટાપુઓ છે.

પરચુરણ જાણવાજોગ

ખંડો—સૌથી મોટો ખંડ એશિયા અને સૌથી નાનો યુરોપ છે. વસ્તિમાં મોટો એશિયા અને ઓછો દક્ષિણ અમેરિકા છે. ગીચ વસ્તિવાળો યુરોપ છે. સુધારામાં વધેલો યુરોપ અને જંગલી આફ્રિકા છે.

રાજ્ય—વિસ્તારમાં સૌથી મોટું અંગ્રેજનું રાજ્ય છે, તે પછી રૂશિયાનું અને તેથી ઉતરતું ચીનાઇ રાજ્ય છે. વસ્તિમાં ચીનાઇ રાજ્ય ચઢતું છે અને તેથી ઉતરતું અંગ્રેજનું રાજ્ય છે.

શેહેરો—દુનિયામાં સૌથી મોટું લંડન અને તેથી ઉતરતું પેરીસ છે. સૌથી રંગીલું શેહેર પેરીસ છે.

દ્વીપો—સૌથી મોટો દ્વીપ ઓસ્ટ્રેલિયા છે, તેથી ઉતરતા ગ્રીનલેંડ અને ગ્રેટ બ્રિટન વગેરે છે.

પર્વતો—ઉંચાઇમાં સૌથી મોટો પર્વત હિમાલય છે અને સૌથી લાંબો પર્વત એનડીઝ છે.

નદીઓ—સર્વથી મોટી નદી એમેઝોન છે અને સૌથી લાંબી મિસિસિપી છે.

સરોવરો—સર્વથી મોટું મીઠાં પાણીનું સરોવર સુપીરીઅર છે અને ખારા પાણીનું કાસ્પીઅન છે.

મહાસાગરોમાં પડનારી મોટી નદીઓ

આટલાંટિકમાં—ટેમસ, ગ્વાડલકિવવર, સેનીગાલ, ગેમબિયા, કોંગો ઓરેંજ, એમેઝોન અને સેન ફ્રાન્સીસકો.

ઉત્તર મહાસાગરમાં—ઓબી, એનીસી, લેના, મેકેનઝી અને યુકન.
પાસિફિકમાં—સેક્રેમેન્ટો અને કોલંબિયા.
ભૂમધ્યમાં—ઇબ્રો અને નાઇલ.

મોટાં રાજ્યના મુલકો

ઇંગ્લાંડના મુલકો.

યૂરોપમાં—ગ્રેટ બ્રિટન, આયર્લૅન્ડ, જીબ્રાલ્ટર અને માલ્ટા.

એશિયામાં—હિંદુસ્તાન, બર્મા, સીલોન, એડન, સાઇપ્રસ, સંયોગી-ભૂમી સંસ્થાનો, લેબુઅન અને હોંગકોંગ. એશિયામાં કુલ્લે ૨૯ કરોડ અને ૯૬ લાખ લોકો તાબે છે.

આફ્રિકામાં—સીએરાલીઓન, નાઇજેરિયા, ગીનીના અખાતની ઉત્તરે. સેંટ હેલીના અને એશનસન, આટલાંટિક મહાસાગરમાં. કેપકોલોની, નેટલ, ઓરેંજ રીવર કોલોની, ટ્રાન્સવાલ, રોડેસિયા, દક્ષિણમાં. બ્રિટિશ પૂર્વઆફ્રિકા, મોરીશીઅસ, અને સોકોટ્રા પૂર્વમાં છે. તાબેદાર ખંડિયા મુલકોસાથે કુલ્લે વસ્તી સાડાત્રણ કરોડની તાબે છે.

અમેરિકામાં—કનેડા અને ન્યુફાઉન્ડલેન્ડ ઉત્તરમાં. હોનડ્યુરાસ, મધ્ય અમેરિકામાં. પશ્ચિમ હિંદી દ્વીપો. બ્રિટિશ ગાયેના, દક્ષિણ અમેરિકાની ઉત્તરે અને ફોકલેન્ડ ટાપુઓ, દક્ષિણ અમેરિકાની અગ્નિએ. કુલ્લે વસ્તી ૭૬ લાખ ૫૫ હઝાર તાબે છે.

ઓશિયાનિયામાં—ઓસ્ટ્રેલિયા, ટસ્મેનિયા, ન્યુઝીલાંડ, ફીજી, સોલો મોન ટાપુઓ, ઉત્તર બોર્નિયો અને ન્યુ ગીનાનો થોડો ભાગ. કુલ્લે વસ્તિ ૫૫ લાખ તાબે છે.

રૂશિયા.

રૂશિયાના રાજ્યમાં એશિયાનો ત્રીજો ભાગ અને યુરોપનો અડધો ભાગ સમાયલો છે. કુલ્લે વસ્તી તેર કરોડની છે. દુનિયામાં એ બીજું રાજ્ય છે. અને વસ્તીમાં ત્રીજુ છે.

જર્મન.

એ રાજ્યને તાબે પશ્ચિમ આફ્રિકામાં ટોગોલેન્ડ, કેમેરૂન, ડેમેરાલેન્ડ અને નેમેકવાલેન્ડ અને જર્મન પુર્વ આફ્રિકા છે. ઓશિયાનિયામાં નયુ ગીનીનો થોડો ભાગ, બીસ્માર્ક આર્કિપેલેગો અને બીજા નાના ટાપુઓ, કેરોલાઇન, મારશલ સેમોય ટાપુઓ. ચીનમાં, કીઓચઉ. કુલ્લે વસ્તી દોઢ કરોડ તાબે છે.

ફ્રાન્સ.

ફ્રાન્સનાં મુખ્ય રાજ્યો પરદેશમાં આ પ્રમાણે છે:—ઉત્તર આફ્રિકામાં અલજીરિયા. પશ્ચિમમાં, સેનીગાલ, નાઇજર અને

કોંગો રાજ્યો. દક્ષિણ અમેરિકામાં, કાયેન. હિંદી મહાસાગરમાં, મેડાગાસ્કર અને બુર્બો. હિંદુસ્તાનમાં પોંડીચેરી-માહી અને ચંદ્રનગર. હિંદીચીનમાં ટોંગકીંગ અને ફ્રેંચ કોચીન ચીન. પાસિફિક મહાસાગરમાં ન્યુ કેલીડોનિયા વગેરે. પશ્ચિમ હિંદી દ્વીપોમાં થોડાક નાના ટાપુઓ. કુલે વસ્તી પાંચ ક્રોડ ને પંદર લાખ તાબે છે.

અમેરીકાને તાબે ક્યુબા, પોર્ટોરીકો, ફીલીપાઇન દ્વીપો અને હવાઇ છે.

દુનિયાની પેદાશ.

ચોખા—બર્માં, હિંદુસ્તાન, કોચીન ચીન, સિયામ, ચીન, જાપાન અને યુનાઇટેડસ્ટેટસમાં મુખ્ય થાય છે.

ગુંદ—બ્રાઝીલ, જાવા, હિંદુસ્તાન, પશ્ચિમ હિંદી દ્વીપો અને અર્બસ્તાનમાં મુખ્ય થાય છે.

ખાંડ—પશ્ચિમ હિંદી દ્વીપો, યુનાઇટેડસ્ટેટસ, મધ્ય અમેરિકા અને બ્રાઝીલમાં મુખ્ય થાય છે.

કોકો—દક્ષિણ અમેરિકામાં એક્વેડોર, ટ્રીનીડાડ, વેનેઝુએલા અને બ્રાઝીલમાં તથા એશિયા અને આફ્રિકામાં થાય છે.

જુટ—બંગાળ (હિંદુસ્તાન)માં મુખ્ય થાય છે.

શણુ—ફીલીપાઇન દ્વીપો, યુનાઇટેડસ્ટેટસ, રૂશિયા અને પોલાંડમાં મુખ્ય થાય છે.

રૂ—યુનાઇટેડસ્ટેટસ, હિંદુસ્તાન, ચીન, ઇજીપ્ત અને બ્રાઝીલમાં મુખ્ય થાય છે.

રેશમ—ચીન, ઇટાલી, જાપાન, ફ્રાન્સ અને હિંદુસ્તાનમાં મુખ્ય થાય છે.

ચા—ચીન, આસામ, હિંદુસ્તાન, સીલોન, જાપાન, જાવા, સુમાત્રાને નેટલમાં મુખ્ય થાય છે.

તંબાકુ—યુનાઇટેડસ્ટેટ્સ, ક્યુબા, ફીલીપાઇન દ્વીપો, મેક્સિકો, જાવા, સુમાત્રા, હિંદુસ્તાન, કેપ કોલોની, સીલોન, તુર્કસ્તાન ઓસ્ટ્રીઆ હંગરી અને જર્મનીમાં મુખ્ય થાય છે.

અફીણ—હિંદુસ્તાન, ઇરાન, એશિયાઇ તુર્કસ્તાન અને ચીનમાં મુખ્ય થાય છે.

મકાઇ—ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં દક્ષિણ આફ્રિકા, મેક્સિકો અને રૂમેનિયામાં મુખ્ય થાય છે.

દ્રાક્ષ—ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, કેલીફોર્નિયા, ફ્રાન્સ, ઇટાલી, સ્પેન, પોર્ટુગાલ, ઓસ્ટ્રીઆ હંગરી અને જર્મનીમાં મુખ્ય થાય છે.

ઘઉં—ફ્રાન્સ, કેનેડા, રૂશિયા, હિંદુસ્તાન, હંગરી, ઇજીપ્ત, ઓસ્ટ્રેલિયા, [illegible] અને આરજેનટાઇનમાં મુખ્ય થાય છે.

ઊન—ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલાંડ, આરજેનટાઇન, દક્ષિણ આફ્રિકા ને હિંદુસ્થાનમાં મુખ્ય થાય છે.

ખાંડ (બીટરૂટની)—ફ્રાન્સ અને ઓસ્ટ્રીઆ હંગરીમાં મુખ્ય થાય છે.

ઓલીવ તેલ—ભૂમધ્ય સમુદ્રપર આવેલા દેશોમાં તથા દક્ષિણ અમેરિકા, મેક્સિકો અને કેલીફોર્નિયામાં મુખ્ય થાય છે.

ઇમારતી લાકડાં—નોર્વે, સ્વીડન, રૂશિયા, કેનેડા, યુનાઇટેડ સ્ટેટસ, હિંદુસ્તાન અને બરમામાં મુખ્ય થાય છે.

દુનિયાની ખાનેજ.

કાયલા—ગ્રેટ બ્રિટન, આયર્લૅન્ડ, યુનાઇટેડસ્ટેટસ, જર્મની, ફ્રાન્સ અને બેલજીઅમમાંથી મુખ્ય નીકળે છે.

લોઢું—ગ્રેટ બ્રિટન, આયર્લૅન્ડ, યુનાઇટેડસ્ટેટસ, રૂશિયા, સ્વીડન, ફ્રાન્સ, જર્મની અને સ્પેનમાંથી મુખ્ય નીકળે છે.

કલાઇ—મલાય દ્વીપકલ્પ, ઈંગ્લેન્ડ, પશ્ચિમ હિંદી દ્વીપો અને ઑસ્ટ્રે-લિયામાંથી મુખ્ય નીકળે છે.

સીસું—સ્પેન, યુનાઇટેડસ્ટેટસ, જર્મની, ગ્રેટબ્રિટન અને આય-ર્લૅન્ડમાંથી મુખ્ય નીકળે છે.

જસત—જર્મની, બેલજીઅમ, યુનાઇટેડસ્ટેટસ અને ગ્રેટ બ્રિટનમાંથી મુખ્ય નીકળે છે.

તાંબુ—યુનાઇટેડસ્ટેટસ, સ્પેન, ચીલી, જર્મની, ઑસ્ટ્રેલિયા, કેપ કાલોની અને જાપાનમાંથી મુખ્ય નીકળે છે.

સોનું—યુનાઇટેડસ્ટેટસ, ઑસ્ટ્રેલિયા, રૂશિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ અમેરિકા અને કેનેડામાંથી તથા હિંદમા આવેલી મહિસુરની 'કાલાર ફીલ્ડસ'માંથી મુખ્ય નીકળે છે.

રૂપું—યુનાઇટેડસ્ટેટસ, મેક્સિકા, બાલીવિયા, ચીલી, પેરૂ, ઑસ્ટ્રેલિયા અને જર્મનીમાંથી મુખ્ય નીકળે છે.

હીરા—કેપકાલોની, ટ્રાન્સવાલ અને બ્રાઝીલ તથા હિંદના ગોવલકોંડા માંથી નિકળે છે.

નીમક—ઇંગ્લેન્ડ, સ્પેન, હિંદુસ્તાન વગેરે આદિ દેશોમાં થાય છે.

કેરોસીન તેલ—યુનાઇટેડસ્ટેટસ. બાકુ (એશિયા) બરમા, કેનેડા અને બીજા દેશોમાં.

દુનિયાની મુખ્ય બનાવટ

રૂની બનાવટ ગ્રેટ બ્રિટન, યુનાઈટેડસ્ટેટસ, હિંદુસ્તાન અને જાપાનમાં મુખ્ય છે.

ઊનની ,, ગ્રેટબ્રિટન, યુનાઈટેડસ્ટેટસ, ફ્રાન્સ અને જર્મનીમાં મુખ્ય છે.

શણની ,, આયર્લેંન્ડ, સ્કૉટલેન્ડ, ફ્રાન્સ, બેલજીઅમ અને જર્મનીમાં મુખ્ય છે.

રેશમની ,, ફ્રાન્સ, જર્મની અને સ્વીટઝર્લેંન્ડ, ચીન તથા જાપાનમાં મુખ્ય છે.

જ્યુટની ,, સ્કૉટલેન્ડ અને બંગાળ (હિંદુસ્તાન) માં મુખ્ય થાય છે.

લોખંડના ,, ગ્રેટ બ્રિટન, યુનાઈટેડસ્ટેટસ, બેલજીઅમ અને જર્મનીમાં મુખ્ય થાય છે.

વહાણ બાંધવાનો હુન્નર ગ્રેટ બ્રિટન, યુનાઈટેડસ્ટેટસ, જર્મની, ફ્રાન્સ અને નોર્વેમાં મુખ્ય છે.

સમાપ્ત.

શુદ્ધિપત્ર.

પાનું	લીટી	ભુલ	સુધારો.
૧	૭	શે	છે
૩	૬	આવત્તાન	આવત્તના
૩	૭	ફેલાવા	ફેળાવા
૧૨	૨૧	વાલી	વાળી
૧૬	૪	આસ્ટ્રેલિયા	આસ્ટ્રેલિયા
૧૭	૨૦	,,	,,
૨૦	૪	દ્વિપ	દ્વીપ
૨૧	૧૨	રેલો	રેળો
૨૫	૧૬	એશિય	એશિયા
૨૮	૧૦	યુફ્રેનિસ	યુફ્રેટિસ
૨૮	૧૦	તિગ્રિસ	ટિગ્રિસ
૩૬	છેલ્લી	નો	વાનો
૩૯	૧૨	જાપાનીઝે	જાપાનીઓ
૫૨	છેલ્લી	ઇગલાંડ	ઈંગ્લેન્ડ
૫૩	૧૦	આયર્લાંડનો	આયર્લેન્ડ
૫૪	૧૨	ઝીલાંડ	ઝીલેન્ડ
૫૮	૬	બલગેરયાનાં	બલગેરિયાનાં
૫૮	૧૯	પડે	પડે છે
૬૧	૪	નીકલે છે	નીકળે છે
૬૪	૧૨	પશ્ચિયમ	પશ્ચિમ
૭૦	૯	ક્લિયર	કિલયર
૧૧૫	૧૩	હંડીના	હંડીમાં
૧૧૬	૪	પશ્ચિયમ	પશ્ચિમ
૧૧૬	૧૪	પગારનું	વેપારનું

પાનું	લીટી	ભૂલ	સુધારો
૧૧૬	૧૯	પશ્ચિમ આફ્રીકા	પશ્ચિમ આફ્રિકા
૧૧૭	૨	ખ્રીસ્તીઓ	ખ્રિસ્તિઓ
૧૧૭	૧૧	હયાં	અહિંયા
૧૧૭	૧૮	ગેમલીઆ	ગેમ્બીયા
૧૧૮	૧	ડોગોલેન્ડ	ટોગોલેન્ડ
૧૧૮	છેલ્લી	મુત્તિ પુજક	મુર્તિ પુજક
૧૧૯	૯	ગાર્ડાફુઈ	ગુઆર્ડાફુઈ
૧૧૯	૧૨	ખુણામાં	ખુણામાં
૧૧૯	૧૫	એબાસીનીઆ	એબિસિનિયા
૧૨૦	૪	ભુશીર	બુશીર
૧૨૦	૬	ઝેરો	ઝારો
૧૨૦	૨૧	પશ્ચિમે	પશ્ચિમે
૧૩૪	૨	ઇરાદે	ઇરાદો
૧૩૯	૩	કેલીફોર્નીયાનો	કેલીફોર્નિયાનો
૧૪૪	૧૭	બાહીઆ	બાહિયા
૧૪૮	૩	Bogata	Bogota
૧૫૧	૨	થતા	થઇ
૧૫૨	૨૦	રાજ્યધાની	રાજધાની
૧૫૩	૪	એંડીઝ	એનડીઝ
૧૫૭	૭	કારપેન્ટેરિયા	કારપેન્ટેરિયા
૧૫૮	૫	ઑસ્ટ્રેલીઅન	ઑસ્ટ્રેલિયન
૧૫૯	૫	ટેસ્મેનીઆ	ટેસ્મેનિયા
૧૬૧	૧૪	ઇંગ્લાંડ	ઇંગ્લેન્ડ
૧૬૪	૮	ઇંગ્લાંડના	ઇંગ્લેન્ડના
૧૬૫	૧૪	પુર્વ	પૂર્વ

કિંમતી અભિપ્રાયોમાંના બે નમુના.

મી. દીનશાહ કુંવરજી ભાગળીઆ..............આ રાજ્યની શાળાઓના ઉપયોગ સારૂ ભૂગોળ તૈયાર કરવા બદલનું તમારૂં મેન્યુસ્ક્રિપ્ટ આવેલું તે ઠરાવ નંબર $\frac{૧૨}{૨૯-૯-૧૦}$ થી ટેક્સ્ટ બુક તરીકે ....મંજુર કરવામાં આવે છે...............

વડોદરા,
૨૯—૯—૧૦

A. M. MASANI,
M. A; B. SC.,
વિદ્યાધિકારી
વડોદરા રાજ્ય.

મી૦ ભાગળીઆની ભૂગોળનું મેન્યુસ્ક્રિપ્ટ મેં જોયું છે અને મને તે ઘણું ઉપયોગી તથા કેળવણીખાતાં તરફના દરેક ઉત્તેજનને યોગ્ય જણાયું છે આ ભૂગોળ તદ્દન નવી પધ્ધતપર લખવામાં આવી છે અને બેશક ભૂગોળ જેવાં મહત્વનાં શિક્ષણમાં તે શિક્ષકો અને શિષ્યોમાં રસમય થઇ પડી, આ વિષય તરફ સારી ભાવના ઉત્પન્ન કરશે. કેળવણી ખાતાઓનાં ઉત્તેજનથી મી૦ ભાગળીઆ પોતાનાં આ પુસ્તકને નકશા આદિ દાખલ કરી, હજી વધુ ફાયદાકારક કરી શકશે.

વડોદરા,
૨૦—૯—૧૦

G. H. DESAI,
B. A., LL. B.
સેન્સસ સુપ્રિન્ટેન્ડન્ટ
વડોદરા રાજ્ય